CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હરિ:ૐ



મુક્તાત્માનો પ્રેમસ્પર્શ

-પૂજ્ય શ્રીમોટા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

8.4

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri



જન્મ : ૪-૯-૧૮૯૮] પૂજ્ય શ્રીમોટા [દેહત્યાગ : ૨૩-૭-૧૯૭૬

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હરિ: ૐ

મુક્તાત્માનો પ્રેમસ્પર્શ

પૂજ્ય શ્રીમોટા

સંપાદક
ડૉ. રમેશ મ. ભટ્ટ

હરિ: ૐ આશ્રમ પ્રકાશન, નડિયાદ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

- **પ્રકાશક** : હરિઃ ૐ આશ્રમ, પો. બો. ૭૪,
  નડિયાદ - ૩૮૭ ૦૦૧

- **આવૃત્તિ** : પ્રથમ : સપ્ટેમ્બર ૧૯૮૩ પ્રત ૨૦૦૦
  બીજી : ડિસેમ્બર ૧૯૯૩ પ્રત ૨૦૦૦

- **પૃષ્ઠ** : ૧૬ + ૧૪૩ + ૮ = ૧૬૭

- **કિંમત** : રૂ. ૧૧ - ૦૦ રાહત દર : રૂ. ૮ - ૦૦

- **પ્રાપ્તિસ્થાન** : (૧) હરિઃ ૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧
  (૨) હરિઃ ૐ આશ્રમ, જહાંગીરપુરા, સૂરત-૫

- **મુદ્રક** : તુષાર કે. પટેલ
  અર્થ કોમ્પ્યૂટર, ૬૫, દેવમંદિર સોસાયટી,
  ચાંદલોડિયા, અમદાવાદ - ૩૮૨૪૮૧
  ફોન : ૪૭૬૫૨૧

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હરિઃ ૐ

સમર્પણાંજલિ

જ્યારથી રંગ ઉદ્યોગ શરૂ કર્યો
ત્યારથી દર વરસે
પૂજ્ય શ્રીમોટાને પોતાની ફેક્ટરી પર
નિમંત્રીને પોતાનો ભાવ વ્યક્ત કરનાર;
તથા પૂજ્ય શ્રીમોટાએ હરિઃ ૐ આશ્રમ
દ્વારા પ્રેરેલ સમાજોત્થાનનાં કાર્યોમાં
ઉદારદિલથી અને પ્રેમભાવથી સહાય કરનાર;
૧૯૬૮થી પૂજ્ય શ્રીમોટાનો
પ્રથમ સમાગમ થયો ત્યારથી
આજ સુધી પૂજ્યશ્રીનો
પ્રેમસ્પર્શ અનુભવનાર,
શ્રી ઓચ્છવલાલ સી. શાહને (ઉષા પેઈન્ટ, વડોદરા)
તથા
એમનાં સામાજિક, ધાર્મિક તથા
સંસ્કારલક્ષી કાર્યોમાં સાથે રહેનાર,
પ્રેમાળ અને પ્રસન્નચિત્ત
શ્રીમતી મધુબહેન ઓચ્છવલાલ શાહને
પૂજ્ય શ્રીમોટાનું આ પુસ્તક અર્પણ,
કરતાં હર્ષ અનુભવીએ છીએ.

હરિઃ ૐ આશ્રમ
નડિયાદ

સી. ડી. શાહ
મેનેજિંગ ટ્રસ્ટી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હરિઃ ૐ

પૂજ્યશ્રીનો પ્રેમસ્પર્શ

(સંપાદકીય)

પૂજ્ય શ્રીમોટાને ૧૯૩૯ની રામનવમીએ બનારસમાં પ્રેમસ્વરૂપ પરમાત્માનો સાક્ષાત્કાર થયો. હૃદયસ્થ પ્રભુની સચરાચરતા અને સર્વસામર્થ્યનો એ અનુભવ જીવમાત્રના કલ્યાણ માટે અદ્યાપિ સક્રીય છે. પૂજ્ય શ્રીમોટાએ તા. ૨૩ મી જુલાઈ ૧૯૭૬ના રોજ દેહત્યાગ કર્યો. એ પૂર્વેની ક્ષણોમાં તેઓશ્રીએ પોતાને 'જીવતા પ્રાણી' તરીકે ન લેખવા જણાવેલું. અને કોઈપણ નિમિત્તે, કોઈપણ જીવનો એમની ચેતના પ્રતિ પોકાર થતાં, 'એનું જે તે ઉકેલી આપવાનું' અભયદાન આપેલું. એથી પૂજ્ય શ્રીમોટાના અક્ષર સ્વરૂપના સંગથી, કે અન્ય કોઈ પાસેથી તેઓશ્રીની કીર્તિગાથા સાંભળવાથી, આકર્ષાયેલા જીવાત્માને પૂજ્યશ્રીની પરમ- ચેતનાશક્તિએ ઓથ આપ્યા કરી છે એવો ઘણાંનો અનુભવ છે. પૂજ્ય શ્રીમોટાના પ્રત્યક્ષ પરિચયમાં ન આવ્યા હોઈએ છતાં આપણાં અંતઃકરણોને એમના હૃદયમાંથી પ્રગટેલા ચેતનશબ્દનો સ્પર્શ સૂક્ષ્મ રીતે થાય છે અને એમના સાન્નિધ્યમાં હોઈએ એવો આપણને અનુભવ કરાવે છે. અને જીવનનું મહત્ત્વ, જીવનનું ધ્યેય, જીવનની ઊર્ધ્વગતિ વિષે વિચારતા અને ચિંતવતા આપણે થઈએ છીએ.

પૂજ્ય શ્રીમોટાએ એમના એક નિકટના સાથીને ૧૯૪૫ થી ૧૯૫૭ દરમિયાન પત્રો લખેલા. એમાંથી કેટલુંક પ્રશ્નોત્તરરૂપે સંપાદિત કરીને અત્રે રજૂ કરતાં હર્ષ થાય છે. પૂજ્ય શ્રીમોટાએ ભલે કો'ક એક જ વ્યક્તિને સંબોધીને લખ્યું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હોય, પણ એમાંની અંગતતાનો સંદર્ભ બાદ કરતાં શેષ લખાણોમાં મનુષ્યના જીવનના ઉત્કર્ષ માટેનો એમનો પ્રેમ કાર્ય કરતો હોય છે. આ 'પ્રેમ' આપણે સૌ અનુભવીએ છીએ. પરંતુ એ પ્રગટ પરમાત્માનો પ્રેમ છે. એથી એમના શબ્દો અંગતતાને ઓળંગે છે. અને જે કોઈ વ્યક્તિ એ શબ્દો સાથે એકરૂપ થાય એનામાં રહેલા પ્રભુભાવને જાગ્રત કરે એવો એ પ્રેમ સમર્થ છે.

પૂજ્ય શ્રીમોટાની મુક્તાવસ્થા ઘણી ગૂઢ અને સૂક્ષ્મ છે. એથી વધુ ગહન તો તેઓશ્રીની પ્રેમચેતના દ્વારા થતી જીવસ્વભાવના રૂપાંતરની પ્રક્રિયા છે. આ પુસ્તકમાં તેઓશ્રીએ સ્ત્રી તથા પુરુષના કેટલાક વ્યવહારુ પ્રશ્નોના ઉકેલની દિશા દર્શાવી છે. જીવનનાં પ્રાપ્ત કર્મોને કેવા ભાવથી સ્વીકારવાં તથા કેવાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણથી આચરવાં એ તેઓશ્રીએ સ્પષ્ટ સમજાવ્યું છે. વ્યવહારમાં આચરણ માટે જ્યારે તેઓશ્રીની વાણી સખત બને છે ત્યારે અંતઃકરણોની જડતા તોડીને જીવનને યથાયોગ્ય ઘાટ આપવા માટેનો એમનો પ્રેમ જ અનુભવાય છે. પોતે આમ તો મુક્ત છે. છતાં જીવમાત્રના હૃદય સાથે સંકળાયેલા છે. એથી એમને પણ જીવમાત્રને જીવનમાં ઊંચે લાવવા માટે સૂક્ષ્મ સંગ્રામ ખેલવો પડે છે. આ ક્રિયા એમને માટે સહજ છે. આજે પૂજ્ય શ્રીમોટા સદેહે ન હોવા છતાં એમનું ચેતના સ્વરૂપ આવી જ કશીક ગૂઢ ક્રિયા દ્વારા સાધકને સતત સાથ આપ્યા કરે છે.સાધકે એ માટે પોતાના માર્ગદર્શક પ્રત્યે જ્ઞાન ભક્તિ ભાવભરી વિધેયક દૃષ્ટિ- ભાવના રાખી ખુલ્લા દિલવાળા રહેવું જોઈએ. તેઓશ્રીએ આ વાત વારંવાર કહી છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેઓશ્રીની ગહન-ગૂઢ પ્રેમચેતનાની પ્રક્રિયાનો અણસાર પામવા માટે એમનું એક વિધાન સમજવા જેવું છે.

''અનુષ્ઠાનથી જે ભાવના ઉદય થવાની હોય તે ભાવનાને યોગ્ય ભૂમિકા, આપણા માનસની, પ્રાણ કે ચિત્તની, ન રહ્યા કરે તો તે અનુષ્ઠાનનો ભાવ, ને તેમાંથી ઉપજતી, ઉપજવાની ને ઉપજેલી અસર અન્યથાપણે પ્રગટ્યા વિના રહી શકતી હોતી નથી.ને બધું તટસ્થપણે હોવા છતાં ભોગવવું જ પડે છે, ને તેવું ભોગવવામાં સૌ કોઈ તેવાં તેવાંનું પ્રભુકૃપાથી સ્મરણ રહે છે, ને એવું ભોગવવું એ પણ એક પ્રેમસાધનરૂપે બને છે તે પણ ભગવાનની કૃપા પ્રેમલીલાનો પ્રતાપ ને પ્રભાવ છે.''

કોઈપણ જીવાત્મા પૂજ્ય શ્રીમોટાની ધારણા કરીને પોતાના જીવનની કોઈ પ્રબળ અને વણઉકલી ગૂંચ, મુશ્કેલી કે આપત્તિ વેળાએ ધા નાંખે ત્યારે તેઓશ્રીની એક સૂક્ષ્મવિધિ ('અનુષ્ઠાન') પેલા જીવોના પ્રશ્નોના ઉકેલ માટે સક્રિય બનતી હોય છે. પણ તેઓશ્રી તરફથી આવતા ભાવનાસંકેતને ઝીલીને, એને રચનાત્મક રીતે સ્વીકારવાની જીવાત્માની ભૂમિકા હોય નહિ તો અનુષ્ઠાનથી જન્મેલી અસરો તેઓશ્રીમાં અન્યથાપણે વ્યક્ત થાય છે. આપણે આપણા જીવનના ધ્યેય પરત્વે તેમજ આપણે જ નાંખેલી ધા પરત્વે પૂરા સન્નિષ્ઠ રહેતા નથી. એથી આપણે એમની આવી ગૂઢ પ્રેમક્રિયાનું પરિણામ પામતા નથી, ઉલટું એનાથી વિમુખ થતાં એની વિપરિત અસરો નીપજતી હોય છે. આવી અસરો પ્રત્યે મુક્તાત્મા તો તદ્દન તટસ્થ છે, છતાં એમના પર એ અસરો પાછી ફરતાં જેમને માટે એ વિધિ થયેલી એમનું તેઓશ્રીને સ્મરણ થાય છે - અને પરમ પ્રેમીપુરુષે કરેલું એવું સ્મરણ અનુષ્ઠાનની વિપરિત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અસરો ભોગવી લઈને પેલા જીવાત્માનું કલ્યાણ જ પ્રેરે છે. આ સૂક્ષ્મ ઘટનાનો જીવાત્માને ખ્યાલ સરખો પણ આવતો નથી. પૂજ્યશ્રીએ આવા સૂક્ષ્મ ભોગવટાને પણ 'પ્રેમસાધન' રૂપ કહ્યો છે અને સઘળી ગૂઢ ક્રિયાને 'ભગવવાની પ્રેમલીલાનો પ્રતાપ અને પ્રભાવ' કહ્યો છે એ ઘણું જ સૂચક છે.

કોઈને પ્રશ્ન થાય કે પૂજ્ય શ્રીમોટાનો દેહ હતો ત્યારે આ બધું શક્ય બને, પણ હવે તેઓશ્રી સદેહે નથી ત્યારે શું પણ તેઓશ્રીએ કહ્યું છે, 'આ જીવાત્માનું ખોળિયું માત્ર માટીનું નથી, પરંતુ અણુએ અણુમાં કોઈ ચેતનાનો રણકાર છે.' (પૃ. ૮૯) આ અણુપરમાણુની નિરંતર ગતિમાં તેઓશ્રી ચેતનરૂપે સક્રિય છે. એટલે આજે પણ અધિક સૂક્ષ્મ રીતે આ જ વિધિ ચાલે છે. માત્ર એનો અનુભવ કરવાની - એ ચેતનાનો રણકાર અનુભવવાની આપણા દિલની 'તમન્ના'ની ખામી છે. એવી તમન્ના કેવી રીતે જાગે એ પણ આ પુસ્તકમાં કહેવાયું છે. પૂજ્ય શ્રીમોટાએ વારંવાર કહ્યું છે કે આ બધું તો પ્રયોગ કરવાથી પમાય એવું નક્કર છે.

જીવસ્વભાવની નિમ્ન વૃત્તિઓનું રૂપાંતર દિવ્ય શક્તિમાં કરવાની તેઓની ચેતનાશક્તિના સામર્થ્યનો સંકેત જુઓ :

''જીવાત્માની સર્વ વૃત્તિને ખાઈ જવાને, પચાવી શકવાને તેનો (મુક્તાત્માનો) વડવાગ્નિ પ્રજ્વલિતપણે, યજ્ઞની દેવાતી આહૂતિની પળે, ભડભડ પ્રગટ્યા કરે છે. પરંતુ તે વેળા તે વૃત્તિને સમર્પણભાવે તેનું સમૂળગું રૂપાંતર કરાવાને માટે તે એક માત્ર સાધના છે. અને તે ભાવ દિવ્યસાધના છે. માનવી જીવનની કક્ષાથી કોઈ મહા સર્વોત્કૃષ્ટ ભૂમિકા પરની તે હકીકત છે.''

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પૂજ્ય શ્રીમોટાના આત્મજ્ઞાનનો આ સૂક્ષ્મ મહાયજ્ઞ છે. આવા યજ્ઞપુરુષને નજર સમક્ષ ધારીને, આપણે આપણામાંથી ઊઠતી વૃત્તિઓને ભોગવ્યા વિના, નિવેદન દ્વારા, આહુતિ આપીએ, તો જે જ્ઞાનાગ્નિની પ્રબળ અને ઉચ્ચ જ્વાળાઓ એમનામાં 'પ્રગટ્યા કરે છે' એમાં આપણી વૃત્તિઓને એ જ્ઞાનરૂપ બનાવીને, આત્મજ્ઞાન માટે સહાયક અને પ્રેરક બનાવે છે. આ હકીકત દિવ્ય છે. વળી એ સૂક્ષ્મ હોવાથી આથી વધુ સરળ રીતે સમજાવવી મુશ્કેલ છે. કેમકે બધી જ પ્રતીતિ શબ્દોમાં વ્યક્ત કરાતી નથી. આ ક્રિયા તો તેઓશ્રીની પ્રેમલીલાનો સર્વોત્કૃષ્ટ ઉન્મેષ છે.

'હરિના જન તો મુક્તિ ન માગે, માગે જન્મોજનમ અવતાર.' આમ કેમ ગવાયું હશે ? મુક્તાત્મા પણ ક્યારેક એવું બોલતા હોય છે. પૂજ્ય શ્રીમોટાએ જાહેરમાં વારંવાર કહેલું કે 'હવે હું સ્ત્રી શરીર ધારણ કરીશ. - રૂપરૂપનો અંબાર અને ધનની છોળોમાં હોઈશ.' આવી ભાવના હોય તો પછી એને મુક્ત કેવી રીતે કહેવાય ? - એવો પ્રશ્ન જાગે. પણ આવા કથન પાછળ તો મુક્તાત્માઓનો બદ્ધ જીવાત્માઓ પ્રત્યેનો નિમિત્ત - રાગ હોય છે. મુક્તાત્મા પોતાના સંપર્કમાં આવેલાને મુક્ત કરાવ્યા વિના રહેવાના નથી એવું ગૂઢ આધ્યાત્મિક વિજ્ઞાન છે. કોઈ પણ 'નિમિત્ત'સંયોગે જે કોઈ જીવાત્મા 'એને' યાદ કરે છે, 'એનો' આંતરિક સંપર્ક કરે છે, એ જીવ સાથે મુક્તાત્માની ચેતના સંકળાય છે, અને એ બદ્ધ 'જીવ' ને પોતાના જેવો જ બનાવવા દિવ્યસાધના સાધે છે. અનંતકાળ લગી એ આપણો સાથ છોડે એમ નથી. આ અર્થમાં 'હરિના જન 'મુક્તિ ન માગે ' એમ કહેવાયું છે. પૂજ્ય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્રીમોટાએ કરાવેલું આ પ્રકાશિત અર્થદર્શન 'મુક્તાત્માના પ્રેમસ્પર્શ'ને પામવામાં બૌદ્ધિક રીતેય સહાયક બને છે.

આ ઉપરાંત બીજો વિભાગ 'આવી મળે એ અવસર'માં ૧૯૬૨-૬૩માં લખાયેલા પત્રો સમાવાયા છે. એમાં ઘરસંસારની રોજિંદી વ્યવહાર મુશ્કેલીઓ પ્રત્યે કયું દૃષ્ટિબિંદુ કેળવવાથી, તથા કયા ગુણો કેળવીને એ મુશ્કેલીઓ નિવારી શકાય અને પરિણામ ઘરના ક્લેશ-કંકાસ, અને ઝગડાને કેવી રીતે અને હળવા બનાવી શકાય એનું વ્યવહારલક્ષી માર્ગદર્શન છે. એ દ્વારા પણ તેઓશ્રી સંસારવ્યવહારમાં પ્રભુભાવના અનુભવની વાત જ દ્રઢ કરી છે એ જ એમની વિશેષતા છે.

પહેલી આવૃત્તિમાં બંને વિભાગનું લખાણ અલગ પુસ્તકરૂપે પ્રગટ થયેલું. 'મુક્તાત્માનો પ્રેમસ્પર્શ' હરિઃ ૐ સત્સંગ મંડળ, અમદાવાદે તથા 'આવી મળે એ અવસર' ગુડલક પેઈન્ટ્સવાળા શ્રી. ગોવિંદભાઈ શાહ (વડોદરા)ના સહયોગથી શ્રેયસ વિદ્યાલય - વડોદરાએ પ્રગટ કરેલું. બીજી આવૃત્તિ વેળાએ બંને પુસ્તકો એક જ પુસ્તકમાં સમાવાયાં છે અને એનું પ્રકાશન હરિઃ ૐ આશ્રમ - નડિયાદ તરફથી થાય છે.

આ પુસ્તકથી પૂજ્ય શ્રીમોટાના પત્રોના ગ્રંથોમાં નોંધપાત્ર ઉમેરણ થાય છે.

૧, અનુગ્રહ એપાર્ટમેન્ટ્સ, રમેશ મ. ભટ્ટ
૩૨, પંચવટી, મણિનગર,
અમદાવાદ - ૩૮૦ ૦૦૮
તા. ૨૬-૧-૯૪ - ફોન : ૩૬૧૯૮૧

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હરિઃ ૐ

નિવેદન

(બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાના અપ્રગટ રહેલા પત્રોનું પ્રશ્નોત્તરરૂપે પ્રકાશન 'મુક્તાત્માનો પ્રેમસ્પર્શ' તથા 'આવી મળે એ અવસર' એ નામે ૧૯૮૩માં થયેલું. પહેલું પ્રકાશન હરિઃ ૐ સત્સંગ મંડળે (અમદાવાદ) કરેલું એ માટે સદ્ગત અર્ચનાબહેન. બાબુભાઈ મજીઠિયાની સ્મૃતિમાં એમનાં મોટાં બહેન ધર્મવતીબહેને આર્થિક સહયોગ આપ્યો હતો. અને બીજું પ્રકાશન શ્રેયસ વિદ્યાલયે (વડોદરા) કરેલું. આ નવી આવૃત્તિમાં બન્ને પ્રકાશનોને વિભાગરૂપે ભેગા કર્યા છે એ સિવાય કશો જ ફેરફાર નથી.

આ પુસ્તકમાં ઉપયોગમાં લેવાયેલા પત્રોની નકલ શ્રી. રજનીભાઈ બર્માવાલાએ (હાલ નિવાસી : મંગળેશ્વર. જિ. ભરૂચ) કરેલી. એ પરથી સંપાદન - સંકલનશ્રી રમેશભાઈએ કરેલું. ૧૯૮૩માં પ્રગટ થયેલ પહેલી આવૃત્તિની એક હજાર નકલો તરત જ ખપી ગયેલી.

આ પ્રશ્નોત્તરમાં સંસારવ્યવહારના પ્રશ્નોના ઉકેલ સૂચવાયા છે એથી એ પુસ્તકો ઘણી લોકચાહના પામેલાં. દસ વરસે નવી આવૃત્તિ પ્રગટ કરતાં આનંદ થાય છે.

હરિઃ ૐ આશ્રમ
પો.બો. નં. ૭૪, નડિયાદ
તા. ૨૬-૧-૯૪

સી. ડી. શાહ
વ્યવસ્થાપક ટ્રસ્ટી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અનુક્રમ

વિભાગ ૧ : મુક્તાત્માનો પ્રેમસ્પર્શ

૧. નિવેદન ૧
૨. સાધકનું વર્તન ૨
૩. મોટાનો સાથ ૨
૪. ચેતના સાંકળ ૩
૫. ક્યારે ઠેકાણું પડે ? ૪
૬. આરોગ્ય અને પતિપ્રેમ ૫
૭. પત્નીના જીવનમાં રસ ૫
૮. સાધના શું છે ? ૬
૯. ભગવાનનું કાર્ય ૮
૧૦. વ્યવહારુ રીત ૯
૧૧. મોટાની ગૂઢ સહાય ૧૦
૧૨. આત્મનિષ્ઠનું કાર્ય ૧૧
૧૩. મુક્તની અમીરી ૧૪
૧૪. સાસુ-વહુનો ઝઘડો ૧૫
૧૫. નિરાશા ટાણે ૧૭
૧૬. વીર્યસ્રાવ સામે ઉપચાર ૧૯
૧૭. સંતનું હૃદય એ જ શાસ્ત્ર ૨૨
૧૮. ધ્યાન ૨૩
૧૯. જંપનું સાતત્ય ૨૪
૨૦. સંબંધોનું મૂળ ૨૫
૨૧. સ્ત્રીના માસિક ધર્મમાં સ્પર્શ ૨૬
૨૨. એક રાજવીને ઉદ્‌બોધન ૨૭
૨૩. અંતઃકરણનું રૂપાંતર ૨૯
૨૪. શક્તિ માટે સ્મરણ ૩૦
૨૫. પ્રભુકૃપાનાં દર્શન ૩૦
૨૬. પુરુષાર્થની રીત ૩૧
૨૭. વાસના સામે ઝનૂન ૩૨
૨૮. દેહધર્મ-પૂર્વ સંસ્કાર ૩૪
૨૯. ખરું જીવન ૩૬
૩૦. સઘળું સારા માટે ૩૭
૩૧. વ્યવહાર અને અધ્યાત્મ ૩૮
૩૨. આર્થિક સંકડામણ ૩૯
૩૩. સ્ત્રી પ્રત્યેનું દૃષ્ટિબિંદુ ૪૨
૩૪. સામાજિક - ધાર્મિક રિવાજ ૪૪
૩૫. પૈસા ધીરવા અંગે ૪૫
૩૬. અન્યથા કર્તુમ્-પ્રભુ ૪૬
૩૭. શરીરનો ઉપાધિયોગ ૪૭
૩૮. મુશ્કેલીમાં મદદ ૪૮
૩૯. મુક્તાત્માનું અનુષ્ઠાન ૪૯
૪૦. બિમાર પત્નીની સેવા ૫૧
૪૧. મોટાનો પ્રેમસ્પર્શ ૫૧.
૪૨. મોટાની સહાયથી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સૂતરું ૫૩
૪૩. મોટાની કાળજી ૫૫
૪૪. સાચી આધ્યાત્મિકતા ૫૭
૪૫. એકમાંથી બીજે નોકરી ૫૮
૪૬. કર્મબંધનનો ઉકેલ ૫૯
૪૭. દંપતીનો આદર્શ ૫૯
૪૮. પત્ની ભાવના ૬૨
૪૯. ચેતન પ્રગટાવવાની કળા ૬૬
૫૦. ભાંગ પીવાય ? ૬૭
૫૧. હૃદયકેન્દ્ર પર લક્ષ ૬૯
૫૨. સુમેળનું મહત્ત્વ ૭૦
૫૩. ગુરુની ચેતના શક્તિની ગ્રાહકતા ૭૦
૫૪. આત્મજ્ઞાનનો મહાયજ્ઞ ૭૩
૫૫. તિરસ્કારને સ્થાને પ્રેમ ૭૪
૫૬. અનુભવનું પ્રમાણ ૭૫
૫૭. જોવું અને જાણવું એ કૃપાબળ ૭૭
૫૮. સાંકળ જોડવાની રીત ૭૮
૫૯. સ્ત્રીનું જીવન ૭૯
૬૦. દુર્ગમ મુક્તાત્મા ૮૦
૬૧. 'મોટા' સૂક્ષ્મ રીતે સર્વત્ર ૮૩
૬૨. ગુરુ આજ્ઞા ૮૫
૬૩. સ્મરણ અને આનંદનું પરિણામ ૮૬
૬૪. મંથન-ત્રાટકનું પરિણામ ૮૬
૬૫. 'જીવન પગલે'નું વાચન ૮૭
૬૬. લોક અભિપ્રાય ૮૮
૬૭. મુક્તાત્માનું હૃદય ૮૯
૬૮. આત્મનિષ્ઠનો સ્પર્શ ૯૧
૬૯. સંતનુ સામર્થ્ય ૯૨

વિભાગ : ૨ "આવી મળે એ અવસર"

૧. સંતાનની કેળવણી ૯૫
૨. માબાપ વઢે ત્યારે ? ૯૬
૩. માતા-પિતાનું ઋણ ૧૦૧
૪. પત્ની સાથેનો વ્યવહાર ૧૦૩
૫. ત્યાગની સાચી ભાવના ૧૦૫
૬. માલિકીભાવ ૧૦૭
૭. અભિમુખતાનું લક્ષણ ૧૧૦
૮. અવગુણ ઊણપને ન વાગોળાય ૧૧૧
૯. દ્વંદ્વનો હેતુ ૧૧૨
૧૦. ધાર્યું ન બને ત્યારે ૧૧૩
૧૧. સંઘર્ષનો મૂળ ૧૧૪
૧૨. ચાહવાની કળા ૧૧૭
૧૩. વિરોધ વેળાએ ૧૧૮

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૧૪. કર્મ પાછળની ભાવના ૧૧૯
૧૫. વૃદ્ધાવસ્થાની વ્યથા અને એના ઉકેલની દિશા ૧૨૨
૧૬. ચાહવું એ જ ધર્મ ૧૨૬
૧૭. પરિસ્થિતિનો સ્વીકાર ૧૨૮
૧૮. નિંદાનું સૂક્ષ્મરૂપ ૧૨૯
૧૯. બૈદ્ધિક સમજણ ૧૩૦
૨૦. ઊર્ધ્વજીવન ઝંખનારનાં લક્ષણ ૧૩૨
૨૧. ક્રાન્તિ પ્રેરનારું જીવન ૧૩૪
૨૨. જીવનની સમગ્રતા અને સળંગતા ૧૩૬
૨૩. દિલ લગાડો ૧૩૮
૨૪. મુક્ત સાથેનો સ્નેહભાવ ૧૩૮
૨૫. ભાવ ૧૪૦

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હરિઃ ૐ

મુક્તાત્માનો પ્રેમસ્પર્શ

□

પૂજ્ય શ્રીમોટા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

"હું સર્વત્ર વિદ્યમાન છું."

- શ્રીમોટા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હરિઃ ૐ

વિભાગ ૧

મુક્તાત્માનો પ્રેમસ્પર્શ

નિવેદન

સ્વજન : અમારી પાર્થિવ બાબતો ઉકલતી નથી-આપ એમાં રસ કેમ નથી લેતા ?

શ્રીમોટા : કશામાં મને રસ રાખતો કરાવવાનો હોય તો તે બાબતની પ્રત્યેક હકીકતથી વારંવાર મને માહિતગાર રખાવવાનું બને તો - તેમ થઈ શકે. જે હકીકતોમાંથી રસ જતો રહે તો પછી તેમાં મન લાગતું નથી. એટલે તે તે હકીકતોને અથવા તે બાજુની મનની સાંકળ સંકળાયેલી રહ્યા કરે તો જ તે તેમાં પ્રવૃત્તિ કરવાનું કરે છે બાકી નહિ. બાકી એ તો કશામાં વિચારતું નથી. માત્ર એમાં જ્યાં Problem આવી પડે ને વાર જ લાગ્યા કરે ત્યારે વળી વાત જુદી. બાકી તો રામરામ જેવું છે. પૃથ્વીતત્ત્વમાં આપણને કંઈ સમજ પડે નહિ ભાઈ !

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સાધકનું વર્તન

સ્વજન : મોટા, સાધકે દુનિયાદારીના અભિપ્રાયોને ધ્યાનમાં લેવાની શી જરૂર ? મને વ્યવહારમાં બહુ સમજણ પડતી નથી. તો પછી એવા વ્યવહારકર્મ મને બંધનકર્તા ગણાય ?

શ્રીમોટા : જે પોતાને સાધક ગણાવે છે તેણે પોતાના વર્તનથી સામો માણસ મુશ્કેલીમાં મુકાશે કે કેમ તે સમજી લેવું ઘટે છે.

સાધક એટલે જગતના અભિપ્રાયો અંગે તદ્દન બેપરવા એવો એનો અર્થ નથી. પોતાનું સંપૂર્ણપણે, સર્વ દૃષ્ટિથી પ્રમાણિકપણે યોગ્ય વર્તન હોય - તો પણ સાધકે જગતની અવગણના કરવાની નથી.

જેમ વિચાર આવે તેમ વર્તી નાંખવાનું યોગ્ય ન ગણાય. આપણને સમજણ ના પડે એમ કહેવાથી કંઈ દી વળવાનો નથી. જેમ કર્મના સંસ્કાર કે બંધન તે ન સમજવા છતાં પડ્યા જ કરવાનાં છે, તેમ કંઈ નહિ સમજવા છતાં તેનું પરિણામ ભોગવવામાંથી આપણે કદી છટકી શકવાના નથી. અને વ્યવહારુપણાનો સ્પષ્ટ ખ્યાલ રાખ્યા વિના ગમે તેમ વર્તીશું તો એમાંથી જીવનનો સુમેળ કદી પણ સાધી શકવાના નથી.

મોટાનો સાથ

સ્વજન : મારે એક સંબંધીને ત્યાં શુભપ્રસંગમાં જવાનું છે. ત્યાં કેવી રીતે વર્તવું ? એવા વાતાવરણમાં આપનો સૂક્ષ્મ સાથ મળવાનો ને ?

શ્રીમોટા : તો ત્યાં કૃપા કરીને અતડા રહેશો નહિ. બને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેટલું કામ પૂછીને જાતે માંગી લેવાનું રાખશો. બધામાં ભળવાનું રાખશો. ભલે બોલવાનું થોડું બન્યા કરે એનો વાંધો નહિ. નામસ્મરણ કૃપા કરીને વધાર્યા કરશો. કર્મ કરવાં તે પ્રભુ પ્રીત્યર્થે. સિદ્ધિ-અસિદ્ધિની કલ્પના મનમાં ન રાખવી ઘટે. પણ જે કરવું તે સમતાથી - વિવેકથી બધી બાજુનો વિચાર કરીને કરવાનું રાખવું.

કૃપા કરીને તમારા હૃદયનો સાથ માગ્યાં કરું છું. મને તમારા બધાનું જીવતું બળ નહિ મળે તો તો હું તો મડદા જેવો છું. તમે કહેશો કે ''હું તો ઠંડો છું. એવાની ઠંડાશ જોઈને બેસવાનું બને તો તો કશો શુક્કવાર વળી શકે નહિ.'' પણ ભાઈલા ! જરા તો મારા સામું જોવાનું રાખો. બધાંયના દિલના આઘાત-પ્રત્યાઘાતો સહન કરી કરીને શરીરના શા હાલ થતા હશે ! કર્મ ભોગવ્યા વિના કંઈ છૂટકો હોતો હશે ? કર્મ ભોગવવું તે પણ એવી રીતે કે જીવનની સાધનાના સાધન રૂપે કે જેથી પ્રત્યેકનું તેમાંથી કલ્યાણ સંભવી શકે. માટે હમણાં તો મરેલો છું. તમારા ઉત્સાહ-પ્રેરણા વડે જીવવાનું છે.

ચેતનાસાંકળ

સ્વજન : આપ નામસ્મરણ કરવાનું કહો છો. પણ એમ કરવામાંથી અવરોધ આવે છે. એ માટે શું કરવું ? વળી, કામ કરતાં કરતાં નામસ્મરણ કરીએ છીએ ખરા, પણ એમાં પૂરતી ચેતના-સાંકળ જોડાયેલી રહેતી નથી.

શ્રીમોટા : નામસ્મરણ માટે તો કશો અવરોધ હોઈ શકે નહિ. એમાં તો કોઈનોયે દોષ કાઢી શકાય તેમ નથી. વળી, પ્રત્યેક કર્મમાં ચેતના સાંકળ જોડાતી રહે તે પણ થઈ શકે એવું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે તો એ બાબતમાં મહેરબાની કરશો.

ક્યારે ઠેકાણું પડે ?

સ્વજન : આનો અર્થ એવો કે અમારે સભાનરીતે આપની સાથે અમારાં મન, બુદ્ધિ, હૃદય જોડવાં, તો ઠેકાણું પડે-'ઠેકાણું પડે' - એટલે કે આત્માનુભવ થાય. આ હું બરાબર સમજ્યો છું ને ?

શ્રીમોટા : જ્યારે મન ઇંદ્રિયો અસ્વસ્થ રહે, ચંચળ હોય - વિક્ષિપ્ત હોય ત્યારે આત્માનુભવ ત્યાં ઉદ્ભવી શકે જ નહિ. તે સ્થિતિમાં ઈશ્વરી ચેતનાનું અવતરણ થવું કદી પણ શક્ય નથી. સર્વ પ્રકારની સર્વ બાબતમાં સર્વ ભાવે નિશ્ચિંતતા થવી એટલે કે એવી ભાવવાળી શાંતિ થવી એ એના અવતરણ માટે જરૂરનું છે. કશાથીયે મન વિક્ષિપ્ત થવું ન ઘટે. કશાથીયે વિચારોના વમળમાં ન પડ્યા કરવું જોઈએ. જે કરવાનું હોય તે સાધનાના પ્રાણ હેતુ સાથે તેની જીવંત ભાવના સાથે સંકળાઈને બન્યા કરવું ઘટે. એવી એકાગ્રતા હૃદયસ્થ કેન્દ્રિત થયા વિના જ્ઞાન મળી જ ના શકે. એવી એકાગ્રતા અને સતત પરિશીલનથી જ જ્ઞાન મળી શકે છે. શરીર, મન, શાંતિમાં રાખવાથી મનોબળ વધે છે. ઘણા કાળે મન તેવું થઈ શકે, જો સતત તે બાજુનો પ્રભુકૃપાથી જીવતો જાગતો મરણિયો પુરુષાર્થ થયા કરાતો હોય તો. મન વશ થતાં એકદમ તો તદ્દન અંધકાર લાગશે - તે અતિ કારમો હશે. તે પછી તે અંધકાર (આવો અંધકાર એ અજ્ઞાનવશાત્ નથી હોવાનો, પણ સાધકની એવી દશા થાય છે) તે પણ દૂર થાય છે. ને તે પછી તેજ, શક્તિ, પ્રેમ, આનંદ ઉદ્ભવે છે. આપણને એમ લાગતું હોય છે કે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જાણે સમુદ્રમાં મોજાં લહરીઓ રૂપે અથવા એવા હલકા હલકા ખાલી ઘડા રૂપે આપણે ફરતા ન હોઈએ એવું અનુભવાય છે - એવી દશામાં ચેતના - પ્રભુચેતના પ્રગટી શકે.

આરોગ્ય અને પતિપ્રેમ

સ્વજન બહેન : મોટા, મારું શરીર સારું રહ્યા કરતું નથી - અને એથી એમને માટેય ક્યારેક કંટાળો આવે છે - શું થાય ?

શ્રીમોટા : સહુ કંઈ સારાં વાનાં થશે-ભગવાનનું સ્મરણ રાખીને, તારા પતિને સર્વ રીતે આનંદી રાખ્યા કરવાનું રાખજે. તારું શરીર તો જરૂર ઠીક થશે પણ મનમાં પ્રસન્નચિત્તતા ને શાંતિ જો નહિ રાખ્યા કરે તો ગમે તેવા ઉપાયો પણ ઠીક કરી શકવા સમર્થ નથી. તે પણ જાણવા જેવી વાત છે.

પતિના જીવનમાં એક પ્રેમરસભાવે ભળી જવા બધું મથી મરજે. જીવનમાં એકરાગ-એકરસ પ્રગટ્યા વિના સાચો આનંદ જન્મતો નથી. એનામાં જ આપણા જીવનનું કલ્યાણ રહેલું છે. પતિની જીવંત મૂર્તિ એટલે હૃદયની ભાવનાનો પ્રત્યક્ષપણે સાક્ષાત્કાર. એ કંઈ સ્થૂળ ભાવ નથી, પણ હૃદયનો નિર્મળ સૂક્ષ્મ ભાવ છે. એ ભાવની ઝાંખી તું ઉમળકે કરતી રહે ને એનામાં હૃદયથી સર્વ પ્રેમભાવે ન્યોછાવર થતી રહે એટલી તને પ્રાર્થના છે.

પત્નીના જીવનમાં રસ

સ્વજન : મોટા, મારે જીવનનો વિકાસ કરવો છે - મારું લગ્નજીવન એમાં વાંધારૂપ બને ? પત્નીને જીવનસાધનામાં રસ ન હોય તો શું કરવું ? હું પત્ની સાથે ઘણા નમ્રભાવથી વ્યવહાર કરું છું.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્રીમોટા : આપણી જીવનસંગિનીને આપણી સોબતથી જો આપણે ઊંચા ન લઈ શકીએ તો પછી આપણું એમની સાથેનું જોડાવવાનું પ્રભુએ બનાવ્યું તે હેતુ જ માર્યો જાય. તમે નમ્રતા રાખો છો તે ઠીક છે, પણ ફૂલની વાસ જેમ આવ્યા વિના રહી શકે નહિ તેમ જીવનના સંસ્કારોની છાપ પણ પડ્યા વિના રહી શકતી જ નથી. એટલે જીવતરનું ઘડતર જેમ જીવન આપી આપીને જીવન મેળવવામાં કરાય છે તેમ જીવનને યજ્ઞરૂપે જીવવાથી જ થયાં કરવાનું છે. જ્યાં જ્યાં જે જે જીવનો આપણને સ્પર્શ થાય ત્યાં ત્યાં એમના સ્વભાવને પારખી એમનામાં એમની રીતે ભળીને એમને જાણીને – એમ છતાં એમનાથી પાછા તટસ્થ રહીને જે કંઈ થયા કરવાનું બને તે આપણે કરવું જ જોઈએ. અને સેવા જેમ એકાંગી નથી તેમ તેમની સાથેના જીવન્ત સંપર્કથી તેમના જીવનની રહેણીકરણીમાં આપણે લીધે કંઈ કશું ન બની શકે તો મારા જેવા ફૂટેલા તુંબડાના જેવું તમારું પણ થયું ગણાય. આપણે એવી આશા રાખીને તેમનામાં પ્રેવશવાનું ન કરીએ, પરંતુ તેમનામાં કંઈક પણ જીવનની સંસ્કૃતિ પ્રવેશે તો જ તમારી એમ. એ. સુધીની કેળવણી અને શાસ્ત્રોનો અભ્યાસ એ બધું યથાર્થપણે થયું ગણાય.

સાધના શું છે ?

સ્વજન : સાધના સતત ક્યારે બને ? વળી, સત્પુરુષ સાથે સંકળાયેલા હોઈએ તો એમના તરફથી મળતાં સૂચનો કેવી રીતે સમજાય ?

શ્રીમોટા : પ્રાર્થના, ધ્યાન કે એવી કશી સાધનાની રીતો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જ્યાં સુધી અભ્યાસ તરીકે સતત દઢપણે ન સેવાયા કરાય ત્યાં સુધી તેનો ચીલો પડી જવાનું શક્ય બનતું નથી. વળી, સાધકની 'chain of consciousness' હૃદયની ચેતનાની સાંકળ તેના આધ્યાત્મિક ચિંતન કરનારની સાથે સતત જોડાયેલી ન રહે તો પેલો બિચારો માથું કૂટીને મરી જાય તોયે તેનું પિરણામ આવવું શક્ય નથી. જો કે પેલાને કશું ન્હાવા નિચોવા જેવું નથી રહેતું. કારણ તે તો તેમાં પોતાનો જ ખ્યાલ રાખીને જે તે કંઈ કરતો હોય છે. પરંતુ સાધક પોતાના હૃદયની ઊંડી ઉત્કટ ગ્રાહ્ય વૃત્તિ ન રાખે અને ઘડાવાની જિજ્ઞાસાને જળસિંચન ન કર્યા કરે, તો પોતે કશું મેળવી શકે નહિ.

જેમ બાળક જન્મે છે ત્યારે એનામાં વિવેકશક્તિ નથી હોતી, પરંતુ predominantly વાતાવરણમાંથી જે તે ગ્રહણ કરી લેવાની વૃત્તિ ખૂબ જ તીવ્ર પ્રમાણમાં રહેતી હોય છે, તેથી જ તે થોડા વખતમાં પોતાનામાં સુષુપ્ત પડેલી બીજરૂપની સંસ્કાર વૃત્તિઓને સતેજ કરી શકે છે. તેવી જ રીતે, સાધકે જો આત્મનિષ્ઠ થવું હોય તો, એવો હૃદયની નમ્રતાભાવવાળો grasping power હોય ને તે સાથે પોતાના ચિંતન કરનારના હૃદય સાથે એકાત્મભાવ એ સાધ્યા કરે તો એને-એવા સાધકને-પોતાના જીવન અંગેનાં સૂક્ષ્મ સૂચનો મળ્યા કરતાં રહે છે. પરંતુ ત્યાંયે, બાળક જ્યારે મોટું થાય છે ત્યારે વાતાવરણના અનુભવમાંથી વિવેકશક્તિનું જ્ઞાન જાગ્રત કરે છે, અને પોતાના વર્તનમાં તે ઉતારતું હોય છે એવું સાધકે પણ કરવાનું રહે છે. એવાં મળી રહેતાં સૂક્ષ્મ સૂચનોમાં ક્યાં ક્યાં પોતાના સ્વભાવનો વળાંક રહેલો છે તે તેને સમજાયા વિના

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રહેશે નહિ. આ તો જ બની શકે કે જ્યારે સાધક નિશ્ચિંતતાવાળો હોય, પોતાનાં કર્તવ્યો, વિચારો, વૃત્તિઓ એ બધાને વિશે તટસ્થપણે અવલોકન કરી શકતો હોય. એવા સાધકમાં નિશ્ચયપણું રહ્યા કરશે તેમજ પોતાના ધ્યેયની સિદ્ધિ અર્થે અવિરતપણે મંડ્યા રહેવાનું સતત વલણ રહ્યા કરશે. તે વિના સાધકની આધ્યાત્મિક પ્રગતિ થવી શક્ય નથી.

જીવનની સાધના એ કંઈ રાંડીરાંડોના ખેલ નથી. તમારા મનમાં એવું છે એવું મારા કહેવાનો ઉદ્દેશ નથી. પરંતુ જીવનમાં જેને સાચી સમજ ઊગી છે, શાસ્ત્રોના અભ્યાસથી જેને જીવનનું અંતિમ ધ્યેય શું હોવું જોઈએ એના વિષેનો મનમાં ચોક્કસ ખ્યાલ છે,તેવાને માટે કંઈ કહેવાનું તો હોય નહિ. પરંતુ તેવાથી પણ જો તેના જીવનને યોગ્ય દિશામાં વહેવાયા ન કરાતું હોય તો એને શું નડે છે, કેમ તેવું થતું નથી, — એ પ્રશ્ન એને ડંખવો જ જોઈએ. એવાને મૂઢપણું કેમ આવી શકે એ મને સમજાતું નથી. જ્યાં સુધી પોતાને કાંટો ક્યાં વાગ્યો છે, એની વેદના પૂરેપૂરી થતી નથી ત્યાં લગી એને કાંટો કાઢવાનું દિલ થવાનું નથી. એટલે આપણને જીવનનું ધ્યેય જો સમજાયું હોય અને જીવનનું અંતિમ લક્ષ્યબિંદુ આત્મનિષ્ઠ થવાવામાં જ પરિણમવાનું હોય, તો એને કેટકેટલી ઉત્કટતાવાળું રહેવાવું જોઈએ તે સાધકને સમજાયા વિના રહે નહિ.

ભગવાનનું કાર્ય

સ્વજન : ભગવાનની શક્તિ આ બધું કરાવી ન શકે ?

શ્રીમોટા : ભગવાનની ચેતનાશક્તિ કોઈનીયે પાસે કંઈ પણ બળાત્કારે કશું કરાવી શકવાની નથી. એ તો આપણે જો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જાણ્યા કરવાનું કરીશું ને તેમાં ચેતન રાખ્યા કરવાને મથ્યા કરીશું તો જ તે શક્તિ આપણી પડખે ઊભી રહેવાની છે. સ્વભાવની ઠંડક ત્યાં રાખ્યે પાલવે નહિ. જે કોઈ સાધક સ્વભાવની ઉપરવટ જવા મથતો નથી તેનામાં કશું કોઈ કરી શકવાનું નથી.

ઈશ્વરનો સ્વભાવ જ નિષ્ક્રિયપણાનો છે. એટલે તેને કોઈ જો હલાવે તો જ તે હાલે કે ચાલે તેવો છે. વળી, તે અત્યંત ગતિમાન હોવાને લીધે તદ્દન સ્થિર જેવો હોય છે. એટલે તેની સ્થિરતામાં જગતના લોકોને જડતા જેવું પણ લાગે એટલે એવાને તો કુંભકર્ણની નિંદ્રામાંથી જગાડવાની જેટલી મહેનત લેવી પડતી, તેવી બલ્કે તેનાથી પણ ઘણી વધારે મહેનત જિજ્ઞાસુભાવે કર્યા કરવી પડે છે. તો જ તે જાગે છે, બાકી એ પોતે તો કંઈ કશું કરાવતો નથી.

વ્યવહારુ રીત

સ્વજન : આપણે પ્રાર્થના કરીએ તો બને ને ? કામ કરતી વખતે તથા સંબંધીઓ સાથે લાગણીમાં કેવો ભાવ ધારવાથી આપણું જીવન પ્રભુમય બને ?

શ્રીમોટા : પ્રાર્થના એ તો આપણા જેવા મરેલાને માટે ''મૃત સંજીવની''જેવી છે. વળી, જીવતાં જીવતાં જે સાધક બધાયે વિષયોમાં મૃત્યુ અનુભવે છે તે જ જીવનને પામી શકે છે. એટલે સાધકે પોતાના જીવનનાં સર્વ કર્મોમાં એના જ અર્થે તે જો કર્યા કરવાનું રાખે તો જ તે તે કર્મોમાં તેની આસક્તિ કે રાગ ઘટતા જવાનું બને. સર્વ કર્મોમાં, જીવનના સર્વ વહેવાર કે સંબંધોમાં તેણે ક્યાંયે આસક્તિપૂર્વકનું વલણ ન હોય તે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તપાસવું રહ્યું. તે સાથે તે તે બધાં સાથે સુષુપ્ત કે જડ જેવો પણ ન હોય. કારણ કે સાધકના જીવનનું મુખ્ય લક્ષણ એ એની પ્રસન્નચિત્તતા છે. એ તો જેને તેને બધાને નરી આંખે તેનામાં દેખાવી જોઈએ. એવો સદાયે પ્રસન્નચિત્ત રહેતો સાધક સ્થિર ચિત્ત પણ રહી શકે. પરંતુ સાધકનામાં એવી પ્રસન્નચિત્તતા એમ ને એમ આવી શકતી નથી. તેના માટે જે જે મનથી ભૂમિકાઓ થવી ઘટે તે તે ભૂમિકાઓ તો સાધનાના અભ્યાસની ભાવનાથી યુક્ત થઈને તેના યોગ્ય પરિશીલનથી જ ઉદ્ભવાવી શકાય. એટલા જ માટે જેને સાધક થવું છે. તેણે અત્યંત ધીરજ રાખીને અભ્યાસ કરવાની જરૂર છે. અભ્યાસ એ જ આધ્યાત્મિક જીવનની નિસરણી છે. સાધકના જીવનની તે પાંખો છે. એટલું જ નહિ, પરંતુ તે એના પ્રાણરૂપે છે.

મોટાની ગૂઢ સહાય

સ્વજન : મોટા, કેટલાય દિવસથી રાત્રે ૧૨ થી ૩ એક ચિત્તે બેસીને સ્મરણ કરું છું અને જો ઊંઘી જવાય તો પરોઢિયે ૪ થી ૭ એમ કરું છું. આપની આકૃતિ નજર સામે રાખું છું. પરિણામે ખૂબ ઉત્સાહ રહે છે. આપ પણ અમને યાદ કરીને મદદ પ્રેરતા જ હશો – ત્યારે જ આવું બની શકે ને ?

શ્રીમોટા : તમે અમારા પર મહેરબાની કરવા માંડી છે તે તમારો પરમ ઉપકાર. થોડા દિવસથી રાત્રે ૧૨ થી ૩ અને ઊંઘ આવે તો ૪ થી ૭ એકાગ્રચિત્તે બેસો છો તથા પ્રયત્ન કરો છો અને વધારામાં આકૃતિદર્શનનું પણ સાધન રાખ્યું છે ને દિનપ્રતિદિન ઉત્સાહનો ઉદય થતો જતો તમને દેખાય છે તે જાણીને આનંદ થાય છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જ્યારે જગતમાં પોતાના આત્માનું સ્વજન તેને ભાવથી વ્યક્ત કરે છે ત્યારે તેના જેવો મારા પેલા સ્વજનને સમજી ન શકાય એવો ભાવ થયા કરે છે. તેવું આત્મીય સ્વજન કોઈ ગૂઢ કર્મપ્રારબ્ધસંજોગે કરીને યોગનુયોગ આપણને મળે છે તેને હૃદયના પ્રેમથી સતત વળગ્યા કરવાનું બને - તેનાથી દૂર રહીએ કે તેની પ્રેમભરી યાદ પણ ન કરીએ - એ મારા જેવાને તો ઘણું અસહ્ય લાગે.

ભગવાને મને મારાં સ્વજનોનું કોઈને કોઈ ગૂઢ રીતે સતત સ્મરણ રહ્યા કરે એવી રીતો મને શીખવી છે. ને તેથી જ ઘણીવાર જ્યારે તમારી યાદ ખૂબ કરવાનું મન થાય ત્યારે તમારું પ્રેમથી આપેલું પંચિયું રાત્રે પહેર્યા કરવાનું રાખું છું. તેવી જ રીતે કોઈને કોઈ તેવા સ્વજનનું સંભારણું આ જીવનની સાથે સંકળાયેલું રાખ્યા કરવાની જે કળા ભગવાને શીખવી છે તે કળા વાપર્યા કરવાનું સતત હૃદયથી બન્યા કરે છે. ને એ બધાં પ્રેમ સંભારણાં વડે જ આ જીવનમાં જો કંઈ પ્રાણ હોય તો તે પ્રાણનો આધાર તે દિવ્ય સંભારણાં જ છે.

આત્મનિષ્ઠનું કાર્ય

સ્વજન : મોટા, આપની તો આ રીતે ઘણી કૃપા છે. અને એ ગૂઢ છે. અમે એને ઓળખી શકતા નથી, તો પારખી તો શકાય જ કેવી રીતે ? અમે આપને સંભારીએ અને આપ અમને સંભારો જ એમાં કેટલો બધો ફેર હોય ?

શ્રીમોટા : પરંતુ ભક્ત માણસને એવાં પવિત્ર સંભારણાંની હૃદયની જે કિંમત આદર-અને પૂજ્યભાવ હોય છે તે જ્ઞાનીના હૃદયમાં તે પ્રમાણે નથી હોતું. તમે જ્યારે કંઈ કરવાનું રાખો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છો તે થોડા દિવસ કરીને પાછું નેવે મૂકી દો છો. આપણે જે કંઈ કરીએ એની સતત ગંગધારા ચાલુ રાખ્યા કરીએ. તેના અભ્યાસ બળ વડે આપણા અંતરના જીવનમાર્ગનો ચીલો પાડી દઈએ તો જ તે કર્યું કારવ્યું ઉપયોગનું થઈ પડે. બાકી જે કંઈ યદ્વાતદ્વાપણે કર્યા કરીશું તેનો કશો અર્થ હોતો નથી. જે કંઈ કરીએ તે - ચોકસાઈથી - અંતરના ઉમળકે - પોતાના જીવન વિકાસાર્થે અને તેવી ભાવનાનો ઉદય તેમાં થવા દીધા કરીને તે તે બધું નિયમિત રીતે કરીએ તો જ તેવાં બધાંનો અર્થ છે.

ભગવાને કૃપા કરીને તમને બધાને મને આપ્યાં છે કે જેથી કરીને હું મારા જીવનને તે રીતે વ્યક્ત કરી શકું. અને તમારા બધાની ઉપર મને કેટલી બધી આશા રહ્યા કરતી હશે તે આપણી સમજમાં તો જરૂર આવ્યા કરતું હશે ને એ રીતે તમારું જીવન તે મારું જીવન હું ગણું છું. ને તેથી જ અનેકવાર એવા આઘાતો સહન કરવાનું જ્યારે બને છે ત્યારે ત્યારે તે તે સ્વજનનું સ્મરણ હૃદયમાં ઊંડામાં ઊંડું તો આઘાતની ભાવનાના બળ વડે કરીને લઈ જવાને જેમ મથાય છે તેમ મથું છું. ને ભગવાનને મારા હૃદયનો આર્તનાદ પણ સંભળાવું છું. ભગવાન બહેરો તો નથી જ તે વાત સાચી છે. કોકવાર તે સાંભળે પણ છે, પરંતુ આપણે પૂરેપૂરા તેનામય થવાને ઝંખતા હોતા નથી એટલે આપણી બધીયે વાતો તે સાંભળીને તેનો યોગ્ય જવાબ આપતો હોતો નથી.

તમારા વિષે મારા દિલમાં જે કંઈ થયા કરે તે તમને ભાષામાં જણાવવું તે યોગ્ય નથી. કારણ કે તે તો માત્ર એક સાહિત્યિક આડંબર જેવું થઈ પડે. કોઈ મને છોડી દે તેનું મને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દુઃખ નથી. પરંતુ મારા હૃદયની ભાવના નિષ્ફળ નીવડવાની અણી ઉપર આવે છે ત્યારે ભગવાનને પોકાર કર્યા સિવાય રહેવાતું નથી. ને તે પછી એના હાથમાં મારા હૃદયનો વલવલાટ વ્યક્ત કરી દઈને જે તે બધું સોંપી દઈને નિશ્ચિંતપણે પડ્યો રહું છું. કારણ કે કાળ અને કર્મની મર્યાદા – જે આપણા એકબીજાના પ્રારબ્ધના કર્મસંજોગે કરીને બંધાઈ છે – તેની હદનાં દર્શન પણ તે પરમ કૃપાળુ પ્રભુ કોઈક ધન્ય પળોએ કરાવે છે તથી જીવનમાં આત્યંતિક નિરાંત ને હદ વગરની ધીરજ પણ સેવાયા કરાય છે અને એ રીતે જેને જે કંઈ કરવાનું સૂઝશે અને એનું હૃદય જ્યારે પીગળશે ત્યારે જ તે પોતાના જીવનના સાચા પંથમાં ખૂંપી જવાનું છે. તે વિના બીજું કંઈ કશા ઉપાયે તે ધૂંસરીએ જોડાઈ શકવાનું નથી એવી ખાતરી હોવાથી – તમારા વિષે પણ નિરાંત રહ્યા કરેલી છે.

સ્વજન : આપનું માર્ગદર્શન, સલાહ વગેરે મેળવવામાં હું આટલો મોડો કેમ પડ્યો ?

શ્રીમોટા : જે માણસ કોઈ પરિસ્થિતિ અંગે વિચાર જ કરતો નથી તે કાં તો જ્ઞાની કે કાં તો જડ. સાધકે પરિસ્થિતિ અંગેના વિચારમાં પરોવાઈ ગયા વિના તટસ્થપણે વિચાર તો કરવા ઘટે. એનાથી ગમે તેમ યદ્વાતદ્વાપણે કશું પણ ન થઈ શકે. તમે લોકોએ મને શું કામ હાથમાં લીધો હશે ? ખાલી કોડિયામાં દીવો મૂકવા માટે જ ? જ્યા જ્યાં કંઈ નવું કરવાનું હોય કે વિચારવાનું હોય અથવા સાધનાની યોગ્ય સૂઝ માટે પણ સાધકે ગુરુનાં સલાહસૂચન લેવાં ઘટે, નહિતર પછી ગુરુ તો શોભાના ગાંઠિયા જ ગણાય ! ને કૃપા કરીને મને સ્પષ્ટ કહેવા દેજો કે જે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભવિષ્ય ભાખેલું તે મને ઠીક લાગે છે કે ''you have deserted me.'' પરંતુ મારા મનમાં તમારું સ્મરણ કેટલું છે એની સાબિતી કાંઈ દેખીતાં કારણો વડે આપી શકું તેમ નથી. અત્યાર સુધીના જીવનમાં તમે છબરડા વાળ્યા છે, ને તેમાંથી શીખવાનો પાઠ મેળવી શક્યા નથી એ મારે માટે ભારે કમનસીબીની વાત છે. વચ્ચે નવેમ્બર '૪૨ની શરૂઆતમાં તમને મળવાનું મને ઘણું જ મન હતું, પણ બની શક્યું ન હતું. મને બોલાવવાનું કે આકર્ષવાનું કામ સાધકનું છે -- મારું નથી. તો પણ તમને મળવાનું મન થયેલું ને મળીશું ત્યારે પેટ ભરીને જીવન સંબંધી વાતો કરવી છે; ને તમને સમજવા પણ છે તે જાણશો.

મુક્તની અમીરી

સ્વજન : વાતાવરણથી લેવાઈ જવાય છે તો શું કરવું ?

શ્રીમોટા : બ્રાહ્મણના રજપૂત બન્યા તો ભલે પણ એ વેશમાં આપણું બ્રાહ્મણપણું જ રહ્યા કરે તો જ એ શોભી ઊઠે. આપણે વાતાવરણથી પર રહેવા મથીએ. વાતાવરણથી લેવાઈ ન જઈએ. જો તેમ થયું તો આપણું પતન થયું જ સમજવું - આપણે મરતાં મરતાંયે પ્રયત્ન કરતા રહેવું. તમે જ્યાં હો ત્યાંથી અમારા જેવા અભાગિયાને કદી કદી સંભાર્યા કરવાનું કરવા ઘણી ઘણી વિનંતી છે. જોઈતું કરતું હોય તો જરૂર માગી શકો છો. ભિખારી ભલે હોઉં પણ સ્વજનોની બાબતમાં હું અમીર છું એટલું સ્પષ્ટ તને કહી દઉં - તો એનો એ રીતે જ્યારે ઉપયોગ કરવો ઘટે ત્યારે નિઃસંકોચ મનથી કરવો. પ્રેમભાવ રાખ્યા કરશો.

સ્વજન-બહેન : મોટા, અમે તમને ખૂબ જ યાદ કરીએ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છીએ એ અમારી ભક્તિ ગણાય ?

શ્રીમોટા : તું મને પણ બહુ યાદ આવે છે, પણ હૃદયનો પ્રભુ પરત્વેનો ભાવ જે જે જીવનમાં મળેલાં પરત્વે એક ભાવે ગળી ન જઈ શકે તો ભગવાનની ભક્તિ નકામી છે.

અમલમાં મુકાયા વિનાના વિચારનું મૂલ્ય કોડીનું પણ નથી. ભગવાનની ભક્તિ નરવીર પરાક્રમ જીવની છે. તેથી આપણે સર્વ પ્રકારના સંકોચ, ભય ને વાડા તોડવા જ પડશે. સાહસ, હિંમત, બધુંયે કેળવવું પડશે.

આનંદ મસ્તીમાં રહેજે. ખૂબ સ્મરણ કરતી રહેજે. એને મૂકી ના દેવું, ને ઝંખતા હૃદયની ભાવના જ્યારે પ્રાર્થના સ્પરૂપમાં પ્રકટે છે ત્યારે તે ઝંખના આકાર લે છે જ. તને એવા અનુભવ જરૂર થશે જ.

સાસુ-વહુનો ઝઘડો

સ્વજન : મોટા, મારી મા તથા પત્ની વચ્ચે ઝગડો થાય ત્યારે મને બહુ મૂંઝવણ થાય છે !

શ્રીમોટા : આપણે નમ્રભાવે રહ્યા કરીને એને કોઈનાયે સંતાપથી કચડાઈ જવા ન દીધા કરવી એ આપણો ધર્મ છે. આપણે આપણી મર્યાદા ન છોડવી. તેમ છતાં કોઈના જીવનને જો તે યોગ્ય રીતે ફાલ્યાં ફૂલ્યાં કરતું હોય તો એને અવરોધ કરવાનો કોઈને પણ હક્ક નથી એવી દ્રઢ ભાવના દિલમાં ધારીને, જે તે હોય ત્યાં પ્રેમભાવે, વડીલ હોય ત્યાં નમ્રભાવે ખડકની જેમ ઊભા રહેવું ઘટે. પણ એટલી ખાતરી દિલમાં પહેલાં કરી લેવી કે આપણા પક્ષે જ સત્ય છે. સાસુ-વહુના ઝઘડામાં કેટલીકવાર ભાવનાવાળા છોકરા ને પતિની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વૃત્તિઓનો જેનામાં મેળ થયેલો છે એવાને મુંઝાવવાનું બન્યા કરે છે, પરંતુ જેને બન્ને પ્રત્યે ખૂબ હૃદયનો પ્રેમભાવ છે ને જે બન્નેનામાંથી એકકેયનામાં માત્ર અંધતાભરી મોહવૃત્તિવાળો બન્યો નથી એને ક્યાં ખૂંચ રહેલી છે તે જડ્યા વિના રહી શકતું નથી. એનામાં રહેલી ઉત્કટ પ્રેમભાવના જ એનો ઉકેલ આપણને શોધી આપે છે.

સ્વજનબહેન : મોટા, સાસરે મને મારાં સાસુનો ભય લાગે છે. એ ગમે તેમ બોલે તો મને દુઃખ લાગે છે. શું કરવું એ સમજાતું નથી.

શ્રીમોટા : ત્યાં કોઈ જાતના વિચારની ગડમથલમાં પડીશ નહિ. આનંદમાં રહેજે. કોઈ વાતે ભય રાખવો નહિ. માત્ર ભગવાનનો ભય રાખવો. ને ભગવાનનું નામસ્મરણ કર્યા કરવાનું રાખવું. વડીલોના મન - વચનને - કર્મથી હૃદયના આશીર્વાદ મળતાં આપણું કલ્યાણ થવાનું છે. આપણી સાસુ ભલે હોય ને એમને જેમ સૂઝે તેમ તે કહે કે બોલે તો પણ આપણે કશું મનમાં ન આણીએ. આપણે મનમાં કોઈ વાતે દુઃખી ન થઈએ. દુઃખી થવાતાં જ દુઃખ વધારે લાગે છે ને દુઃખને જો અડકાવા દેતાં નથી તો દુઃખ ઊભું રહી શકતું નથી. પ્રસન્નચિત્તને કશું અડકી શકતું નથી. તારી પરીક્ષા થશે. પ્રભુ તારું રક્ષણ કરો. કોઈ વાતે મુંઝાવાનું રાખીશ નહિ.

મુશ્કેલીમાં આવી પડે તો સ્મરણ કરીને હૃદયના ઊંડાણથી ''કોકને''બોલાવજે, ''કોક''આવશે ખરો જ. પણ એવું બોલાવતા આવડવાની કળા આપણે શીખી લેતા નથી ત્યાં શું થાય ? તું તો કશું ખુલ્લા દિલે કહેતી પણ નથી. મારું દિલ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તારી સાથે છે જ. તારું ચિંત્વન નથી એમ તો તું નહિ જ કહી શકે, જે કરીએ તે પ્રેમભાવ રાખીને કર્યાં કરીએ ને બધાંની હૃદયથી સેવા કર્યાં કરીએ ને એમાં જ જીવનનું કલ્યાણ રહેલું છે એમ માનજે.

જગતમાં આપણું કોઈ વેરી નથી. કોઈના તરફથી જો દુઃખ મળે છે તો આપણા પોતાના જ કર્મની છાયા છે એમ આપણે માનવું. પણ સામાના વિષે મનમાં કશું ધારવા કે માનવાપણું આપણે રાખવું નહિ. એમાં આપણા જીવનનું પતન છે. ભગવાન આપણને એવા પતનમાંથી બચાવે એ જ પ્રાર્થના કરવી.

નિરાશા ટાણે

સ્વજન : મોટા, હું ખૂબ નિરાશા અનુભવુ છું – એમાંથી મારે ઉગરવું છે. આપ કંઈક કરો.

શ્રીમોટા : તમને જિંદગીમાં નિરાશા આવતી જતી લાગે છે, તે જોઈ દિલમાં મને ગોઠતું નથી. મરદ જેવા થઈને તે આપણને શોભે ! કૃપા કરીને એવું હતાશ થવું નહિ. આપણે તો જીવન નિષ્ફળ વહેવા દેવાનું ન હોય ! આપણા કરતાંયે કેટલા કેટલા પામર માણસો જગતમાં પડેલા છે તેના તરફ દૃષ્ટિવૃત્તિ રાખીને જો જોવાનું રાખીશું તો આપણને નિરાશા પામવાનું કશું પણ કારણ નથી. આપણા સંસારમાં આપણને જીવનમાં રસ પડે એવું વાતાવરણ નથી કે નથી થઈ શક્યું, એનું મૂળ કારણ આપણે પોતે જ છીએ. જે જે પરિસ્થિતિ મળ્યા કરે છે તે આપણો પોતાનો જ પડઘો છે ને તે પડઘાના વમળમાંથી આપણે બહાર નીકળવાનું ન કરીએ ને એમાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અટવાયાં કરીએ એટલે આમ થાય છે.

તમને જે કોઈ મુશ્કેલી હોય તે ખુલ્લા દિલે કહેવાનું રાખો તો તેથી કંઈ જોશ - ચેતના રહેવાના હોય તો રહે. વળી, તમને સાધનાની બાબતમાં ઝાઝું નહિ કહું પણ સાધારણપણે કહીશ. મને તમારામાં પરોવ્યાનું સાધન મળે તેટલા માટે ભૂમિકા રૂપે પણ કહી દેવાનું શરૂ કરો તો કંઈક અંશે તમારા હૃદયને હળવાશ મળવા કદાચ સંભવ હોય.

કોઈ જાતે કે કોઈ વાતે મુંઝાશો નહિ. કોઈ પણ કામ હોય તો બેલાશકપણે કહી દેજો. તમારું કામ કશું પણ મારાથી થઈ શકશે તો મને આનંદ થશે. તમારું કામ મારું જ કામ છે એમ ગણવાને ઈચ્છું છું. કશી વાતે અમૂંઝણ રાખવાની જરૂર નથી. આપણે એક જ આત્માના સ્વજનો છીએ. ભગવાને સાથે બૂડતા બચાવ્યા છે તો સાથે જીવીએ - મસ્તીથી.

તમે આ રીતે જો સાધનામાં ટકવાને પ્રયત્ન કર્યો હોત તો જીવનમાં નિરાશા ઊભી રહી ના શકી હોત. ખૂબ મોટેથી બે ચાર વાર એકાંતમાં જઈને ''હરિઃ ૐ હરિઃ ૐ'' બૂમો મારવાનું દસ બાર મિનિટ સુધી જરૂર રાખશો તો નિરાશા ટકશે નહિ.

કોઈ વાતનું મને કષ્ટ નથી. માત્ર મારામાં જીવ રાખ્યા કરવાનું રાખો ને બીજું કશું નહિ થાય તો યે ભગવાન સંભાળ લેશે. માત્ર એટલું જ જો થઈ શકે, પણ તે ચેતના પ્રાણ વડે સતત મારામાં જીવતાજાગતાપણે જીવ રાખી શકાય તોયે કશુંક રચાનાત્મકપણે ઊગી આવે જ.

પણ આપણે છોડો એ બધી લપ. તમારે જેમ ફાવે તેમ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રહેજો પણ જીવનમાં નિરાશાને તો જરાકે સ્થાન આપશો નહિ. નિરાશા શાને ? એ તો આપણી મરદાઈને જરૂર લાંછનરૂપ ગણાય, ને મારું માથું શરમનું માર્યું ઊંચું પણ થઈ શકતું નથી. નિરાશાના મૂળને શોધી એનો નિકાલ કરવા - તેનો યોગ્ય ઉપાય કર્યા કરવાનું રાખશોજી.

વીર્યસ્રાવ સામે ઉપચાર

સ્વજન : નિરાશાનું મૂળ એ છે કે ઘણા પ્રયત્નો કરવા છતાં વીર્યસ્ત્રાવ થઈ જાય છે.

શ્રીમોટા : પહેલાં તો વીર્યસ્રાવ અંગે કહું. એ પ્રયોગ તમે કરી જોજો અને જો એ લાભદાયક થશે તો તેથી બીજાઓને પણ તે બતાવી શકવાના ખપમાં આવી શકે. પરંતુ તે એક હઠયોગનો જ પ્રકાર છે એમ ગણી શકાય. જ્યાં સુધી વીર્યનું ઊર્ધ્વરિતસ્ થવાપણું ના બને ત્યાં સુધી તેનો સાત્વિક ઉપયોગ થયો ન ગણાય. બીજી કોઈ રીતે વીર્યને અટકાવવા જતાં તેનું જોશ આપણી કોઈને કોઈ પ્રકૃતિના વલણમાં બહાર ફરી નીકળવાનું જ.

જ્યાં સુધી સંયમપૂર્વકનો સમજણવાળો આપણો કાબૂ આવ્યો નથી ત્યાં સુધી તે શક્ય લાગતું નથી. ખાવાપીવામાં તથા બીજી રહેણીકરણીમાં એને અનુકૂળ હેતુપૂર્વકનું ભાવનાવાળું વર્તન જ્યારે બન્યા કરે છે ત્યારે તેમાં સરળતા થવી શક્ય બને છે. એમ ને એમ બેળે બેળે કે બળાત્કારે કશું થઈ શક્તું નથી. નિગ્રહ કિં કરિષ્યસિ - એવું અર્જુનને શ્રીભગવાને કહેલું છે. આપણે પ્રકૃતિનો નિગ્રહ કરવાનો છે ખરો, પરંતુ બળાત્કારે નહિ. પણ પ્રેમપૂર્વક તેને કલાવી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પટાવીને સમજાવી સમજાવીને આપણી ભાવનામાં તેનું વલણ બન્યા કરે એવી રીતે કરવાનું છે. બળાત્કારે કંઈ પણ કશું કરવા જવામાં તેમાં ન ફવાતાં માનવી સાવ નિરાશામય - સાવ ઢીલો થઈ જાય છે ને એવી સ્થિતિમાંથી ફરી પાછું ઊઠી શકવું આપણને ભારે થઈ પડે છે ને તે પછીનું મન તદ્દન વિચિત્ર દશાવાળું બની જાય છે. આ તો માત્ર સમજણ પૂરતું લખ્યું છે.

કોઈ પણ સારા કામમાં હૃદયના ઉમળકાથી પરોવાઈએ છીએ ત્યારે તેમાંથી ચેતના પ્રાણ મળ્યા વિના રહેતા જ નથી અને એક પ્રકારની આલ્હાદક સ્ફૂર્તિ રહ્યા કરે છે એ તો દીવા જેવી સ્પષ્ટ વાત છે.

સ્વજન : જ્યાં સુધી મારું મન ગમે તેમ દોડે છે. ચિત્તવૃત્તિ ભોગવટામાં રાચે છે. ત્યાં લગી હું વ્યભિચારી ગણાઉં એવું મને લાગ્યા કરે છે. પત્ની સાથે હોય છતાં ભોગની ઈચ્છા ન થાય એવું ન બને? વળી, એવી ઊર્મિ - વૃત્તિ પણ શાંત કેવી રીતે બને?

શ્રીમોટા : તમે જે વ્યભિચારનો અર્થ કર્યો છે તે તદ્દન બંધબેસતો છે. મેં પણ એવી જાતની એક પ્રાર્થના ઘણાં ઘણાં વર્ષો પંહેલાં ગઝલ રાગમાં લખી હતી. અત્યારે પૂરેપૂરી મોંઢે નથી, પણ તેની પહેલી લીટી ''વ્યભિચારી મુજ સમ કો નહિ''એમ કરીને હતી. ત્યારે તે ગાતો ગાતો નડિયાદમાં ફરતો હતો ત્યારે કેટલાયે જાણીતા લોકોએ કંઈ કંઈ વિચારો કરેલા.

ભગવાનું સતત સ્મરણ રાખ્યા કરીને જો સાથે સૂવાનું રાખશો અને તે વખતે હૃદયના ઊંડાણમાંથી ને ભાવનાપૂર્વક હરિસ્મરણ થયા કરતું હશે તો વાસનામાંથી ઉદ્ભવેલી શક્તિ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પેલા સ્મરણમાં ખચાયા કરશે. એથી પત્નીને પણ એક જાતની માનસિક ભૂખ ભાંગશે એને સંતોષ રહ્યા કરશે. દિલમાં હળવાશ લાગશે. પરંતુ આવી વખતે આપણા મનમાં એક તલભાર પણ ભોગેષણા ન હોવી ઘટે કે ન રહેવી ઘટે એટલી સાવચેતી આપણે જો રાખીને તેમ કરવાનો અભ્યાસ પાડ્યા કરીએ તો આપણને તેમાંથી બળ જ મળ્યા કરવાનું છે એ ચોક્કસ. પત્ની કંઈ આપણા જેવી સાધક નથી. તે તો સામાન્ય પત્ની છે અને જુવાનીના કાળમાં તેને તેવી ઊર્મિ પ્રગટે તે પણ સ્વાભાવિક જ છે. તે પણ એક જાતની શરીરની ભૂખ છે. એ ભૂખમાં સ્વચ્છંદ ના આણવા દઈએ એ જરૂરનું છે. એટલે તેની તેવી વૃત્તિને જો સંતોષ ના મળે તો તેવી વૃત્તિ તેના સ્વભાવમાં બીજા કરણ દ્વારા જરૂર વ્યક્ત થવાની. અત્યંત ચીઢિયાપણું - અકળામણ થવી, જરા જરામાં ઓછું આવી જવું. ત્યાં એવા બીજાં અનેક કારણે આ વૃત્તિનું બીજી રીતે જે વ્યક્ત થવાપણું થાય છે તે તેને લીધે હોય છે. જેમ આપણા મનનો અણગમો કે ઉકળાટ કોઈ ને કોઈ રીતે વ્યક્ત થતો હોય છે તેવું આમાં પણ છે.

કોઈ પણ જાતની ઇચ્છા કરવી એ સઢમાં કાણું પાડવા જેવું છે. એ વાત મને તો મારા જીવનમાં દીવા જેવી સ્પષ્ટ અનુભવાયેલી છે. તો જ સાધક ઈશ્વરાભિમુખ રહી શકે છે. બીજી બીજી ઇચ્છાઓ કરવામાં આપણા મનનું કેન્દ્રિતપણું કે વેગ કે જોશ કે બળ કે પ્રવૃત્તિ જરૂર ઓછાં થઈ જતાં હોય છે. એટલે ભગવાનને પામવા સિવાયની કોઈ પણ ઇચ્છા સિવાયનું આપણી પ્રકૃતિ કે સ્વભાવ ના કરે અથવા તો પ્રકૃતિના તેવા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કોઈ પણ કર્મમાં આપણાં મન, ચિત્ત, બુદ્ધિ અને પ્રાણ આપણને રસ લેવરાવવાનું ન બનાવ્યા કરે એ બાબતમાં સાધકે ખૂબ ખૂબ જાગૃતિ, કાળજી, જ્ઞાનપૂર્વકની સમજણ, સાવચેતી, સાવધાની એ બધું રાખ્યા જ કરવું પડશે. તે વિના ભગવાનના માર્ગમાં - એ સાધનામાં સંપૂર્ણપણે પ્રવેશવાનું બની શકવું લગભગ અશક્ય વાત છે.

સંતનું હૃદય એ જ શાસ્ત્ર

સ્વજન : મોટા, આપની ઘણી વાતો શાસ્ત્રોમાં કહી હોય એવી છે !

શ્રીમોટા : તમે શાસ્ત્રો ભણેલા છો એટલે ધારો તો ઘણી મદદ કરી શકો. મારા જીવનની આ એક જ બાજુની હકીકત તમને બધાને દીવા જેવી સાબિતી આપવાને હું તો પૂરતી માનું છું. શાસ્ત્ર ન ભણેલો હોવા છતાં કે તેમાંનું કંઈ ન જાણતો હોવા છતાં માત્ર સાધનામાં જ જેનું મન પરોવાયેલું રહ્યા કરેલું હતું ને તે જેમ જેમ પરિણામ પામતું ગયું તેમ અર્થ તો આપોઆપ અંતરમાંથી નીકળ્યા જ કરવાના ને એટલા જ માટે કોક ઠેકાણે કહેલું છે કે, સંતોનું હૃદય એ જ શાસ્ત્ર છે. એટલા માટે જીવતા શાસ્ત્રને પ્રમાણ માનવું એમ પણ શાસ્ત્રમાં લખેલું છે. પરંતુ તેવું તો આપણાં મન, બુદ્ધિ, ચિત્ત ને પ્રાણ તથા હૃદય જેમ જેમ શરણાગતિની ભાવનાવાળાં કેળવાતાં જાય તેમ તેમ જ બન્યા કરવાનું. જેમ જેમ તમારા બધાંની કક્ષા ઊંચે આવતી જાય તેમ તેમ મારાથી પણ ખીલવાનું બન્યા કરશે જ અને અનેક ગૂઢ રહસ્યવાળું લખાયા કરવાનું પણ બને ને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એવા લખાણમાં અનેક ઠેકાણેથી સામ્ય પણ નીકળી આવવાનું.

ધ્યાન

સ્વજન : આપને એકવાર ધ્યાન અંગે પૂછેલું ત્યારે આપે મને એની સમજૂતી આપેલી. પણ કશાના આધાર વિના ધ્યાન કરવાની મુશ્કેલી અનુભવાય છે. ધ્યાનથી આપણા અંતરમાં કેવાં પરિણામ અનુભવાય ?

શ્રીમોટા : જે કોઈને કશાના આધાર વિના ધ્યાન કરવું અશક્ય લાગે. તે જપનો આધાર ભલે લે, પરંતુ જો આપણે અલિપ્તતા, તટસ્થતા, સાક્ષીભાવ, સમતા આદિ ગુણો કેળવવા હોય તો તે તેની કૂંચી ધ્યાનના અનુભવમાંથી જ આપણને મળી રહેવાની છે. જેમ ધ્યાનમાં અનેક પ્રકારના વિચારો આવતા હોવા છતાં આપણે તેની સાથે પોતાની મેળે થઈને રસ ધરાવીને તે પ્રકારના વિચારની સાથે વિચારનો બીજો મણકો પરોવવાનું રાખતાં નથી. આ હકીકત જેટલી જ્ઞાનપૂર્વક અને હૃદયના ઊંડાણના ભાવથી થયા કરશે તો તે જ કળા જીવનના બાકીના વ્યવહાર કર્મોમાં પણ આપણે પરિણમાવી શકીશું.

પરંતુ ધ્યાનમાં બેસતાં પહેલાં શાંતિની ભૂમિકા જમાવવા માટે થોડી વાર જાપ કરીએ તો તે સારું છે. વળી, આપણે નિરાલંબ, નિરાકાર અનિર્દશ્ય એવા એવા ગુણોવાળાને જ્યાં પ્રત્યક્ષ કરવો છે ત્યાં આપણે સાધન પણ એવું આધાર વિનાનું હોય તો તે વધારે યોગ્ય. વળી, આપણી સાધનામાં કશું એકાંગીપણે નથી. જીવનના એકેએક ક્ષેત્રમાં અને વ્યવહારમાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અને કર્મોમાં તે તે બધું શરાણાગતિની ભાવનાથી ભગવાન પ્રીત્યર્થે તે કરવાનો અભ્યાસ પાડ્યા કરવાથી અને તે સમર્પણ કરવાની - બુદ્ધિ અને ભક્તિભાવપૂર્વક સતત સમજણપૂર્વકની - ટેવ પાડ્યા કરવાથી અનુભવી શકાશે. પ્રત્યેક કર્મ તેનાં હેતુના જ્ઞાન તથા ભાવ સાથે કર્યા કરવાનો સતત જીવંત ખ્યાલ રાખીને જો આપણે ભગવાનને મેળવવાની તાલાવેલી રાખ્યા કરીએ તો જરૂર આપણને કશીક સમજણ પડે ખરી. ચાર દિવસ ઉત્સાહથી કરીએ અને ૧૫ દિવસ પડી રહીએ એમાં કશો ભલીવાર ના આવે. જે કંઈ કરવાનું રાખીએ તે સમગ્રપણે અને સળંગપણે થયા કરે તો આનંદ થાય.

જપનું સાતત્ય

સ્વજન : કામ કરતાં કરતાં જપ કેમ ટકતો નથી ? વળી, નામસ્મરણ કરતાં કેવા પ્રકારની ભાવના ધારણ કરવી જોઈએ ? આપે ક્યારેક કહેલું ખરું, પણ એ હું વિસરી ગયો છું.

શ્રીમોટા : જપની વિધિ તમને બતાવી છે તેના કરતાં તમને જેમ અનુકૂળ આવે તેમ કરવાનું રાખશો. પરંતુ દરેક ઠેકાણે સરખો નંબર રાખવો. ગમે તે કામ કરતાં જાપ જરૂર થઈ શકે. માત્ર આપણે જીવ રાખતા નથી ને અભ્યાસ એવો પાડતા નથી. અહીં એક ભાઈ છે તે લખતાં લખતાં હરિઃ ૐ નો જાપ રાખી શકે છે. તે ઉપરથી કામ કરતાં કરતાં પણ તે રહી શકે એની સંપૂર્ણ શક્યતા તો આપણે પોતે જ અનુભવથી જોઈ શકીશું ત્યારે જ આવશે. જ્યાં સુધી આપણા જીવનના ધ્યેયને કશી તમન્ના કે તરવરાટ આવતાં નથી. ત્યાં સુધી પુરુષાર્થમાં કદી પણ જોમ કે પ્રાણ પ્રગટી શકતા નથી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભગવાનની શક્તિ તો આપણી પાછળ છાયા રૂપે રહેલી હોય છે જ. તેનું કારણ કે કોઈને કોઈક ગૂઢ કારણે તેનું આપણી સાથે તેવું સંકળાવવાનું બનેલું હોય છે. પરંતુ તે શક્તિને નકારી નકારીને આપણે દૂર હડસેલી મૂકીશું તેટલા પ્રમાણમાં તેનો આપણી સાથેનો જીવન સંબંધ આપણે ટૂંકાવી દેવાના છીએ એ વાત પણ નક્કી માનજો. ભગવાનની પરમ કરુણામય કલ્યાણમય કૃપા આપણને જીવનમાં અનેક રીતે સરળતા કરી આપતી હોય છે, પરંતુ તે તેની કૃપાનો પ્રતાપ કે પ્રભાવ છે એવું અનુભવવાનું જ્ઞાન, આંતરક દૃષ્ટિ કે જીવંત ખ્યાલ આપણને ઊગેલાં જ હોતાં નથી. આપણે તો જે તે બધું આપણી પોતાની હોંશિયારીથી - આપણી પોતાની અક્કલ બહાદુરીથી અને આપણા પોતાના કળા - કૌશલ્યથી મેળવ્યા કર્યું છે એમ જ માન્યા કરીએ છીએ. ને એમ કરીને આપણે આપણો ભાર વધારીએ છીએ. એટલે નામસ્મરણ જ્ઞાનભક્તિની ભાવના સાથેનું કર્યા કરવાનો અભ્યાસ પાડ્યા કરશો તો ઘણો આનંદ થશે.

સંબંધોનું મૂળ

સ્વજન : હું મારી પત્ની સાથે વિધેયાત્મક રીતે જીવન જીવું છું અને એ રીતે વ્યવહાર કરવા મથું છું પણ ખરો, આવા પ્રકારના સંબંધો કેવી રીતે આવતા હશે એનું વિસ્મય રહ્યા કરે છે.

શ્રીમોટા : આ જીવનમાં જે જે સંબંધ - લોહીના કે સગપણના - થયેલા છે તે કર્મપ્રારબ્ધના અંગે કરીને છે. કેટલાક સંબંધો ગયા જન્મોની અસરને લીધે બહુ જ ઓછા પ્રમાણમાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મળતા હોય છે. પરંતુ આપણી વૃત્તિઓને લીધે પછીથી ઘણા વધારી મૂકીએ છીએ. એટલે જે સંબંધ નૈસર્ગિકપણે મળેલો હોય તે સંબંધને આપણે જો નકારીએ કે તેના યોગ્યપણામાં ન વર્તીએ તો તે કર્મપ્રારબ્ધ કંઈ ફીટી શકવાનાં નથી, પણ તેમાં ઉલટું જોશ અથવા તો બીજી જાતની વિરુદ્ધની લાગણીઓ ઉમેરાઈને ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે તે કર્મપ્રારબ્ધ એક યા બીજા રૂપે આપણા જીવનમાં ઊભું રહેવાનું જ છે તે નક્કી જાણશો. પણ આપણા એ સંબંધમાં એટલે કે પ્રત્યેક સંબંધમાં જો ભગવાનના ભાવની ધારણા રાખ્યા કરીશું તો જીવનમાં રસ જરૂર પડશે જ. અને તેવી ધારણા રાખ્યા કરવાથી તે તે સાથેનાં કર્તવ્યોમાં પણ તે તે વ્યક્તિ પરત્વેનાં રાગદ્વેષ, મોહ, મમતા વગેરે. જરૂર ઘટતાં જવાનાં. એટલે તમારાં પત્ની સાથે તમે જે જીવનમેળાપ કરવાનું રાખો છો તે જાણીને હાલ તો આનંદ થાય છે.

સ્ત્રીના માસિક ધર્મમાં સ્પર્શ

સ્વજન : પત્ની માસિક ધર્મમાં હોય તો અડવા - ન અડવાથી શું થઈ જાય ? હું તો આવાં તૂત માનતો નથી. મારા એક મિત્રે આવો અભિપ્રાય જણાવેલો, મારે પણ આવું વલણ રાખવું એવો એ આગ્રહ રાખે છે. હું એની દલીલનો જવાબ આપી શકતો નથી. આ જાણીને ઘણાંને આઘાત પણ થાય છે. - આપ આ બાબતમાં શી સલાહ આપો છો ?

શ્રીમોટા : તમારે કહેવું કે હું એવા સ્પર્શાસ્પર્શમાં માનતો નથી. પરંતુ જ્યાં સુધી લોકવ્યવહારમાં રહેવું છે અને મારે તેવા લોકો સાથે કામ છે તો મારા તેવા કોઈ કામથી એમની લાગણી દભાય તે મને યોગ્ય લાગતં નથી. અને વળી મારી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પત્નીને જેની તેની સાથે જે ઠેકાણે વ્યવહાર રાખવાનો છે તે બધા લોકોથી તદ્દન ઊલટી જાતના વ્યવહારના વર્તનમાં તે પોતે એકલીઅટુલી પોતાના આધાર પર ટકી શકે એવા આત્મવિશ્વાસની શક્તિશાળી નથી અને પોતાની માન્યતાને ખાતર જે ઝઘડો થાય તે ઝઘડાને અંગે સહન કરવાની તૈયારી પૂરતી તેની નથી એટલે અત્યારે આપણે બધાં આચરીએ છીએ એમાં સ્વચ્છંદતા છે. એટલે વ્યવહારની દૃષ્ટિએ નહિ પણ અને બીજાંની લાગણી ન દુભાય તેને જ વધુ મહત્ત્વ આપતા હોવાથી એવું પાળવાનું રાખ્યું છે.

વળી, સત્યનું આચરણ અતિ નમ્રમાં નમ્ર રહીને જ થઈ શકે. હાલ આપણે જે જુવાનિયાઓ સમાજમાં સુધારો દાખલ કરીએ છીએ તે એવી રીતે કરીએ છીએ કે જેથી અનેકનાં હૃદયો ઊલટાં તેની સામે વધારે અણગમાવાળાં કરી મૂકીએ છીએ. માસિક અટકાવની વખતે જ્યા જ્યાં શક્યતા હોય ત્યાં ત્યાં બહેનોએ પૂરતો આરામ - સ્વસ્થતા, શાંતિ અને એકાંત રાખવાં જોઈએ. એ શારીરિક દૃષ્ટિએ પણ ઘણું જરૂરનું છે અને આપણે લોકો એમ ને એમ કશું માનીએ નહિ એટલે એની પાછળ ધર્મનું તૂત વળગાડી દીધું હશે. વળી, અનેક કામાતુર માણસોને તે રીતે અટકાવવા માટે પણ તે એક ઉત્તમ સાધનરૂપ છે. આપણા સમાજમાં આ નિયમ જે દાખલ કર્યો હશે તેની પાછળનાં અનેક ગૂઢ કારણો છે.

એક રાજવીને ઉદ્‌બોધન

શ્રીમોટા : જીવનમાં આપને મળીને મને એક સરળ રાજવીનં સહૃદયી જીવન જોવાની તક સાંપડી એ પણ એક

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અમૂલ્ય લાભ છે. આપના જીવનમાં ઘણી શક્યતાઓ રહેલી છે. એક સાધારણ માનવી જે ન કરી શકે તેના કરતાં અનેક જણનું અનેકગણું ભલું કરવાની શક્યાતાઓ ને સગવડો ભગવાને આપના હાથમાં મૂકેલી છે.

રાજવીનું - પ્રત્યેક રાજાનું - જીવન - ચેતન - પ્રાણ - એ તેની પ્રજાનું હૃદય છે. જે રાજા પોતાની પ્રજાના જીવન કલ્યાણની પરવા ધરતો નથી તે રાજાને ભલે આ જીવનમાં સુખસાહેબી મળ્યાં કરે પણ તેનું કર્મપ્રારબ્ધ ખલાસ થતાં તેના જીવનની અધોગતિ જ થવાની છે. ભગવાને જીવનને દિવ્યમય બનાવવાને માટે આપને જેટલી સરળતા અને સગવડો આપી છે તેનાથી આપ ધારો તો અનેક દુઃખી જીવનોમાં સુખની ઉષાનાં કિરણો પ્રગટાવી શકો. કંઈ નહિ તોય આપના મુખનાં સહાનુભૂતિનાં બે વચનો પણ લોકોના જીવનમાં આશ્વાસન જન્માવવાને પૂરતાં થઈ પડે છે. હજુ આ પુણ્યભૂમિમાંથી રાજાની ભાવના રૈયતના હૃદયમાંથી નાશ પામી નથી, પરંતુ હાલના રાજાઓ તેને એટલે કે પ્રજામાંના હૃદયના તે બીજને શેકી નાંખવાનું કામ કરી રહેલા છે તેમાંથી આપ ભગવાનની પરમ કૃપાથી બચી જાઓ એવી મારા હૃદયની તો નમ્ર પ્રાર્થના છે.

ૐ આપને મારા જેવો ભિખારી માણસ બીજું શું આશ્વાસન આપી શકે ? ગરીબ માણસને કે એક રખડતા ભિખારીને એક મોટા માણસના મહેલમાં પેસવાનું મળતાં જીવનમાં મીઠાશ અને લહાવો આપનાં સ્મરણથી મને પ્રાપ્ત થાઓ એવી હૃદયની અભિલાષા છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જગતમાં ભલે પૈસાની કિંમત હોય, પરંતુ હૃદય હૃદયના મેળાપની - હૃદય હૃદયના સુમેળની - ને હૃદય હૃદયની ભાવનાની કિંમત કોઈ આંકી શક્યું નથી.

અંતઃકરણોનું રૂપાંતર

સ્વજન : મોટા, આ મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌ની શક્તિઓ ખૂબ છે - એનાથી તો હારી જવાય છે. એમાં તણાઈ જવાય છે. એનાથી ઉપરવટ ક્યારેય થવાય ?

શ્રીમોટા : કોઈને હરાવવું હોય તો એનાથી આપણે વધારે શક્તિ દાખવવી પડે છે. તેમ સાધકે, મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહંકાર એ બધાંને હરાવવાનાં છે. મનનો સ્વભાવ વિચાર કરવાનો છે, એને આપણે વિચાર નહિ કર્યા કરવાનું કરીને હરાવી શકવાના છીએ. બુદ્ધિનો સ્વભાવ પડી ગયેલા અભ્યાસ, ટેવ, સમજણ, કલ્પના, માન્યતા, રીતરિવાજ, પ્રમાણે વિચારોને ગોઠવવાનો છે. એનો એ રીતે ઉપયોગ કરતાં અટકી જવાનું છે. ચિત્તનો સ્વભાવ જે જે બધું થયા કરે છે એનાં સંસ્મરણો ગ્રહણ કરી લઈને એને પાછું યોગ્ય કાળે તેને ફેંકવાનો છે, તો જેટલું થાય તે તે બધું અનાસક્તિપૂર્વક પરિણામના ખ્યાલ થયા વિના થયા કરે ને પ્રભુપ્રીત્યર્થે થયા કરે એનું ધ્યાન રાખવું. પ્રાણનો સ્વભાવ કામના છે, તો આપણે કોઈપણ કામનાને જરાકે સાથ ના આપીએ, અનુમતિ ન દઈએ, ને નમ્રમાં નમ્ર રહીને - થયાં કરીને - અહંકારનો સમૂળો નાશ કરીએ, - ને આ રીતે આપણી ચેતનાશક્તિનો આ બીજી દિશામાં જ સતત ઉપયોગ કર્યા કરીએ અને એ બાબતમાં સતત જાગૃતિ - કાળજી રાખ્યા કરીએ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શક્તિ માટે સ્મરણ

સ્વજન : શક્તિ કેળવવા ત્રાટક વગેરે કરીએ તો સારું ?

શ્રીમોટા : નામસ્મરણ જેટલું સતત સમજણપૂર્વક કર્યા કરીશું તેટલું આપણે ફાવી શકવાના છીએ. ને ત્રાટક વગેરે સાધના – આપણા બહિર્મુખપણાને કેન્દ્રિતપણે સંકેલવાને માટે શક્તિ મેળવવા માટે છે. એમને સંકેલી લેવાની કળા કંઈ બુદ્ધિથી કે વિચારથી આવી શકવાની નથી. તેમજ શાસ્ત્રોના અભ્યાસથી પણ આવી જવાની નથી. એ શક્તિ તો એકના એક સતત અભ્યાસના પરિશીલનથી જ આવ્યા કરવાની છે તે વિના શક્ય નથી. તમારે તો હજી ઘણું કરવાનું છે.

નામસ્મરણ એ આપણી સાધનાના મહેલનું આખુંયે ચણતર ને પાયો છે તે જાણશો.

પ્રભુકૃપાનાં દર્શન

સ્વજન : આપ જે જણાવો છો એવું તો પ્રભુની કૃપા હોય તો જ થાય. કેમ, ખરું ને ?

શ્રીમોટા : ભગવાનની કૃપા છે જ. સર્વ પ્રસંગમાં પ્રભુ સદાયે પાછળ ઊભો જ છે એની ખાતરી ગળા સુધીની રાખશો. જે કોઈ એની પાસે જવાને હૃદયથી મથી મરે છે, એને માટે જે સર્વ ભાવે ન્યૌછાવર થવાને ભાવનાવાળો, ઉત્સાહ – પ્રાણ – ચેતનવાળો રહ્યા કરે છે એવાને પ્રભુ સદાય સહાય આપે છે; તેથી તો એને કૃપાળુ કહ્યો છે. જે જે સંતભક્તોએ જીવનમાં એનાં અનેક ગુણોનાં પાસાં અનુભવ્યાં છે તેથી તો એનાં તેવાં તેવાં નામ તથા ગુણો માનવીના જીવનવિકાસના ઇતિહાસમાં પેઢી દર પેઢી ઉતરી આવેલાં છે. બાકી એ તો નામવાળો પણ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નથી ને ગુણવાળો પણ નથી. પણ ભક્ત, જ્ઞાની, યોગીના અનુભવની દૃષ્ટિએ તેવો તેવો છતો થતો હોય છે; એટલે તેવી સ્થિતિમાં તે જે ભાવમાં તાટસ્થ્ય રાખીને તેમજ કોઈ પણ અનુભવની દશામાં તે પૂર્ણ અનુભવ નથી એમ જ માન્યા કરવાનું છે.

જેને ભગવાનની કૃપા જીવતીજાગતી છે એવો અનુભવં પોતાના જીવનમાં પ્રત્યક્ષપણે થતો રહે છે, એવાનાં જ આત્મશ્રદ્ધા ને વિશ્વાસ જીવંત બનતાં જાય છે. એટલે આપણા જીવનના પ્રસંગોમાં એના કૃપાળુ હાથનો અનુભવ નિહાળવાનો જ્ઞાનપૂર્વકનો આપણો અભ્યાસ કેળવાયેલ હોય તો તેનાં દર્શન જરૂર મળી શકે છે. પણ કર્મમાંથી અહં નીકળી જતું હોય ત્યારે એમ બને. પ્રત્યેક કર્મનો હેતુ અંતરમાં અંતરથી સમજાતો હોય ને તે પ્રમાણે તે તે કર્મના અંતરમાં તેવી ભાવના પ્રત્યક્ષપણે જ્ઞાનપૂર્વક રખાતી જતી હોય તો એની કૃપા સાક્ષાતપણે જણાય છે.

પુરુષાર્થની રીત

સ્વજન : મનના ઉલાળા અને ગતિ એવાં હોય છે કે એ તો ડુબાડે છે, પછાડે છે અને તાણીને ક્યાંયનાં ક્યાંય લઈ જાય છે ત્યારે પાછું નિરાશ થઈ જવાય છે.

શ્રીમોટા : પ્રત્યેક કર્મ આમ તો ગુણોના પ્રભાવથી જ થતાં હોય છે, પણ ત્યારે જો સાધક જાગૃતિ રાખીને પ્રયત્નવાન રહે ને ભગવાનની કૃપા મદદ માગ્યા કરીને તે તે ગુણના પ્રભાવમાં અંજાઈ ન જવાનું કરે તો ભગવાન એને જરૂર જરૂર બચાવી લે છે. ને એમ જેને જીવનમાં લાગ્યા કરે છે એવો સદાય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઓથવાળો છે. એવો પછી સર્વ વાતે નિર્ભય, નિશ્ચિંત બની જાય છે. એવાને નિષ્ઠામાંથી પછી કોઈ ડગાવી શકતું નથી. માત્ર એક જ પ્રાર્થના આપણાં બધાંને કરું કે જાગતા રહેજો. મનના મેલ તટસ્થ રહીને બરાબર જ્ઞાનપૂર્વક તપાસતા રહીને એના વમળમાં ઊંડા ડૂબી ન જતાં, તે પ્રકારનો હોય એમાં પાછા તણાવાઈ જતાં, પણ ખડકની જેમ નીડર, નિશ્ચયી, અડગ ઊભા રહેવાનો સતત પ્રયત્ન કર્યા કરજો. એમાં ભલે કદાચ હાર મળે પણ એવી હાર મળવામાંથી જ વિજયની માળા ગૂંથાતી હોય છે. સૂક્ષ્મપણે ને એમાંથી સાધકને અંતરના બળની પિછાણ થતી જાય છે. સાધકના જીવનમાં નિરાશા છે જ નહિ. એના જીવતા પ્રયત્નથી મળતી હારમાંથી પણ એને ઘણું શીખવાનું મળતું હોય એવાના જીવનમાં કશુંયે અમસ્તું હોતું નથી. Everything has its own meaning and significance if he has the trained heart behind his all such actions. ભગવાનની કૃપા ઉપર નિર્ભર રહીને જે સતત હૃદયથી મથ્યા કરે છે ને પ્રત્યેક કર્મમાંથી એની ભાવનાને વધારે પ્રદીપ્ત કરવાની તમન્ના રાખ્યા કરે છે એવાને કર્મ કદી બંધનરૂપ થતાં જ નથી. એવાને કર્મ એ તો પર્વતરૂપી એના ભાવની એક પછી એક ઉત્તરોત્તરની શિખરમાળાઓ છે.

વાસના સામે ઝનૂન

સ્વજન : મન તો ઠીક પણ, મોટા, વાસનાનું બળ પણ ક્યારેક અણધાર્યું તીવ્ર બનીને ઊછળે છે. ત્યારે ગભરાઈ જવાય છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્રીમોટા : સાધકના જીવનમાં વાસના પણ નકામી નથી. એ ધારે તો એનાથી પણ પોતાના જીવન પલટાને નવા પ્રાણ ને ચેતના પ્રેરાવી શકે છે. ઝનૂને ચઢેલો માણસ ગમે તેવા હથિયારથી લડે છે. એ મરી જશે એવો ડર ત્યારે એને હોતો નથી. હથિયાર કે સાધન કેવા પ્રકારનું છે એનું પણ એને ભાન નથી, એ તો એના અંતરના પ્રદીપ્ત થયેલા જુસ્સાના આવિર્ભાવનું એક માત્ર સાધન ત્યારે બની જાય છે. તે સાધન ગમે તેવું લૂલું, પાંગળું હોય તોય એવા સાધનથી તે ઝૂઝી શકે છે; તેવું આપણામાંનું પણ સમજવું. માત્ર આપણામાં એવું હૃદયનું લાવારસ જેવું ઝનૂન પ્રકટ્યું કે પછી થયું. સહુ કંઈ પતવા લાગશે ને એવું ઝનૂન ચઢાવવા માટેનાં તો આ બધાં સાધનોનો ઉપયોગ જ્ઞાનપૂર્વક આપણે કરતા રહેવાનો છે.

ભગવાનને ભૂલશો નહિ. એની ભાવનાની જ્યોતને બુઝાઈ જવા ના દેશો, એને કોઈને કોઈ રીતે બળતી રાખ્યા કરશો, પછી બીજું બધું ભગવાન સંભાળતો રહેશે જ. ઉપર આકાશમાંથી કે નીચે પાતાળમાંથી એ ગમે તેવાં સાધનો આપણને ચેતાવવા જરૂર મોકલ્યા કરવાનો છે. એવી તમન્નાવાળાને કેટલીકવાર જે ઘણાંને મન તદ્દન મામુલી પ્રસંગ હોય તેવા પ્રસંગમાંથી એકદમ કંઈક lightning flash જેવો ચમકારો કે નવી સમજણ કે નવી પ્રેરણા મળી જતી હોય છે. મનમાં મંથનો થવા દેજો. જાગવા દેજો. ક્યાંયે પડી રહેવાનું નથી. પડી રહેવાયું તો જાણજો કે જીવનનો ઉદય થતો બંધ થયો.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દેહધર્મ - પૂર્વ સંસ્કાર

સ્વજન : શરીર પાસેથી સખત કામ લઈએ એ પણ એક પ્રકારનું તપ જ ગણાય ને ? હું સખત મહેનત કર્યા કરું છું. આ બધું પૂર્વજન્મના સંસ્કારનું, જ પરિણામ હશે ?

શ્રીમોટા : તમે જાતે એટલી બધી મહેનત કરો ને શરીરને હેરાનગતિ પમાડો તે ગમતું નથી. શરીર મંદિર છે. નકામું નથી. મિથ્યા પણ નથી. એને લડાવવાનું પણ નથી તેમ તુચ્છકારવાનું પણ નથી; એની યથાર્થતા જો ખ્યાલમાં ના રહે તો જીવનમાં મળતાં કર્મોમાં તેવી સમજણ ક્યાંથી રહેવાની છે? કંઈ પણ કરવામાં નાનમ ન લાગવી જોઈએ તે ખરું છે, પણ તે સાથે શરીરને જે કામમાં લઈએ તે કામમાંથી જીવન ન મળ્યા કરતું હોય ને તે માત્ર ગદ્ધાવૈતરું જ હોય તો શરીર અને જીવનવ્યવહાર એ બધું કશા ઉપયોગનું નથી. ઊલટાં એ માત્ર આપણા નિરુપયોગીપણામાં ઉમેરો કરનારાં નીવડે છે. જે કંઈ કરીએ એની પાછળ સભાન જ્ઞાનપૂર્વકની સમજણ જગાડવાનું પ્રેરણાત્મક ચેતનાબળ ન રાખ્યા કરીએ તો જીવન કેવી રીતે સાંપડવાનું છે એની મને સમજણ પડતી નથી. શરીરને એવી રીતે કચડી નાંખવાનું નથી. એવું કચડી નાંખવામાં પણ જો જ્ઞાનપૂર્વકની જીવનની સમજણ પ્રકટ કરવાની તમન્ના દિલમાં પ્રકટ્યા કરેલી હોય તો તેમાં કચડાવાપણું નથી, પણ તે જીવનનો યજ્ઞ છે. પણ જેમાં નથી સાચી સમજણ કે નથી કંઈ કશી મહત્ત્વાકાંક્ષા કે નથી કોઈ ઉચ્ચ આશય - આદર્શનું જીવતું જાગતું સ્મરણ - તેવા જીવનમાં મને તો રસ નથી પડતો. માનવીને ત્યાં ઢસરડો તાણવો કેમ ગમતો હશે ? એને જો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સાચો કંટાળો આવતો હોય - તો એમાંથી ઉગરવાનું કેમ નહિ સૂઝતું હોય ? કે પછી એવા ઢસડાતા જતા જીવનના વ્હેણમાં આંખો મીંચીને તણાયા કરવામાં ઈતિ કર્તવ્યતા હશે ? કે ઢસડાઈ જઈએ છીએ એનુંયે ભાન હશે કે કેમ ? ક્યાંયે કશાનુંયે ભાન જાગતું હોય તો સારું. જીવનના વ્હેણના ચીલા ભલે કર્મ સંસ્કારથી પડ્યા હોય; પણ માનવીનું જીવન એ કંઈ માત્ર કર્મના શુષ્ક યાંત્રિક નિયમોનું પોટલું નથી. માનવી જીવનમાં ફૂટતાં કે વહેતાં વલણો ભલે કર્મ - સંસ્કારનાં પરિણામે હોય પણ એને રચાનાત્મક વળાંક આપવાને માનવીનામાં કોઈ અનિર્દશ્ય - અનિર્વાચ્યશક્તિ રહેલી જ છે. જેનો આધાર તે પ્રકટપણે લઈ શકવાનું ધારે તો તે કર્મના પરિણામને - જીવનના વ્હેણને ઊંધી રીતે વ્હેતું જતું અટકાવવાને જરૂર સામર્થ્યવાન થઈ શકે છે. કર્મનો નિયમ ભલે અટલ હોય પણ તે કરતાં માનવી જીવનની શક્યતાની અટલતા અનેકગણી ચઢિયાતી છે તે ખ્યાલમાં રાખજો.

સ્વજનબહેન : મારું શરીર સારું નથી રહેતું અને એ મારી સંભાળ લેતા નથી.

શ્રીમોટા : ''સુખે સાંભરે સોની ને દુઃખે સાંભરે રામ'' એમ આપણામાં એક કહેવત છે. ભગવાને તને દુઃખ આપ્યું છે. તોયે તું એને સંભારતી નથી તો તું એને ક્યારે યાદ કરવાની ? બને તેટલું ભગવાનનું નામ લીધા કરજે. અને આખો દિવસ ઉમંગથી જે તે કર્યા કરવાનું રાખવું. તારાં સાસુ - સસરા આવ્યે તેમની હૃદયથી નમ્ર ભાવે અને પ્રેમભાવથી ખૂબ સેવા કરજે. ગમે તેમ કહે તો તે સાંભળી લેવં. મનમાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઓછું આણવા દેવું નહિ. આપણી પ્રસન્નતાની માત્રા જરાકે ઓછી થવા ના દેવી. એમનો પ્રેમ ને આશીર્વાદ જો તું સંપાદન કરી શકીશ તો મને ઘણો આનંદ થશે.

શરીરના ઉપાય કરવા ખરા પણ શરીરની ચિંતા ન કરવી. પતિ પ્રત્યે ભક્તિભાવ રાખજે. એ તારી સેવા કરે કે ન કરે તેની કશી અસર મન પર ન થવા દેવી. આપણે આપણો ધર્મ બજાવવો. જે પોતાનો ધર્મ આચરવામાં પોતાના મનને કેન્દ્રિત રાખે છે તે બીજાને આપોઆપ પોતાનો ધર્મ સૂઝાડ્યા વિના રહી શકતો નથી. કોઈ જાતનો આગ્રહ આપણે એના પર કરવો નહિ. ભગવાનનું નામ ખૂબ લેતી રહેજે.

ખરું જીવન

સ્વજન : આધ્યાત્મિક માર્ગે જીવન જીવવું એ જ ખરું જીવન છે. એ રીતે ન જીવનાર મડદા જેવો છે એમ મને લાગે છે, પણ મનગમતું મેળવવાના સુખમાં તો પેસી જ જવાય છે અને દુઃખ થતાં જીવનમાં નીરસતા અનુભવાય છે.

શ્રીમોટા : ખરું જીવન નહિ જીવી જાણનાર મૂડદા જેવા છે એમ તમે કહો છો તો પોતાનાથી બને તેટલું બધું ભગવાન પર ભરોસો રાખીને કરી છૂટવાની હિંમત આપણે દાખવવી જ પડશે. આનંદ તો મનગમતી વસ્તુઓની પ્રાપ્તિ થવાથી અથવા મનગમતું મળવાથી મનને મળે છે. પરંતુ તે આનંદની પાછળ દુઃખ જ રહેલું છે. નિષ્પ્રેમીને આનંદ ક્યાંથી હોય ? આવા વેવલાવાડા આપણે મૂકી દેવા ઘટે. પ્રભુના ચરણમાં માથું મૂકીને પ્રેમ કરવા માંડીશું તો પછી આનંદ ને આનંદ જ છે. ''જીવન નીરસ છે'' એ કથનમાં તો આપણી પામરતા ને અજ્ઞાનતા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સિવાય બીજું કશું સૂચવાતું નથી. જો કે ઘણીવાર તમે બધા છેક એવા હોતા નથી. તેમ છતાં તેવું કહો છો.

સઘળું સારા માટે

સ્વજન : મારી પત્નીને દિવસ રહ્યા છે. પણ મને શક છે કે ગર્ભ નહિ રહ્યો હોય, કેમ કે અમારા ઘરમાં બધાંને શંકા હતી કે એ સંતાન જન્માવી શકે એમ નથી. ડૉકટરને બતાવ્યું છે – આપ આ બાબતમાં મારા વિચારોને ઠારો એવી પ્રાર્થના કરું છું.

શ્રીમોટા : એને મહિના રહ્યા છે એમ ડૉકટરોનો મત છે. મારા કહેવાથી શું વળવાનું છે ? હશે. જે થવાનું હોય તે થયા કરે. એમાં પછીથી ચિંતા કરવાની જરૂર ના હોય. એ અનુભવ પણ કોકની આંખ ઉઘાડનારો તો બનવાનો જ. જ્યાં સુધી ગર્ભ છે એમ જાણ હોય તો શક ના થાય.

પણ જો ગર્ભ હોય તો એને દુ:ખાવો કેમ થાય ? ને દુ:ખાવો ખૂબ થાય છે એવું એણે ડૉકટરોને જણાવેલું કે કેમ તે પૂછી જોશો. વળી, એને ગર્ભ રહ્યા પછી બે વાર તો દૂર બેસવા જેવું બનેલું એમ ખબર પડી હતી. ગમે તે હો આપણે હવે કશા વિચારના વમળમાં ના પડવું. મારી પાસેથી એવી જાણવાની ઈંતેજારી રાખવી નહિ. વાજતું ગાજતું સહુ માંડવે આવશે ત્યારે જણાવાનું જ છે. જે કંઈ બને તે કંઈ અમસ્તું તો બને જ ના. મારે મન તો એમાં પણ હેતુ જ હશે. એટલે બસ ભગવાનની ધારણામાં જીવતા રહી શકાય એવું જીવવાનું કરજો.

હવે તો કશું વિચારવાનું ના હોય, પણ એ જેટલું ભગવાનનું નામ લેશે. ને જો ગર્ભ હશે તો એ રીતે પણ લાભ છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તમને પણ શંકાવાળું તો લાગે છે, પણ ડૉકટરો કહે એટલે આપણું કશું જ કહેલું ખોટું જ જાણવું. શંકા પર આધાર રાખવો બધો વ્યર્થ. એને બિચારીને બૈરીમાંથી બાતલ ગણી કાઢેલી એટલે આ રીતે આપણને સાબિત કરી આપ્યું તે પણ ઠીક થયું. નકામી રીતે એક જીવાત્માના જીવનને તદ્દન બેપરવા રીતે ફગાવી દેવા આપણે તૈયાર બનેલા; ને આપણી આવી માન્યતા કેટલી અજ્ઞાન ને મૂર્ખતા ભરેલી હતી ને કઈ ભૂમિકા પર રચાયેલી હશે તે તો પ્રભુ જાણે.

વ્યવહાર અને અધ્યાત્મ

સ્વજન : હવે મને ઠીક પગાર મળવા માંડ્યો છે. પણ મને પૈસા માટે રાગ નથી – આવે તોય શું – ન મળે તોય શું – એમ થયા કરે છે. આને વૈરાગ્યવૃત્તિ કહેવાય ખરી ? વળી, પેલી વાત કહું – મારી પત્નીને ગર્ભને બદલે ગાંઠ હોય તો કઢાવી ના નંખાય ?

શ્રીમોટા : તો હવે રકમ બચાવવાનું જરૂર કરો. અડીઓપટી વખતે કંઈ રકમ પાસે ના હોય તો તે શરમભરેલું ગણાય. કોઈનું પણ દેવું કરવું એ મને તો માથાવાઢ જેવું લાગે છે. દેવાથી હું તો સદા ભડકતો રહેતો આવ્યો છું. દેવાદાર માનવી નફકરો કેમ રહી શકતો હશે એની મને તો સમજણ નથી પડતી. તેથી કોઈનુંયે કશું લેવા વારો ન આવે તેટલા માટે હવે તો ઠીક રીતે બચાવતા રહેશો. મારી તો તમને પહેલેથી તે શિખામણ છે. માનશો તો ઐહિક રીતે પણ ઠીક પડશે. નહિ માનો તો ખત્તા ખાશો.

માનવીનં જીવન અનેક મહત્તાથી ભર્યું છે. પણ એનં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આપણને ભાન નથી. આપણે મન જીવન એ જીવન નથી, પણ જાણે રમત પણ નથી, પણ જાણે કંઈ ફેંકી દેવા જેવી કાંઈ ચીજ હોય તેમ એને ફેંકી દીધા કરીએ છીએ. તેમાં પણ કશો નથી રસ કે નથી ઉત્સાહ કે નથી ચડસ કે નથી કશી જાતનો આવેગ કે આવેશ કે નથી કોઈ પ્રકારનો તનમનાટ. આને વૈરાગ્ય કહેવાતો હોય તો વૈરાગ્યનાં પણ લક્ષણો - માપ - ગણતરી કે સમજણ હોય છે. પણ જે કંઈ કરીએ તેમાં હવે તો ભાવના રસ - ભક્તિ પ્રેમભાવ - પ્રકટાવવાનું રાખીશું તે પ્રભુકૃપાથી ફળવાનું છે, બાકી તો રામ તારી માયા. તમારા તરફથી કશો જીવતો પ્રયત્ન આ બાબતમાં નહિ બને તો મારી ગમે તેટલી ઈચ્છા હોવા છતાં પ્રભુ મને કોઈ રીતે ફાવવા દેવાનો નથી. તે પણ નક્કી માનશો.

કેટલીકવાર તેવી ગાંઠ હોય તો પણ તે નીકળતી નથી એવું કેટલાંકને મેં જોયું છે. કદાચ ફરીથી ગર્ભ રહેવાવાને માટે તે નાલાયક પણ બની જાય છે; પણ કોણ જાણે શું યે હોય ! પણ એ બાબતમાં આપણે હવે પ્રભુના હાથમાં સોંપીને એને જ ભજવાનું રાખ્યા કરીએ એટલે બધું જ સારું થવાનું હશે તે થશે.

આર્થિક સંકડામણ

સ્વજન : મોટા, આપને ખુલ્લા દિલે કહું છું કે અમારું જીવનધોરણ પ્રમાણમાં ઠીક ઊંચું રાખીએ છીએ. હવે એને પહોંચી વળવા સતત પૈસા-ટકાની સંકડામણ અનુભવાય છે અને એથી ચિંતા પણ રહ્યા કરે છે. જીવનનું અંતિમ ધ્યેય તો પ્રભુમય થવું એ જ છે. પણ આ કારણે એ તરફ પળાતું નથી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્રીમોટા : તમે જે ખુલ્લા દિલે કહ્યું તેથી કોને આનંદ ના થાય ? આર્થિક મુશ્કેલી તમને નડ્યાં કરે છે ને એથી મન ચિંતાતુર રહ્યા કરે છે તે સમજી શકાય તેવું છે. પણ એના મૂળમાં ઊતર્યા વિના એનો ઊકેલ કદી પણ થઈ શકવાનો નથી. આપણી હાજતો જેમ બને તેમ ઓછી નહિ કરીએ ને બને તેટલું કરકસરથી ચલાવવાનું જ્યાં સુધી મનમાં નક્કી નહીં કરી શકીએ ત્યાં સુધી એવી જાતનું દુઃખ ઊભું રહેવાનું જ. શહેરનાં જીવન એ તો ફટકીયા કાચ જેવા છે. જીવનને ઉધમાતિયાપણું – ખાલી ઠઠેરો, ખાલી ડંફાસ – ખાલી હુંપદ વગેરેનું અનુકરણ કરવાનું એવા શહેરી જીવનમાંથી જ મળ્યા કરે છે.

આજકાલનાં શહેરોનું જીવન આપણા આર્યસંસ્કારોથી તદ્દન નિરાળું ને અધર્મ્ય છે એવું મને તો લાગે છે. એમાંથી પણ જીવનને ખીલવી કે કેળવી ન જ શકાય એવું કહેવાનો મારો ઉદ્દેશ નથી; પણ જ્યાં વાતાવરણમાંથી જીવનને પ્રેરણા ન મળે, જ્યાં જીવનને યોગ્ય સંસ્કાર નથી, જ્યાં જીવનને ઊલટું ગૂંગળામણ જેવી સ્થિતિ પ્રાપ્ત કરવી પડે છે ત્યાંથી જીવન મેળવવાની ઇચ્છા એ તો આકાશકુસુમવત્ છે.

જીવનનું જે ધ્યેય હોય તે ધ્યેયને અનુકૂળ વાતાવરણ એને ફળવાને માટે જરૂરનું હોય છે. જે ધ્યેય પ્રમાણે જીવનને ગાળવા ઇચ્છો છો એને તથા પૈસાને કેટલો મેળ હશે તે તો તમે જાણો. પણ પૈસાના વલોપાતમાં ત્યાંનું જીવન તો જીવાયાં જવાનું છે એમ લાગે છે ને એવા વલોપાતમાંથી કંટાળો – નિરાશા વિના બીજું શું સંભવી પણ શકે ? શું ત્યારે બીજા જે કમાઈ શકતા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હશે એમના જીવનમાં સુખ નહિ હોય ? હોઈ શકે. પણ એવાને મન જીવનનો પ્રશ્ન જ નથી. જીવનનું સુખ તેઓ સમજતા નથી. તેઓ તો ઢસરડો તાણવામાં જ બસ મશગૂલ છે. એવાને મન જીવનની કિંમત નથી. તમને જો જીવનની જ કિંમત મહત્ત્વની હોય તો જીવન સરળતા ને સાદાઈથી ચાલી નભી શકે એવું સ્થળ શોધવું રહ્યું. પૈસાનો મોહ છોડવો રહ્યો. ભગવાનને જ વરવાનું ચહીશું - એને જ સર્વ મહત્ત્વ જીવનમાં આપવાનું દિલથી ઉમળકાથી રાખીશું તો એ જીવનને કસોટીમાં આકરામાં આકરી કસોટીમાં મૂકી તો દેશે પણ એવા કાળમાં જો શ્રદ્ધા વિશ્વાસથી જીવી - ટકી શક્યા તો પછી જીવનનો આપણો સર્વ ભાર પ્રભુ ઉપાડી લેવાનો છે એ વિષે તો મારા મનમાં શંકા નથી.

જીવનમાં લક્ષ્મી ને લક્ષ્મીનારાયણ બન્નેને એક સાથે ભજી નહીં શકાય. જે તે એકને આપણે વરવાનું નક્કી કરવું જ પડશે. અને તે નક્કી કર્યા પછી એને અનુકૂળ વાતાવરણ મળતાં સુધી જ્યાં હોઈએ ત્યાં એ માટેનો સતત જીવતોજાગતો પ્રયત્ન - સાધન કરવાં જ રહ્યાં. ''મારે તો આ બાજુ જવું છે'' ''જવું છે'' - એમ માત્ર ખાલી પોકારવાથી એક ઈંચ માત્ર પણ આપણે અગાડી જઈ શકવાના નથી. જીવનમાં સાહસ કર્યે જ છૂટકો છે. અંધારામાં આમેયે આપણે અથડાઈએ તો છીએ, તો આ જાણીને તેમાં ભૂસકો મારવાનો છે. ગમે તે આવો કે થાઓ તેમાં પ્રભુકૃપા માની મનને પ્રસન્નચિત્ત રાખવાનો જો અભ્યાસ કેળવ્યાં કરીશું તો કોઈ પણ પરિસ્થિતિ આપણને દાબી દઈ શકશે નહિ: આપણે આખરે તો માનવી છીએ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એટલે આપણામાં રહેલો આત્મા સર્વ કંઈથી પર છે, પણ એવો એનો અનુભવ થવા સારુ એને યોગ્ય મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહંને કેળવવાં જ પડવાનાં - તે વિના જેમ ખારી જમીનમાં અનાજ ઊગી શકતું નથી તેમ તેવો અનુભવ આપણને થતો નથી. પછી આપણને તેવા જીવનની ખૂબી, રહસ્ય, તારતમ્ય ન જણાતાં એને ન સમજી શકીએ તો તેમાં કશી નવાઈ નથી.

એક વસ્તુના ખ્યાલમાં આમ તો એને ખોળી કાઢવા એનું તત્ત્વ સમજવા પશ્ચિમના વૈજ્ઞાનિકો કેટકેટલું મરી મથે છે, કેવા એની પાછળ લગાતાર એકધારું મંડ્યા રહે છે ત્યારે તે એનું સત્ત્વ પામી શકે છે. જ્યાં સુધી એવું કરવાની આપણી હિંમત કામે વળગે નહિ, એવી દાનત જાગે નહિ, ત્યાં લગી જીવન જીવનની બૂમો મારવી એ વ્યર્થ છે. ડૂબતો માણસ બચવાનાં તરફડિયાં તો મારવાનો જ, એટલું પણ આપણે કરી શકતાં નથી એ આપણું દુર્ભાગ્ય છે. એ આપણા જીવનની માત્ર કાયરતા જ સૂચવે છે. આપણને જીવનની પડી જ નથી. એમ કહું તો મને માફ કરશો.

સ્ત્રી પ્રત્યેનું દષ્ટિબિંદુ

સ્વજન : મારી પત્ની સાથે ઘણી બાબતમાં મારે બિલકુલ બનતું નથી અને વારંવાર ઝગડો થયા કરે છે.

શ્રીમોટા : તમારી પત્ની સાથેનો તમારો કલહ તમારું પોતાનું માનસ સૂચવે છે. હિંદુ સમાજનો પતિ - પોતાની પત્નીને માત્ર એક વૈતરું કરનાર મફતના મજૂર જેવી સમજે છે. વળી, એની મારફતે તે પોતાની હવસો પણ સંતોષી શકે; પોતાની સેવા પણ ઉઠાવડાવે. પોતાના ઘરની વ્યવસ્થા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સચવાવડાવે ને ભઠિયારાનું કામ પણ કરાવે. તેમ છતાં પોતે એના પર રુઆબ ચલાવે એ તો જુદું. આવું તો માત્ર આપણા જ દેશમાં સ્ત્રીઓ સહન કરી શકે છે. એ કંઈ ગુલામ નથી, તેમ છતાં આપણા લોકોનો વર્તાવ એના પ્રત્યે એવો જ છે. આપણો જુવાન વર્ગ એના પ્રત્યે કેવા હલકટ હવસની નજરે જુએ છે. એ જ આપણા સમાજની પડતીનાં કારણો છે. જે સમાજની માતા છે, સમાજને ઉછેરવાની છે એની જેવી જમીન હશે તેવી પ્રજા થવાની છે એનું જીવતું ભાન આપણા જેવા ભણેલાને થયું નથી એ પણ એક કમનસીબીની વાત છે.

આપણા સમાજમાં સ્ત્રીનું જીવન તો નર્યું કચડાયેલું છે. નાનપણથી જ એને કહેવાય કે, ''તું તો છોકરી છે. તારાથી આમ ના થાય, તેમ ના થાય.'' મોટી થતાં અમુક તરેહ તરેહની એના ફરતી વાડો ચણાય, બંધાય. એ બધાની માનસિક અસર એના પર થયા વિના રહી શકતી નથી. સ્ત્રીને પરણ્યા પછી ઘરના વાતાવરણને અનુકૂળ થતાં જે માનસિક જહેમત ઉઠાવવી પડે છે એના પ્રત્યે સહાનુભૂતિભર્યું કોઈનું વલણ નથી. તડામાર કરતી સાસુ વહુને હેઠી પાડવા તૂટી પડવા તૈયાર હોય છે. સંયુક્ત કુટુંબની માઝા આજે નષ્ટ થયેલી છે. આમ, અનેક રીતે આપણા સમાજનું સ્ત્રીત્વ હણાતું આજે દેખાય છે. એવી સ્થિતિમાં આપણે જે જીવન જીવનની બૂમો પાડનાર છીએ એની ફરજ, - ધર્મ, - કંઈ નહિ તો આપણા ઘરની શોભા ને યોગ્ય ધર્મ પ્રમાણે નવાજી શકીએ તો એનાથી થનારી પ્રજામાં કંઈક પ્રાણ, ઉષ્મા પ્રકટી શકવાનાં છે ને તેટલી સેવા પણ નકામી જવાની નથી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઘણા જુવાનિયા બહારથી કંટાળેલા, ત્રાસેલા, નિરાશા પામેલા ઘરે આવીને પોતાની રીસ કે માનસિક વ્યથા બૈરીના ઉપર કાઢે છે. યા બૈરીના તરફથી એવું નજીવું કંઈ કારણ મળતાં તે એના પર ઊતરી પડે છે તે વેળા એની પાછળની ભૂમિકા પરનું જામેલું વાતાવરણ જ મુખ્યત્વે તો, આવા ઝગડાઓમાં, કામ કરી રહેલું હોય છે. એટલે આપણા જેવાઓએ, જો બીજું ઝાઝું ન કરી શકીએ તોયે, ઘરના જીવનને પણ ખીલતું રાખી શકીએ તો આપણી પ્રજા પણ કંઈક એ પ્રકારની થશે. બાકી તો આપણે રંડાયેલા જેવા જીવીએ ને બાળકો પણ તેવાં થવાનાં છે અને સમાજનો એક પ્રકારનો ભાર ઋણ - આપણે વધારવાનાં. વિચારપૂર્વક, સમજણપૂર્વક જીવન જીવવાનું આપણને સૂઝ્યું જ નથી. જેમ ઊર્મિ ઊઠી કે બસ – તેની પાછળ તણાઈને તે પ્રમાણે વર્તવાનું જ કર્યાં કરીએ છીએ. ''આવ ભાઈ હરખા આપણે બંને સરખા'' એ વાળી આ તો વાત છે. એટલે આમાંથી જે આશ્વાસન મળે તે લેજો. બાકી તો આપણા સહુનો પ્રભુ છે જ. એને જોવાનું, જાણવાનું પામવાનું દિલમાં ઊગે ને તે જીવતું બને એ જ પ્રાર્થના.

સામાજિક - ધાર્મિક રિવાજ

સ્વજન : મારી પત્ની માતા બનવાની છે. હવે એને માટેની સીમંતવિધિ કરાવવી એમ મારા મા-બાપનો આગ્રહ છે. મેં આપને કહેલું કે મારી આર્થિક સ્થિતિ બહુ સારી નથી. આવી લોકરૂઢિને ધર્મને નામે ઠોકી બેસાડીને પરાણે એને કરાવવી એ ઠીક ગણાય ?

શ્રીમોટા : બની શકે તેટલં ભગવાનની ભાવના જીવતી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રહ્યા કરે એટલું કર્યા કરશોજી.

તમારી પત્નીને કહેશો કે ભગવાનનું નામ લીધા કરે. કંઈ નહિ તો એટલું તો કરે તોયે ઠીક છે. જો તે ભગવાનને નેવે મૂકશે તો પ્રભુ પણ એને નેવે મૂકશે. માટે તે લક્ષમાં લે એમ કહેશો.

તમારા માતાપિતા સાથેનો સંબંધ સજીવ બને તેટલું કર્યા કરશો. વળી, જ્ઞાતિના રિવાજ પ્રમાણે અમુક મહિને જે ધાર્મિક વિધિ કરાવવાની હોય તે લોકરૂઢિ પ્રમાણે ભલે થાય, પણ એ અંગે જે મોટું ખર્ચ થાય છે તેમાં કદી પણ સંમતિ આપશો નહિ. એક તો તમારી પાસે મૂડી નથી. બીજું આજે સમય અનુકૂળ નથી. જ્યાં હજારો લાખો લોકોને ખાવા અન્ન નથી, તે વેળાએ દેવું કરવું એ લાજમ નથી. દેવું કરીને તો કશું ન કરાય. દેવું કરીને શરીરને માટે પણ કંઈ ન કરવું એવું મેં તો પહેલાં નક્કી કરેલું. તમારાં માતાપિતા આ માટે વળગશે ને તેમાં તમારી પત્ની પણ ભાગ ભજવશે, પણ શાંત ચિત્તે, નમ્રતાથી કોઈની પણ સામું બોલ્યા વિના એ પ્રસંગ ઉકેલજો. એ પણ જો આવે તો એક કસોટી જ હશે.

પૈસા ધીરવા અંગે

સ્વજન : મોટા ! અમુક રાજવી મારા મિત્ર છે. અને આપના એક સ્વજન મોટા વેપારી છે. એમની પાસેથી મારા રાજવી મિત્રને પચીસ હજાર વ્યાજે મળે તો એમનું કામ થાય એમ છે. આપ આ બાબતમાં કંઈ કરી શકો ?

શ્રીમોટા : રાજાઓને પૈસા ધીરવાની હું કદી સલાહ ન આપું. રાજાઓના મનસ્વી જીવનમાં પ્રભનિમિત્ત બનાવે તો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેવું નિમિત્ત જરૂર બનું, પણ હાલ તો તેવું શક્ય થવું નથી. મારા એ વેપારી સ્વજનની જે રકમ છે તે બધે રોકાયેલી હોય છે. રાજાઓના કુંવરોને ઘણા લોકો પૈસા ધીરતા હશે એની તમને અને મને કલ્પના પણ નથી. ને વચ્ચે દલાલ લોકો કેટલાયે ખાઈ જતા હશે તે પણ આપણે જાણતા હોતા નથી. ને રાજા થતાં તે પૈસા કેવી રીતે પાછા મેળવવા એ પણ દુગ્ધા હોય છે ને વળી તમે એ ધીરાણની મુદત પાકતાં લગી એ રાજવી પાસે જ હશો જ એની પણ શી ખાતરી ? રાજાના કુંવરોને ધીરનાર ઘણા પડ્યા છે, તેની શોધ કરો. તે ખોળી કાઢો ને તે મારફતે તે રકમ મેળવવાની જોગવાઈ કરો તો કદાચ મેળવી શકો.

અન્યથા કર્તુમ્ - પ્રભુ

સ્વજન : મોટા ! મારાં પત્નીને મોટી ઉંમરે દિવસ રહ્યા છે એથી એને ગભરાટ થાય છે. મરી જવાશે એવી બીક લાગ્યા કરે છે. એણે કહેવરાવેલું કે આ વાત મોટાને કહેજો માટે કહું છું.

શ્રીમોટા : મોટી ઉંમરે ગર્ભ રહેવાથી બાળકનો જન્મ થતી વખતે વધારે દુઃખ થાય છે તે વાત સાચી છે, પણ તે બધાં મરી જ જાય એવું કશું નથી. બીજા એક સ્વજનની પત્નીને મોટી ઉંમરે જ ગર્ભ રહેલો - છતાં પોતે જીવે છે; ને જો મરવાનો ભય સાચો રહેતો હોય તો પછી ભગવાનનું અખંડ સ્મરણ જીવતું જાગતું કેમ કરતી નથી ? એમ મારા વતી એને પૂછજો. એવા માનવીને તો બીજું સૂઝવું જ ના જોઈએ. તે ભગવાનનું નામ લેશે તો ગર્ભના જીવાત્માને પણ લાભ થવાનો જ છે તે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નક્કી. જો પોતે ને તે બચશે તો આવો ભય રાખીને હમણાંથી મૃત્યુને નોંતરવું એ ઠીક નથી ને મરાશે તો પ્રભુના ખોળામાં મરાય એવી ધારણા રાખવી સારી છે. રક્ષણ કરનારો પ્રભુ હજાર હાથવાળો ''કોઈક'' છે એની મદદ માંગવાનું તો સૂઝતું નથી. એવું જો થતું હોય તો સવળાનું અવળું ને અવળાનું સવળું કરનાર તે બેઠો છે.

પ્રભુ ઉપર શ્રદ્ધા વિશ્વાસ રાખશો. એ આપણને ભૂખે મારે છે તેમાં પણ એનો કલ્યાણ હેતુ હોય છે જ. પણ આપણને સૂઝતું હોતું નથી.

અંગ્રેજી ભણતરે આપણને સાવ લૂલા પાંગળા બનાવી દીધા છે. કશું જ નવું ન સૂઝી શકે એવી પાંગળી લૂલી બુદ્ધિ એ ભણતરથી થઈ જાય છે.

તમારી પત્ની માટે શું કહેવું ને કથવું ? જે દુઃખનાં રોદણાં રડશે તેનું દુઃખ કદી ઓછું થવાનું નથી. ઉલટું વધવાનું છે. એને ભગવાનને ભજવાનું એકધારું મન થતું નથી. ભગવાનને ભજવાથી કંઈ દુઃખ જતું રહે છે એવું કશું હોતું નથી. ઘણી વખત તો દુઃખ વધે છે. એવી દુઃખની તાપણીમાં અગ્નિ પરીક્ષામાંથી જે અણીશુદ્ધ પસાર થાય છે તે ભક્ત જ્ઞાની, યોગી સાચો ઠરે છે. બાકી આપણે તો પામર માનવીઓ છીએ. માટે દયા કરો.

શરીરનો ઉપાધિયોગ

સ્વજન : આપનું શરીર કેમ રહે છે ? મારે તો સ્વજન સાથે રહેવામાં દુઃખ જ રહ્યા કરે છે.

શ્રીમોટા : જેની સાથે સ્વજનભાવે રહ્યા તે ભાવ જીવનની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉચ્ચ કક્ષાનો બની શકે તેવી રીતે રહેવું. તેમાં જીવનમાં આજે ભલે દુઃખ હોય, પરંતુ તે દુઃખને જે તપશ્ચર્યા માને છે તે જ પોતાનામાં સાચું જીવન પ્રગટાવી શકવાનો છે.

જીવનમાં જેને વળગવાનું બન્યું તેને સદ્ભાવપૂર્વક વળગી રહેવું ને એવા વળગી રહેવામાં ભલે પછી દુઃખ પડે તો દુઃખ અને તેમાં કશું બીજું ન ઊઠવા દેવું. તો જ તેવી વ્યક્તિ સાથેનું આપણું પ્રારબ્ધ ભોગવાઈ જવાનું છે.

શરીરનું તો શું કહેવું ? એ તો ચાલ્યાં જ કરે છે. શરીરને અને ઉપાધિને અનેક કાળની દોસ્તી છે. જગતમાં જ્યાં જ્યાં શરીર છે ત્યાં ત્યાં ઉપાધિ છે જ. ઉપાધિમાં જે ઉપાધિનાં દર્શન કરે છે તેને તે એકલી ઉપાધિ જ રહે છે. પણ ઉપાધિને જે સાધન માને છે તે ઉપાધિમાં હોવા છતાં ઉપાધિરૂપ બની શકતો નથી છતાં ઉપાધિને એ સ્વીકારે છે. જ્યાં સુધી શરીર પૃથ્વીતત્ત્વનું છે ત્યાં સુધી તે કર્મભોગી રહ્યા કરવાનું. અને એ રીતે જગતની ઘટના સાથે ને વિશ્વમાં થતા અનેક પ્રકારના આવિર્ભાવ સાથે તેનું સંધાણ હશે. તે તો ભગવાનનો કોઈ પરમ વિરલો ભક્ત યોગી સમગ્ર ભાવે થયેલો હોય તે જ સમજી ને જાણી શકે. બાકી તો આનંદ છે.

મુશ્કેલીમાં મદદ

સ્વજન : મોટા ! હમણાંથી થોડીક વધુ મુશ્કેલી અનુભવાય છે. મારા એક શુભેચ્છક મિત્ર છે એની પાસેથી પૈસાની મદદ લઈ શકાય ને ?

શ્રીમોટા : મિત્ર પાસેથી આપણે પૈસાની મદદ ન લેવી. એમનો આપણી પ્રત્યે પ્રેમભાવ છે એ પ્રભુની કૃપાનું પરિણામ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે એમ માનવું. એ પ્રેમભાવ વધે એવી રીતે આપણે તેની સાથે સદ્ભાવભર્યું વર્તવાનું રાખવું. જેના જીવનમાં ભગવાનનો ભાવ ગૂઢ રીતે પ્રવર્તેલો રહ્યા કરે છે તેને કોઈ ને કોઈ તે કશામાં વ્યક્ત થતો અનુભવાય ને તેથી પણ જો જેની બુદ્ધિ ભગવાનના પ્રેમભક્તિભર્યા ચિંતનમાં સતત એકધારી ન ઊતર્યા કરે તો તે જીવાત્માનું દુર્ભાગ્ય ગણાય. આપણને મદદ કરવાને ભગવાન તૈયાર હોય છે પણ તે આપણી રીતે નહિ. તે આપણને ઊંચે આણવાને અનેક રીતે પ્રસંગો સંપડાવે છે, છતાં એવા પ્રસંગોનું આકલન આપણાથી થઈ શકતું નથી એ આપણું દુર્ભાગ્ય છે.

મુક્તાત્માનું અનુષ્ઠાન

સ્વજન : મોટા ! મારે ત્યાં આવીને રહો તો અમારું કંઈક થાળે પડે અને અમારામાં જીવનની ભાવના કંઈક ઊંચે આવે. આમ તો અમે સાવ જ અથડાઈ પડીએ છીએ.

શ્રીમોટા : તમારે ત્યાં આવીને રહેવાનું જીવનની સાધના અંગે જ બને. બાકી તો તમોને બીજી કોઈ રીતે, સ્થૂળ રીતે પણ ઉપયોગી નીવડ્યાં કરું એ તો ત્યાં ન હોવા છતાં પણ બને. ત્યાં આવીને જો અનુષ્ઠાન ન કરવાનું રહે ને તેવી ન થઈ જાય એવી રીતે કેન્દ્રિત રહ્યા કરે એવા સંજોગોમાં તમે રહી શકો તો જ ત્યાં આવ્યાનો કંઈ અર્થ સરે, બાકી એવું સંસારી રીતે રહેવામાં ખાલી અથડાવાપણું જ રહે. હું રહું તેટલા દિવસ સતત સ્મરણનો એકધારો ભાવ રાખવાનો પ્રચંડ પ્રયત્ન, અખંડ જાગૃતિ ને એકધારો ભાવ દિવસની સર્વ પ્રવત્તિમાં રાખવાનં કર્યા કરો તો જ રાત્રે કરેલા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અનુષ્ઠાનનો કંઈ અર્થ રહે. બાકી તો અનુષ્ઠાનથી જે ભાવના ઉદય થવાની હોય તે ભાવનાને યોગ્ય ભૂમિકા, આપણા માનસની, પ્રાણ કે ચિત્તની, ન રહ્યા કરે તો તે અનુષ્ઠાનનો ભાવ ને તેમાંથી ઉપજતી, ઉપજવાની ને ઉપજેલી અસર અન્યથાપણે પ્રગટ્યા વિના રહી શકતી હોતી નથી. ને બધું તટસ્થપણે હોવા છતાં ભોગવવું જ પડે છે, ને એવું ભોગવવામાં સૌ કોઈ તેવાં તેવાંનું પ્રભુકૃપાથી સ્મરણ રહે છે ને એવું ભોગવવું એ પણ એક પ્રેમસાધનરૂપે બને છે તે પણ એક ભગવાનની કૃપા પ્રેમલીલાનો પ્રતાપ ને પ્રભાવ છે. પણ તેથી સાધકના જીવનનું શું વળ્યું ? પરંતુ માનવી જ્યાં સુધી એવી નજર પ્રેમભક્તિજ્ઞાન વડે કરીને તેનામાં કેન્દ્રિત કરવાનો સતત અભ્યાસ પાડ્યા કરવાનું કેળવતો નથી ત્યાં સુધી તેનામાં ભગવાનનો ભાવ કશું ઉગાડી શકવાનો નથી, તે પણ નક્કી વાત છે.

આપબળ હોય તો કૃપાબળ છે જ. આપબળ કૃપાથી ભલે ઉદ્ભવે પણ આપબળની ઝંખના ને તેને પ્રત્યેક કર્તવ્યમાં તે રીતે ઉતારવાનું જો આપણે નહિ રાખીએ તો ભગવાનનો ભાવ ભલે સૂક્ષ્મપણે જીવનને ઘડ્યા કરશે, પરંતુ તેનો બહુ ઝાઝો અર્થ હું ગણતો નથી. એવું નમાલું જીવવામાં માનવીના જીવનની કશી સફળતા નથી. જીવનમાં જીવનનો સૌ કોઈને મળેલો ધર્મ તેના ઉગમ ભાવની રીતે આપણે અદા કરતા રહીએ ને તે પણ પ્રભુપ્રીત્યર્થે ને પ્રભુને સમર્પીને ને તેવો જ્ઞાનભાવ સતત એકધારો રાખ્યા કરીને જીવીએ તો જ જીવનરૂપે થવાનં છે. એવા ભાવનો ઉદય થવાને માટે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નામસ્મરણ જેવું સહેલું સરળ સાધન કોઈ નથી. તો તેમાં કૃપા કરીને મનને પરોવી રાખવા તમને મારી ઘણી પ્રાર્થના છે.

બિમાર પત્નીની સેવા

સ્વજન : હું મારી બિમાર પત્નીની સેવા કરું છું તો મારા સગાંઓ મારી ટીકા કરે છે ત્યારે મને મનમાં ખૂબ ખીજ ચઢે છે.

શ્રીમોટા : તમારી પત્ની એની તબિયત વિષે કશા વિચાર ના કર્યા કરે તે ઘણું જરૂરનું છે. શંકાવાળું માનવી સાચું મૃત્યુ આવતાં પહેલાં અનેક વેળા મરણ પામે છે.

પોતાની પત્ની રોગી હોય ને એની સેવા કરતાં લોક આપણને નિંદે તો ભલે. એ તો આપણો ધર્મ છે. પરંતુ તેવો સદ્ભાવ ને પ્રેમભાવ જીવનનાં જે બીજાં સગાં છે તેમની પ્રત્યે પણ વહેવા દેવાનો હોય જ. ભગવાન કોઈનું કંઈ અડી રાખતો નથી.

જે આશા કરે છે કે રાખે છે એની એવી આશાને નિષ્ફળ બનાવવામાં જ તેમના જીવનનું કલ્યાણ છે એમ મને લાગે છે.

આપણા વિષે ભલેને ગેરસમજૂતીઓ ફેલાય, પણ આપણું સર્વ પ્રકારનું મૂળથી સર્વ ભાવે - પ્રેમકલ્યાણભાવે ભૂંસાઈ જવું ઘટે. વ્યવહારિક માનવીઓ ભલેને ગમે તેવો એનો અર્થ કાઢે કે સમજે, પણ આપણે તો દિલમાં સર્વ પ્રતિ સદ્ભાવ જ જીવતોજાગતો રહ્યા કરે એટલું જ જોવાનું છે.

મોટાનો પ્રેમસ્પર્શ

સ્વજન : મોટા ! મેં મારી પત્નીને એમ કહેલું કે મરણ વખતે એ મને યાદ કરે તો સારું અથવા તો હું એને મારા મરણ વખતે યાદ કરું.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્રીમોટા : આ જાણીને મને તો ઘણું દુઃખ થયું. તમને શું મરવા માટે મરણ વખતે તે યાદ કરે ? કે તમે એમને મરણ વખતે શા માટે ઝખ મારવા યાદ કરો ? મૃત્યુ સમયે આવા સંબંધો યાદ કરવાનું જેનું મન ઝંખે છે એ તો મૂઓ જ પડ્યો સમજવો. તમારું મળેલું બ્રાહ્મણત્વ ને તમે કરેલો આટલો અભ્યાસ ને જીવનસંસ્કાર એ બધા મને ધૂળમાં મળેલા લાગે છે. વળી, તમે મને છેતરો છો એમ પણ લાગ્યા વિના રહેતું નથી. તમારા મનોભાવનું સાચું પ્રતિબિંબ નર્યું સ્પષ્ટપણે તેમાં હું જોઈ શકું છું. મને તેથી ઘણો આઘાત થયો છે.

મારે તો પ્રભુકૃપાથી મળ્યાં છે તેમના જીવનને કોઈ પણ રીતે પ્રભુની ભાવનામાં રંગવા છે.તમારાથી તમારા જીવનને ન રંગાવી શકાતું હોય તો કોઈના જીવનને રફેદફે કરવાનો તમને કશો અધિકાર નથી. એમાંથી સંપૂર્ણપણે હઠી જવાનું કરો ને એવા જીવાત્માનું સર્વભાવે ઊર્ધ્વીકરણ થાય એમાં કલ્યાણ વાંછવું ને તે પણ જો ના બની શકે તો જેવા પહેલાં હતા, તેવા પણ થઈ જવું હોય તો તમને સર્વ હક સ્વાધીન છે. પણ મારી સાથે કૃપા કરીને ખુલ્લા દિલવાળા રહ્યા કરશો તો તમારો આભાર માનીશ.

વિચારોની સૃષ્ટિ મુજ બીજી, બીજી વર્તન તણી
એવું કૃપા કરીને મારા જેવું ન રાખવા વિનંતી છે !

તમારાં પત્નીને મેં કહ્યું છે, પણ તે આપણા જીવનને એકબીજાં પ્રત્યે – જીવનધર્મ કર્તવ્યને – સાચી દિશામાં દોરવવામાં યોગ્ય રીતે પ્રેરણાત્મક બને એવો મારા હૈયાનો હેત હતો. ને છે: પણ જેના જીવનમાં પ્રભુ પ્રવેશ કરાવે છે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એનું એવું એવું પ્રભુ મને તો કોઈ કોઈ નિમિત્તે જાણ કરાવ્યા વિના રહી શકતો નથી. એ જ મારે મન તો મારો પ્રભુ હાજરાહજુર છે તે નક્કી.

મને કોઈનાય જીવનમાં બેળે બેળે પડી રહેવાનું જરાકે મન નથી તે નક્કી. પ્રભુ સર્વ કોઈનું કલ્યાણ કરે એ જ પ્રાર્થના છે. પ્રભુ આપણને સન્મતિ આપો ને આપણો યોગ્ય ધર્મ શો છે તેનું સ્પષ્ટપણે ભાનજ્ઞાન આપણને જીવનમાં પ્રકટાવો એ જ હું તો માગું છું. બાકી હું તો પામરમાં પામર માનવી છું.

પૂ. કાકાના જીવનભાવ સાથે પ્રભુભાવે તમારા પત્નીની જીવનભાવના ઓતપ્રોતપણે એકભાવે એકરસ થઈ જાય એવી મારી મનોકામના છે. એમનો ધર્મ પણ એ જ છે. ત્યાં તમારાં સંસ્મરણો એવાં નડતરરૂપ છે ને તમે એને જગાડવાનું ન કરો ને, તમે પોતે પણ તમારા ધર્મમાં પડો (પાછા હઠો) એ તો કોને ગમે ? છતાં ભણેલાને મારે શું વધારે કહેવાનું હોય ?

મોટાની સહાયથી સૂતરું

સ્વજન : આપની કૃપાથી મારી પત્નીને પ્રસવ સુખરૂપ થયો અને એનું જીવન બચી ગયું, બાબો પણ સારો છે.

શ્રીમોટા : જેનામાં ભગવાન મનવૃત્તિ એની કૃપાથી રખાવે છે એનું કેવું સૂતરું વહ્યાં કરે છે ને શૂળીનો ઘા સોયથી સરે છે એવા અનુભવ પ્રત્યક્ષપણે એણે કરાવ્યા છે, છતાં જીવનમાં એ પરમ મંગળમય પ્રભુનું મહત્ત્વ જામી શકતું નથી એ આપણું દુર્ભાગ્ય ક્યારે મટી જશે એ જ હું તો વિચારું છું.

જ્યાં એવાં વ્હાલામાં પ્રભુ કોઈ એની અગમ્ય લીલાથી મનવૃત્તિ પ્રેરાવે છે ત્યાં ત્યાં એ ભાવના કોઈને કોઈ રીતે ભાગ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભજવે છે એવો એ પ્રભુકૃપાનો ચમત્કાર છે. પ્રભુ જ આપણને દોરવતો હોય છે. જેને માનવી સારું ગણે છે તેમાં પણ એની કૃપા જ હોય છે ને જેને તે બૂરું ગણે છે એમાં પણ એની કૃપા જ વિલસતી હોય છે, પણ એનું ભાનજ્ઞાન તે તે વેળા માનવીને રહેતાં નથી. તેથી જ જીવનમાં એની કૃપાને રમત રમવાને અવકાશ રહી શકતો નથી; તો હવે આપણે એની કૃપાના એવાં જીવનમાં જ્યાં જ્યાં અનુભવ કર્યા કરવાનું રાખીને એને જ વધારે મહત્ત્વ આપ્યા કરીએ તો થતાં સર્વ કર્મ આપણાથી નથી થતાં, પરંતુ એનાથી થાય છે એવું ભાન રહ્યા કરતાં, કર્મમાંનું આપણું અહમ્ ઘટતું જશે તે જાણશો.

બાબાના શરીરના સમાચાર કહેતા રહેજો. એકવાર માંદગીના ખબર આપો ને પછીથી તે બાબતમાં કંઈ જણાવવાનું ભૂલી જાઓ તો મારો જીવ તો ઊંચોનીચો થયા કરે.

જેટલું બને તેટલું પ્રિય નામ લેતા રહેશો. ભગવાનની કૃપા-લીલા જીવનમાં જ્યાં ત્યાં અનુભવતા રહીને બધાંનામાં સુમેળ આપણો જામે એટલું જોયા કરવાનું રાખશો.

તમને મને બધી હકીકતથી જાણકાર રાખવાની પરવા પણ ક્યાં છે ?

માનવી પ્રકૃતિ મરણ સાથે જાય એમ કહેવત છે તે આપણી બાબતમાં સાચી નથી. પ્રકૃતિ ગયા વિના સાચો અદ્વૈતાનંદ કોઈ મેળવી શકતું નથી. એ માટે પ્રખર સાધના વિના કોઈ ઉપાય નથી. તે તો આપણને કેટલું સૂઝતું હશે તે રામ જાણે !

તમારાં પત્નીની બને તેટલી સારવાર કરજો.

ભગવાનનું નામ લીધાં કરશો ને જીવનની ભાવના

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હૃદયમાં ઊતરી શકે તે બાબતમાં જે કંઈ થઈ શકે તે જ્ઞાનભાનપૂર્વક કરતા રહેશો તો પ્રભુ તો પડખે જ છે એવો અનુભવ થયા વિના રહી શકવાનો નથી તે નક્કી. હું તો સાવ લૂલો, પાંગળો, આંધળો, ગમાર છું. એના પર આધાર રાખવો વ્યર્થ છે. પોતાને પૂરો સમજી જાણી શકવાને સાચા દિલથી મથશે એનો ભગવાન છે જ તે નક્કી જ છે.

મોટાની કાળજી

સ્વજન : મારાં પત્નીને પરુ થતું હોય એમ લાગે છે - આવા બનાવો વખતે આધ્યાત્મિકતાના ખ્યાલો ઢીલા પડી જાય છે.

શ્રીમોટા : જો તેની તેવી સ્થિતિ હોય ને પરુ નીકળતું હોય તો બીજે તેની યોગ્ય સારવાર કરાવવી જોઈએ. આ બાબતમાં જો કંઈ ખર્ચ માટે રકમ જોઈતી હોય તો વિના સંકોચે કહેજો. ચિંતા કરશો નહિ કે મુંઝાંશો નહિ. અને તેના સમાચાર મને આપતા રહેશો, હું કહું છું એટલે નહિ, પણ તમારો એના પ્રત્યેનો તે ધર્મ છે તેમ સમજીને.

જીવનમાં જે જે મળેલાં છે તેના પ્રત્યેનો ભાવનાપૂર્વકનો ને જ્ઞાનપૂર્વકનો યોગ્ય ધર્મ પ્રભુપ્રીત્યર્થના જીવતા ખ્યાલથી જ જે બજાવે છે તેનું જ નામ આધ્યાત્મિકતા છે. જીવનના ધર્મથી આધ્યાત્મિકતા કદી નોંખી હોઈ શકે જ નહિ, અને આધ્યાત્મિકતાને અને જીવનના ભાવનાપૂર્વકના - જ્ઞાનપૂર્વકના યોગ્ય ધર્મથી જુદી ગણવાનું બન્યું ત્યારથી જ આપણા સામાજિક જીવનનું પતન થયું છે. મળેલાં પ્રત્યેનો જે પોતાનો યોગ્ય ધર્મ બજાવી શકતો નથી, તેના જીવનમાં કદી આધ્યાત્મિકતા આવી શકવાની જ નથી તે નક્કી જાણજો.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આધ્યાત્મિકતાની મારી સમજ તો ઉપર પ્રમાણેની છે. એટલે તે બાબતમાં જે યોગ્ય લાગે તે કરજો.

મારે કરાંચી જવું છે. શરીરને આરામ આપવાને માટે અને એને Recamp કરવાને માટે ભગવાનની કૃપાથી પહેલાં ચોરવાડ જવાનો વિચાર થયેલો, પરંતુ તે કંઈ થોડું જ મારું પિયર છે ? પિયર વિના દિકરીને શાંતિ કે આરામ મળતાં નથી એટલે શરીરને માટે પણ મારે ત્યાં રહેવાની ઘણી જરૂર છે. તમે સાથ નહિ આપો ને સાથ નહિ માંગો તો કદી મળી શકવાનો નથી. બાકી માનસિક રીતે તો શું થતું હશે તે કહેવાથી કોઈ માનવાનું નથી. એવું પ્રત્યક્ષપણે ભગવાનની કૃપાથી બતાવાઈ શકાવાનું બને છે તો પણ માનવીના જીવનમાં સચોટપણે ઊતરી શકતું નથી તો તો પછી તો જે આંતરિક બન્યા કરતું હોય તેને તો માને જ કોણ ?

જે કોઈએ મારી સાથે સંબંધમાં રહેવું હોય તેમણે તેમની પોતાની પરિસ્થિતિથી મને up-to-date વાકેફ રાખવો જોઈએ. એટલે અમદાવાદમાં કે સાબરમતીમાં બે એક દિવસ તમારા તાર કે કાગળની રાહ જોઈશ. નહિતર પછી હું કરાંચી ઉપડી જઈશ.

સૌ કોઈની રાહે રાહે વર્તી શકવાનું હવે બની શકતું નથી. એટલે If you want to adjust yourself to me then you are welcome. If not, you are free and can do wharever you like. પણ જેમની જેમની સાથે ભગવાનની ભાવનાથી જોડાયેલો છું તે ભાવનાને જીવનના કલ્યાણની તમન્ના તે તે જીવાત્માઓમાં વધે તેનાથી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઊંધી રીતે જો કોઈની સાથે તમારું વર્તવાનું બનશે તો એક ઘડીવાર પણ તે સહન કરી લેવાશે નહિ તે જાણી લેજો. બાકી તો તમે મારા મિત્ર છો ને રહેવાના છો અને તમારી મુશ્કેલી તે મારી મુશ્કેલી એમ હું ગણવાનો છું તેય સાચું.

બાળકને બાળાગોળી આપવી એ તેને અકાળે મરણને નોંતરવા જેવું છે. બાળાગોળીમાં તો થોડું અફીણ પણ આવે છે. અને તમારાં પત્ની કહે તો પણ તે ના આપી શકાય. એ તો કાલ ઊઠીને એને ગળે ટુંપો દેવાનું કહેશે. તો પછી બાળકને જીવવા શું કરવા દો છો ? આ તે આપણી કઈ જાતની સંસ્કૃતિ કે સંસ્કાર કે બ્રાહ્મણપણું છે તે મને કંઈ સમજાતું નથી. એટલે કૃપા કરીને તેનામાં યોગ્ય સંસ્કાર ને વાતાવરણ આવી શકે એવું આપણે કરવાનું છે. બાળક વાતાવરણમાંથી એટલું બધું ગ્રહણ કરે છે કે જેની આપણને કલ્પના નથી. બાળક ઉત્પન્ન થયું તો બાળક પ્રત્યેના ધર્મ પણ અદા કરવા જ રહ્યા.

સાચી આધ્યાત્મિકતા

સ્વજન : સાચી આધ્યાત્મિકતા કર્મમાં જ છે ?

શ્રીમોટા : જીવનમાં જે મળ્યાં છે તેમની સાથે યોગ્ય હૃદયની ભાવનાથી જે ધર્મ બજાવવાનો આવેલો છે તે તે ધર્મના યોગ્યતાપૂર્વકના પાલનમાં સાચી આધ્યાત્મિકતા સમાયેલી છે. જે પોતાનો ધર્મ હૃદયથી પૂરો અદા કરે છે તે જ પ્રભુને પામી શકવાનો છે.

થોડું થોડું પણ કર્મમાં ભગવાનની ભાવના જીવતી રહે એટલી જાગૃતિ રાખશોજી. ભગવાન જો સહુનો છે તો આપણો કેમ નહિ ? તે તો આપણી સંભાળ લે છે જ. બાકી ક્યાં પેલા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભાઈ ને ક્યાં આપણે ! એમને ને આપણને શો સંબંધ ! છતાં તેઓ જે સંભાળ ને પ્રેમભાવ રાખે છે તે તો પ્રભુની કૃપા પ્રત્યક્ષપણે જાણે છે એવું જ હું તો માનું છું ને અનુભવું છું.

એકમાંથી બીજે નોકરી

સ્વજન : મોટા ! હાલ હું જ્યાં કામ કરું છું એના કરતાં બીજી જગ્યાએ થોડાક વધુ રૂપિયાથી કામ મળતું હોય, તો આ નોકરી છોડીને હું ત્યાં જઉં તો કેમ ? જો કે આ માટેનો નિર્ણય કરતાં મૂંઝવણ થાય છે ?

શ્રીમોટા : હું તો એમ માનતો આવ્યો છું કે જે જે પરિસ્થિતિમાં હોઈએ તેમાંથી આપણી મેળે વિખૂટા પડી જવાનું કદી પણ ના કરવું. તે કહાડી મૂકે કે ના કહે કે પોતાની અશક્તિ બતાવે ત્યાં લગી તે જ પરિસ્થિતિ માનવીને કોઈને કોઈ કર્મના પરિણામે - પ્રભુકૃપાથી - એના કોઈ જીવનના કલ્યાણ હેતુ કાજે મળેલી છે. કર્મ ને પ્રભુકૃપા એ બેના તાણાવાણા વિના માનવીને બીજા કશાથી કશું મળતું હોતું નથી. તેથી જે મળે છે તેમાં આપણાં પોતાનાં જ કર્મને તે સાથે - પ્રભુકૃપાનો જીવનનો હેતુ - મહત્ત્વપણે હોય છે. તે સાથે સાથે એમ પણ કહેવાય કે તે ભાઈનું તમને મળવું થવું ને આવી સૂચના કરવી તે પણ પ્રભુનું જ ગૂઢ સૂચન કેમ ના હોય ? તો એનો જવાબ એમ પણ દઈ શકાય કે જો તેવું જ હશે ને ત્યાં એને આપણને ખસેડવા હશે તો ત્યાંની પરિસ્થિતિમાંથી પણ તે ધક્કો મરાવશે જ. પણ પોતાની મેળે રચાયેલા પોતાના આંકડા તોડી નાંખવાનું કામ આપણું નથી. આપણે તો તે સહર્ષ સ્વીકારીને જીવનને માટે મળેલી પરિસ્થિતિનો ઉપયોગ કરવો જ રહ્યો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

"જે જે સર્વ પરિસ્થિતિ જગ મળે તે તે વિકાસાર્થ છે"
– તેવું મેં કહેલું છે. મને જીવનમાં મારી પોતાની જીવનસરણીથી એવું સમજાયું છે, પણ તમારે તેમ વર્તવું જ જોઈએ એવો કદી આગ્રહ કરતો નહિ. ને આગ્રહ કરું તો યે તેવા આગ્રહો પાળી શકાય કે કેમ તે પણ એક વિચારવા જેવો તો પ્રશ્ન છે જ.

કર્મબંધનનો ઉકેલ

સ્વજન : હવે આ રજાઓમાં મારાં બા મારે ત્યાં આવવા ઇચ્છે છે.

શ્રીમોટા : મે વેકેશનની રજામાં પૂ. બાને તમારે ત્યાં જાતે જઈને જોઈએ તો તેડી લાવો ને એની સેવાચાકરી કરો. તમારી પત્નીને મારા વતી એટલી વિનંતી કરજો કે એના દિલમાં જે જે રહ્યું છે તે બધું તમારી હૃદયની સેવાથી ધોઈ નંખાવશો તો જ કર્મબંધન તોડાવી શકવાનાં છે. કર્મ કંઈ એમ ને એમ તો નષ્ટ થવાનાં નથી. જે જે વ્યક્તિ આપણા માટે જે જે રીતેના વલણવાળું હોય તેની પ્રત્યક્ષ સેવાથી તે તે વલણમાં જરૂર સુધારો પડવાનો સંભવ રહે છે. એનો સંભવ હોય કે ના હોય તો પણ આપણાં વલણોમાં, જો પ્રેમભાવથી એની સેવા કરવામાં આવે અને એનામાં પ્રભુભાવના કેળવી શકવાનું જાગૃત ભાનજ્ઞાન રહ્યા કરે તો, આપણને તો જરૂર લાભ થાય જ.

દંપતીનો આદર્શ

સ્વજન : મોટા ! આપ કહ્યા કરો છો કે બધા જ સંબંધોમાં પ્રભુભાવ ધારીને વર્તવું જોઈએ. હું એ વાત સ્વીકારું છું, પણ પત્ની, પુત્ર વગેરે સંબંધો સાધનામાં, ભક્તિમાં ઘણીવાર અંતરાય પાડે છે. જુઓને પોંડિચેરીના શ્રીઅરવિંદ આશ્રમમાં તથા પૂ. રમણ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મહર્ષિના આશ્રમમાં લોકો એકલા જ રહીને સાધના કરે છે ને ! હા, એક પૂ. અંબુભાઈ પુરાણીનો અપવાદ છે.

શ્રીમોટા : બાળકના બરાબર ઉછેરનો તથા એના વિકાસનો પૂરેપૂરો આધાર, તમારા બંન્નેના સુમેળ પર ને તમારા બંનેનાં જીવનનાં દૃષ્ટિ, વૃત્તિ ને વર્તન વલણ પર છે. બાળક એ ભવિષ્યના સમાજની પ્રાણ - ચેતનશક્તિ છે, ને સમાજનો એ નિર્માતા છે એ જો આપણને સમજાતું હોય તો બાળકના ઉછેરમાં માતાપિતા - બંનેને રસ લાગવો જોઈએ. જીવનમાં જે જે મળેલાં છે એમને તેમની સાથે તેવા તેવા સંબંધના ભાવથી રહીને હૃદયથી તે તે પ્રભુભાવથી - તેમની તેમની જે સેવાભક્તિ જે જ્ઞાનપૂર્વક તલ્લીનતાથી કરી શકે છે તે પ્રભુનાં જ ભક્તિ જ્ઞાયોગમાં જોડાયેલાં રહી શકે છે. જે મળેલાં સાથે પણ સંપૂર્ણ પ્રેમભાવે જો કશું નથી કરી શકતાં, ને એમને અવગણીને - તિરસ્કાર કરીને ભગવાનને ભજવાને જાય છે તે નથી ભજી શકતો ભગવાનને કે નથી ભજી શકતો પોતાને. બુદ્ધિ કહેશે કે પોંડીમાં કે પૂ. શ્રી રમણ મહર્ષિને ત્યાં તથા પૂ. રામદાસ સ્વામીને ત્યાં જે અનેક સાધકો રહે છે તેમણે તેમનાં પોતપોતાનાંને છોડ્યાં જ હશે ને ? પણ પૂ. પુરાણીજીનાં પત્ની તથા તેમનાં દિકરીનો મને જે ચાર દિવસનો નજીવો મેળાપ ત્રિચિમાં થયો હતો તે પરથી કહી શકું છું કે તેઓએ, ખાસ કરીને પૂ. પુરાણીજીએ તેમને કદી પણ છોડ્યાં નથી. કોઈનાં મોટાં મોટાં છોકરાંને આશ્રમમાં રાખવાની રજા નથી હોતી, પણ શ્રી પુરાણીજીને પોતાની દેખરેખ નીચે પોતાની દિકરીને રાખીને ઉછેરી છે ને મોટી કરી છે ને પોતાની પત્નીના જીવનમાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પણ તેઓ રસ આનંદ લઈ રહેલા છે, બીજાની વાત જાણતો નથી.

તારો વાંક તને નથી વસતો કે તેવું તારું જોવાને તને મન નથી થતું. તે એક મોટું દુર્ભાગ્યનું ચિહ્ન હું ગણું છું. જે માનવીને પોતાના દોષ સૂઝતા નથી ને કોઈને કોઈ નિમિત્તે એના બચાવ કરવાનું જેને સૂઝે છે તે કદી પણ યોગ્ય થઈ શકતું નથી.

સુખની એક જાતની ને એક સરખી એક જ વ્યાખ્યા થઈ શકે તેવું નથી. સુખ તો, પ્રત્યેક માનવી પોતાની સુખની કલ્પના પરથી જ ઘડી કાઢતું હોય છે, ને સુખની કલ્પના કદી કોઈ પણ પરિસ્થિતિમાં એક પ્રકારની એકસરખી રહી શકતી નથી. તે કલ્પના તો બદલાતી ને ફરતી રહે છે. એટલે જે સુખની કલ્પના જિંદગીના જુદા જુદા તબક્કે ફર્યા જ કરતી હોય તે સુખમાં મઝા પણ શી ? આપણે તો એકધારું, અખંડ અવિનાશી ને સનાતન સુખ છે તે મેળવવાને પતિ - પત્નીરૂપે ભેગાં થયેલાં છીએ. પતિ - પત્નીનો સંબંધ એવું સુખ મેળવવા માટેનો છે; તે આપણા જીવનનો આદર્શ હોવો ઘટે.

તમે બંને જીવનમાં સરળ ભાવે સહાનુભૂતિથી તાદાત્મ્યભાવે જીવનના મહાઆનંદમાં ગરકાવ થયાં હશો અથવા એવું વલણ બન્યું હશે ત્યાં લગી ચેન કે જંપ વળવાનો નથી. ભલેને કેટલાયે જન્મો વહી જાય એની શી ચિંતા છે ? હું તો ભૂત જેવો તમને વળગતો રહેવાનો જ છું એની ખાતરી પ્રભુ તમને એની કૃપાથી કરાવ્યા વિના રહેવાનો નથી તે જાણજો. તારી પત્નીને કહેજે કે બાબાની પ્રેમભાવથી જાળવણી કરે. એને સુવાડતાં, ધવડાવતાં મઝાનાં ભજનો ગાય. પ્રભુનું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નામ હૃદયથી લેતી રહે. પ્રભુ જ મોટો છે. આપણે તો બધા સાવ પામર છીએ.

પત્ની ભાવના

સ્વજન બહેન : મોટા ! ઘરનું માણસ જે કાંઈ કરે એ સાચું છે એમ મનાતું નથી.

શ્રીમોટા : જે કંઈ કરીએ તે આપણે બન્ને એટલે કે તમે બંને એકબીજાના જીવન વિષે સુમેળ સાધીને કરવાનું રાખો. જીવનમાં જે હેતુથી બંને જીવાત્માઓ ભેગાં મળ્યાં છે એ હેતુની આડે જાણ્યેઅજાણ્યે આપણાથી કદાપિ નિમિત્ત પણ ન થવાય તે ધ્યાનમાં રાખવું. જીવન કલેશ, કંકાસ કે એવા કોઈ સાંકડા વહેણને માટે નથી.

તને જે કહું છું તે બરોબર કૃપા કરીને લક્ષમાં રાખજે અને વર્તનમાં ઉતારજે. જીવનમાં આપણે જેને મળેલાં છીએ તેનું હૃદય અને સદ્‌ભાવ જો ન મેળવી શક્યાં તો પછી જીવતરનો કંઈ અર્થ નથી. એટલે તારે તો કશા વિચાર જ ન કરવા અને મારો પતિ કહે તે સવાવીસ એમ માનીને સમતાથી પ્રેમભાવે વર્તવું. એ ગમે તેવું ઊંધું કહે તોયે આપણે મનને શરણભાવમાં રાખવાનો પ્રયત્ન કરવો.

સ્વજન બહેન : તો પછી મને એમ થાય છે કે સ્ત્રી એ શું ગુલામ છે ? બધે જ શું પુરુષનું જ કહ્યું ચાલે ? અમારે માટે કોઈ અવાજ જ નહિ ?

શ્રીમોટા : આપણને એમ થાય કે શું બૈરાં એટલે ગુલામ ? પરંતુ એ વિચાર તદ્દન અજ્ઞાનનો અને મૂર્ખામીનો છે. જગતમાં જાણ્યે અજાણ્યે ભલે તે પુરુષ હોય કે સ્ત્રી – એકબીજાનાં કહેવા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પર જ ચાલતાં હોય છે. ઘરના ક્ષેત્રમાં સ્ત્રીને દેખીતી રીતે ભલે પુરુષનું કહ્યું કરવાનું આવતું હોય, પરંતુ સૂક્ષ્મ રીતે બીજી ઘણીયે બાબતમાં સ્ત્રીનું જ ચાલ્યા કરતું હોય છે અને પુરુષને ઘરના ક્ષેત્રની બહાર બીજાનું જ કહ્યું કરવાનું હોય છે. એટલે એ વિચાર તારે ન કરવો. અને સાચા પ્રેમની ભાવનામાં ગુલામીનો પ્રશ્ન ઊઠતો જ નથી. આપણને સાચા પ્રેમની ખબર નથી એટલે જ આવી બધી મથામણો ને મંથન થાય છે.

તું જે અનુષ્ઠાનની વાત કહે છે તે ત્યારે જ બની શકે જ્યારે તને જે ક્ષેત્ર મળ્યું છે તે ક્ષેત્રમાં તું તારાથી સઘળું કરીને બધાંને પ્રિય થઈ પડે. કોઈ કહેશે કે એ તો થવું અશક્ય છે. આપણે ગમે તેટલું કરીએ તોયે બીજું કોઈ ન રીઝે તેને આપણે શું કરીએ ? પરંતુ આપણે જે જે કંઈ કર્યું છે તે પૂરતું હૃદયથી કર્યું છે કે કેમ અથવા કરીએ છીએ કે કેમ તેની મને ખાતરી થવી જોઈએ. પછી આખું જગત ભલેને તમારાથી રાજી થાય કે ન થાય તેની મને પરવા નથી, પરંતુ આપણાથી બને તેટલું સર્વસ્વ ને મન હૃદયના અત્યંત પ્રેમભાવથી ભગવાનની ભાવનાએ તેમાં તેમાં જો તેવી તેવી રીતે કરવાનું રાખીએ તો આપણું ખોટું બોલાવું તો ઓછું થશે. આપણા હૃદયમાં જો શુદ્ધ ભાવના હશે અને આપણું વર્તન જો નિર્મળ હશે અને એની મને પોતાને ખાતરી થઈ હશે તો જગત બોલે તેનો વાંધો ન હોય. તેમ છતાં જગતમાં પ્રભુ વ્યાપેલો છે એટલે જગતની અવગણના કે તિરસ્કાર આપણાથી ન થાય. એને પણ આપણે તો ભગવાનભાવે નમવું જ રહ્યું. એવો આ દોહ્યલો માર્ગ છે. એટલે એ બધો વિચાર કરીને તું તારો વિચાર જણાવજે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વળી, આ માર્ગમાં પ્રવેશ પામવો એટલે ગૃહસ્થજીવનના ને સંસારી ખ્યાલો ઉપર મોટો કુહાડો પડશે. માટે તે રીતે જીવન જીવવાનું કેટલું કઠિન છે એનો અત્યારથી તારે વિચાર કરી લેવો ઘટે. માનવીને સહજ એવી ઈંદ્રિયોને (ઈંદ્રિયો પાંચ છે) અને તેમની તે તે બાબતની વૃત્તિઓને અનેક રીતે હરી લેવાનું કે લઈ લેવાનું એમને એમ બની શકતું નથી.

બાળક માતાને પોતાના હાસ્યથી આનંદ પણ કરાવે છે અને પોતાનો મળ પણ મા પાસે સાફ કરાવડાવે છે. એવા આપણે જો મા પાસે બાળક બની જઈએ અને આપણી વૃત્તિઓને તેનામાં સમાવી શકવાને મનહૃદયની ઉત્કંઠ તમન્નાપૂર્વકની ભાવનાથી આપણી જાતને તેનામાં સમાવીએ તો મા મળ પણ સાફ કરે.

આ બધું કહેવામાં શબ્દથી બોલાવામાં સહેલું છે. તેની યોગ્યતા સમજમાં ઉતરે તેવી છે. હકીકતપણે સાચું હોય તેમ પણ લાગે છે. પરંતુ તેવુ થવામાં જ ખરી રમત રહેલી છે. એટલે એવું થવું હોય અને સંસાર એ તપશ્ચર્યાની ભૂમિકા છે એમ જો દિલમાં ઠસાવવું હોય, મનાવવું હોય અને મનને તે પ્રમાણે વર્તાવવાનું કરવું હોય તો મારી તો તૈયારી છે.

જગત તો પારકી વાતો કરવામાં જ હંમેશાં રાચતું આવ્યું છે અને રાચ્યા કરશે. પરંતુ આપણે બને તેટલો તેમાંથી ધડો લેવાનું રાખવું. મારે મન તો સ્ત્રીપુરુષ એ જુદાં નથી. પરંતુ સમાજની જૂની રીતભાતો અને અનેક પ્રકારની માન્યતાઓ જે છે તે જ પ્રમાણે જગત તો બોલવાનું. એટલે આપણે એમાંના એક ન થઈએ ને આપણે જગતથી પર થઈને વર્તીએ અને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સર્વ કંઈ કરતાં ભગવાનનું જ નામ લીધાં કરીએ અને કંઈ આડુંઅવળું થતાં એ વહાલાને જ આપણું બધું સોંપીએ ને આ બધું કરવામાં જો આપણો હૃદયનો સાચો ભક્તિભાવ હશે તો ભગવાન તે તે બધું આપણું સંભાળ્યા વિના રહેવાનો નથી તે ખચિત માનજે. બાબાને મારા વતી રમાડજે. એને ખૂબ ભજનો સંભળાવજે.

સ્વજન : હવે તો હું આપે સૂચવ્યા પ્રમાણે ધ્યાન વગેરે કરું છું. મારી પત્ની પણ એમ કરે છે.

શ્રીમોટા : તમે હવે નિયમિતપણે સાધના અને ધ્યાન કરવાનું રાખ્યું છે તે જાણી મારા જીવને તો આનંદ થયો છે. જે મસ્તીખુમારી, તેમજ શ્વાસોચ્છ્‌વાસ પર ધ્યાન રાખી હૃદયના ધબકારા સાથે જપ કરવાથી તમને જે આનંદ અનુભવાયો તે ભલે નજીવું હોય, પણ મારે મન તો એક મોટા આશ્વાસનરૂપે છે. તમારાં પત્ની પણ ધ્યાનત્રાટક કરે છે એ મારે મન આનંદની વાત છે.

ભગવાનની ચેતનાશક્તિ કે તેની ભાવના આપણા જીવનમાં જે કંઈ થોડી ઘણી છે તેના વડે કરીને આપણને મળેલી પરિસ્થિતિ - મળેલાં કર્મ - મળેલા સંજોગો - મળેલા સંબંધો એ બધું તેને જીવતું રાખવાને અને જે પ્રકારે જે મળેલાં છે તે રીતે જ આપણે તેનો ઉપયોગ કરવાનો છે.

હું તો માનું છું કે પતિ - પત્નીએ સાથે મળીને અને હૃદયના સહકારથી જીવનના ક્ષેત્રમાં ઝુકાવવાનું હોય છે. કોઈ કોઈનું કશું કામ જુદું હોતું નથી. એટલે આપણે તો ક્યાંયે જુદાપણું નથી. પરંતુ આપણને જે યોગ્ય રીતે ન સમજી શકતાં હોય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેવું કોઈ હોય ત્યારે એકબીજાના ઘરમાં થતાં વર્તન વિષે તેને ગેરસમજ ન જાગે તેવી રીતે તેવાની સાથે જ્ઞાનપણે જેટલું તેના યોગ્યપણામાં જાગે તો તે ન સમજનાર વ્યક્તિને પણ આપણા વિષે આકર્ષવાને પણ સંભવ રહેશે. આપણા અજ્ઞાન વડે કરીને કોઈનાયે હૃદયનો પ્રેમભાવ આપણે ન ગુમાવી બેસીએ તે તો આપણે સમજીએ છીએ. કારણ કે કોઈનોયે પ્રેમભાવ એ તો આપણા જીવનની મૂડી કે જીવનની શક્તિ સ્વરૂપે છે.

ચેતન પ્રગટાવવાની કળા

સ્વજન બહેન : મોટા ! તમે મારી એકલીના જ દોષ બતાવો છો અને વઢો છો - એમને તો કશું જ કહેતા નથી.

શ્રીમોટા : હું તને એકલીને જ કહું છું ને તારા દોષ બતાવું છું ને એને કશું નથી કે'તો એ તારી ભ્રમણા છે. તારા પતિને તથા બીજી એક સ્વજન બહેનને હું જેટલું વઢું છું કે તેને નિર્દય આઘાત આપું છું તે તો તે બિચારી એકલી અથવા તો તે પ્રસંગના જે સાક્ષી હોય તે જાણે. મારી સાથેના સંબંધમાં એવા આઘાતોને પ્રેમપૂર્વક સત્કાર કે સ્વીકાર કરવાની તૈયારી હશે તો જ તે સંબંધનો લાભ આપણે બધાં ઉઠાવી શકીશું. મારે તો આપણાં બધાં વ્હાલાંઓ પાસેથી બધુંય લેવું છે. જેમ તેમનાં પાપ મને વ્હાલાં છે તેમ તેમનાં પુણ્ય પણ મને વહાલાં છે. તેમનો કચરો પણ મને અત્યંત વ્હાલો છે. તેમની તેવી વૃત્તિઓ તથા તેમના જીવનનું એવું રચનાત્મકપણું એ મારો ખોરાક છે. પરંતુ તેવું પણ આપવાની કળા આપણે બધાં સ્વજનો શીખીએ તો તેનો પણ ઉપભોગ કરીને ઉપયોગ કરવાની કળા ભગવાને જે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સંપડાવી છે તેને જીવનમાં ઉતારવાનું પ્રત્યક્ષ બની શકે. મારે તો નરસુંયે જોઈએ ને સારું પણ જોઈએ. એવું બધુંયે આપતા રહો તો જ કંઈ ચેતનશક્તિ પ્રગટવાનો સંભવ રહે.

મારી ઘણી વિચિત્રતાઓ છે. પરંતુ તેવી વિચિત્રતાઓમાં મંને જે સાચી રીતે સમજવાનું કરે છે તેને તેવી વિચિત્રતાઓમાં કોઈ અનેરું દર્શન થાય છે. સૌ. બેન ને પૂ. કાકાની વાત આવે ત્યારે તેમને એકલાંને જ લઢું છું. ભૂલેચૂકે તેમનાથી પણ પ્રેમભાવે હૃદયના સંપૂર્ણ આદર્શ પ્રેમભાવે – જો કશું ન બને તો તેમાં આપણે જ દોષિત છીએ. મારા સંબંધમાં જે જે બીજી બહેનો છે તેમને તેમની તેવી જ રીતે ઠપકારવાનું બન્યું છે. એવા અનેક આઘાતો સહન કરવાની શક્તિ હોય એટલું જ નહિ, પરંતુ હૃદયથી એને સત્કારવાની ધગશ બને, તમન્ના હોય તો જ આપણો સંબંધ કામમાં આવવાનો છે.

અમારાં બધાંની વતી તારા બાબાને ખૂબ ખૂબ રમાડજે. તેને ભજનો સંભળાવતી રહેજે. બધું કામકાજ કરતી વેળા ભગવાનનું સ્મરણ કરતી રહેજે.

ભાંગ પીવાય ?

સ્વજન : સાધનામાં એકાગ્રતા માટે ભાંગ પીવાનું રાખું છું અને ગામની બહાર એકાન્તમાં સૂવા જવાનું પણ રાખું છું – એ બરાબર છે ને ?

શ્રીમોટા : ભાંગ પીવાનું હર વખત ન રાખવું. તેવી ટેવ યોગ્ય તો નથી જ. પ્રત્યેક વસ્તુનો જ્ઞાનપૂર્વક જીવનની ભાવના અર્થે ઉપયોગ થઈ શકે તો કોઈ વસ્તુ નકામી નથી. પરંતુ જીવનમાં એવી શુદ્ધિ ન આવી હોય ત્યાં સુધી ને કોઈ પણ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સાધનથી અશુદ્ધિ વધે તેવું સાધન આપણામાં ત્યાજ્ય ગણાયું છે.

ગામની બહાર સૂવાનું બને ત્યારે પ્રયત્નપૂર્વક અને જ્ઞાનપૂર્વક હૃદયમાં ભાવ પ્રગટે તેવા સાધનમાં ચેતનતાપૂર્વક પરોવવાનું બની શકે તો ભાવ રહે જ. કોઈપણ ઉપાયે કરીને ગમે તે સાધન દ્વારા ભાવનાનું સાતત્ય જળવાયા કરે તો જ આપણું કામ આગળ વધે અને હવે ભગવાનના સ્મરણમાં પ્રયત્ન ઠીક રહ્યો જાય છે તે એક સૂચક લક્ષણ છે.

સ્વજન બહેન : મોટા ! સ્વભાવમાં ચીડિયાપણું કેમ આવતું હશે ?

શ્રીમોટા : કૃપા કરીને કોઈ પણ બાબતે કે બાબતથી મનનું ચીડિયાપણું થવા ના દેવું. બને તેટલી શાંતિ ને ધીરજ રાખવી અને જીવનમાં જેને મળેલા છીએ તેનામાં પ્રેમભક્તિભાવે એક રસ થવાનું ભગવાનભાવે રાખવું.

મનમાંથી સર્વ જીવો પ્રત્યે રાગદ્વેષ જેમ જેમ ઓછા થતા જશે અને સર્વના કલ્યાણમાં જ તથા સર્વમાં ભગવાનની ભાવના દ્રઢ થતી જશે તેમ આપણું બધું સૂતરું વહ્યાં જ કરવાનું છે. પરંતુ ભગવાનના બનતાં પહેલાં ભગવાન આપણી અનેક પ્રકારની કસોટી અને તાવણી લીધાં જ કરે છે અને આપણને સર્વ રીતે પાકાં અને શુદ્ધ કર્યા પછી જ તે આપણને તેના પોતાના બનાવે છે. એટલે જીવનમાં સર્વ કોઈ પ્રસંગો, બનાવો કે પરિસ્થિતિ એ બધાં જીવનમાં આપણને ચેતાવવા રૂપે મળેલાં છે. એટલે ત્યારે તેમાં આપણે જીવનનો ખ્યાલ રાખીએ તો કોઈ મુશ્કેલી ઊભી થતી નથી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હરિ પુત્રને રડાવીશ નહિ એટલી વિનંતી છે. એનામાં ઊંચા સંસ્કાર પ્રગટે એવી રીતે તમે બંને સુમેળથી વર્તતાં રહેજો. એટલી બંનેને પ્રાર્થના છે. ભગવાનને હાજરાહજુર જાણજો.

હૃદયકેન્દ્ર પર લક્ષ

સ્વજન : સંસ્કૃતમાં કહેવાયું છે આત્માર્થી બીજાના દોષ જોતો નથી. આમ છતાં દોષ દેખાઈ જાય છે ખરા. પત્નીની ચાકરી કરતાં કેવો ભાવ ધારણ કરવો ?

શ્રીમોટા : ''આત્માર્થી દોષાન્ન પશ્યતિ'' એ વાક્ય તો બહુ જ સુંદર છે. જે સાચો આત્માર્થી છે એને બીજાના દોષ જોવાની વૃત્તિ જ ઉદ્ભવી શકતી નથી. ને જો કદીક ઊઠી હોય છે તો એનો હેતુ ત્યાં સાંસારિક નથી હોતો તે વાત પણ નક્કી.

હૃદય એ જ જીવનનું સાચું મૂળ છે. ત્યાં લક્ષ રખાયાં કરીને ત્યાં જ ચિત્તને એકાગ્ર, કેન્દ્રિત કરીને જો સર્વ કર્મ થયાં જાય એવી કળા સાંપડી જાય તો જીવ મુક્તાત્મા જરૂર થઈ જાય. આપણે એવો અભ્યાસ પ્રેમભક્તિ, શ્રદ્ધા જ્ઞાનભાવે ચેતનાપૂર્વક જાગૃતિથી કર્યા કરવાનો જીવતો જાગતો કેળવ્યાં કરીશું તો વસ્તુ સુલભ ને સહજ થવાની છે.

તમારાં પત્નીને રાત્રે સુખડનું તેલ ચોળો ત્યારે અંતરનો ભાવ માત્ર અંતરમાં હોય એવા એકાગ્ર કેન્દ્રિત ધ્યાનભાવે તે વિધિ થયા કરે તેમ કરશોજી. ભલે તે કામ એના દર્દ માટેનું હોય તેમ છતાં એવા હૃદયના ભાવથી કર્યા કરવાનું રાખવું કે જેથી સમગ્રપણે આપણને તથા એને લાભ થયા કરે. જે કંઈ કરીએ તે સાધનાભાવથી થયે જાય એવી ચેતનાપૂર્વકની જાગ્રતિ એનો લગાતાર એકધારો અભ્યાસ વિના સાંપડી જવી એ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અશક્ય વાત છે. માટે સાધકે પહેલાં તો તેવા અભ્યાસ પાડવામાં અથવા તો તેવો અભ્યાસ હૃદયથી કેળવાયે જાય તેમ ચેતનાપૂર્વક જાગ્રત રહીને સર્વ કર્મમાં તે ભાવ રાખવો જોઈએ.

સુમેળનું મહત્ત્વ

સ્વજન બહેન : મારો બાબો હવે થોડોક ચીડિયો બન્યો છે. બીજું, મોટા, તમે કહો છો કે મારે અકળામણ ન કરવી, પણ એમનો ભૂલકણો સ્વભાવ છે અને વ્યવહારમાં બિલકુલ સમજણ નથી એથી મને અકળામણ ન થાય તો શું થાય ?

શ્રીમોટા : કૃપા કરીને તમારી બે વચ્ચે વિખવાદ ના જામે એટલું જોજે. કર્મ માત્ર કરતાં કરતાં ભજન ગાતાં રહેવું. કદી પણ અકળાઈ ના જવું. બાળકનો સ્વભાવ જે છે તે તો માત્ર આપણા - એટલે કે પતિ - પત્નીના સ્વભાવનું પ્રતિબિંબ છે. તમારા બંનેના વચ્ચેની ક્લેશ ભૂમિકાનું તેમાં દર્શન થાય છે. એટલે તમારા પતિ પણ તે વિચારે. એના ભૂલકણાપણાથી ને બીજી વ્યવહારુ રીતના અણસમજુપણાથી તારે એના પરત્વે મનમાં રોષ ન આણવો ઘટે. તેમ તારા એવા દોષ જોઈને એણે પણ સંપૂર્ણ શાંતિ રાખી પરસ્પરને હૃદયના ખૂબ પ્રેમભાવે સાધનાનો ભાવ પ્રકટાવવા ચ્હાવું જોઈએ. ભગવાનનો ભાવ તો સ્નિગ્ધમાં સ્નિગ્ધ છે; પણ એવો પ્રેમ કરતાં કરતાં એમાં વિવશપણું કે વિમૂઢપણું ન પ્રકટતું હોય તે બાબતમાં તમે પૂરા જાગૃત રહેજો. એટલી તમને પ્રાર્થના છે.

ગુરુની ચેતનાશક્તિની ગ્રાહકતા

સ્વજન : હમણાં સ્વાધ્યાયમાં આપનું 'મનને'પદ વાંચું છું, પણ હજી વ્યવહાર કરતાં કરતાં આપની ધારણા પૂરેપૂરી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રખાતી નથી. આપની પ્રત્યક્ષતાનો અનુભવ મને નિરંતર ક્યારે થાય ?

શ્રીમોટા : સ્વાધ્યાયમાં 'મનને'વાંચવાનું રાખ્યું છે, તે વાંચતાં વાંચતાં એની ખૂબીઓ જણાય તે પણ કહેવું.

ત્રાટક, ધ્યાન, સ્મરણ આદિ કર્યા કરો છો તેમાંથી જ કોક દિવસ કોઈ અવનવો અનુભવ પ્રગટશે.

પ્રત્યેક કર્મ કરતી વખતે ગુરુની ચેતના પ્રેમભાવશક્તિનું સ્મરણ રહે તેવો પણ અભ્યાસ પાડતા રહેવું. તે આપણી પૂંઠે છે એવો અનુભવ જીવનમાં થવાની જરૂર છે. જે સાધક પોતાની ગુરુની ચેતના - પ્રેમભાવશક્તિનું સર્વ કર્મમાં હૃદયથી ભાન રાખે છે તેને એવા પ્રત્યક્ષ અનુભવ થયા વિના રહેતા નથી. અને એવા અનુભવ થાય છે ત્યારે જ તે ગુરુના જીવનની સાથે પોતાના જીવનને સાંકળી શકે છે ને એવું થાય છે ત્યારે જ ગુરુની ચેતના ભાવશક્તિને પ્રેરણાત્મકપણે પોતાના જીવનમાં ગ્રહણ કરવાને હૃદયથી શક્તિમાન થઈ શકે છે, તે વિના નહિ. અને જે સાધકને એવું થતું હોય છે કે એવું થયેલું છે તેવાને જ ગુરુનું સાચું મહત્ત્વ સમજાઈ શકાવાનું છે.

એના પ્રત્યેક કર્મની સૂક્ષ્મતા કે ભગવાન-ભાવ-પ્રેરકત્વ કેવું ને કેટલું છે તે તેવાને જ માત્ર સમજાશે. ગુરુની એવી જીવન, પ્રાણશક્તિને જે પોતાના રોજ - બરોજના જીવનવ્યવહારમાં સાંગો પાંગપણે જાગૃતિ કે ચેતનાપૂર્વક જોડી શકતો નથી હોતો તેવાને જીવનમાં તેનો ઉઠાવ કદી પણ સ્પષ્ટપણે અનુભવરૂપે આવી શકવાનો નથી તે વાત પણ નક્કી છે.

માનવી જીવનનું મહત્ત્વ જે કોઈ સમજે તેનાથી કદી પણ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બેસી રહી શકાય જ નહિ. આપણાં બધાંની સમજણ માત્ર ખાલી ઉપરછલ્લી છે. આપણને જીવન વિષે કશી પડી નથી. જો સાચી પરવા હોત તો આ જીવાત્મા આવી રીતે રખડ્યાં કરતો ન હોત. પરંતુ તેના દર્દીને કોઈની પડી નથી. ભગવાન આપણા હૃદયનાં સ્વજનોને ચેતાવે અને તેમને જીવનમાર્ગમાં હૃદયથી પ્રેરતા કરી દે એવી જ પ્રાર્થના છે. બાકી આપણા બધાંની મૂઢતાનો પાર નથી.

બુદ્ધિથી ને હૃદયની ભાવનાથી જે કંઈ કરીએ તેમાં જેને આપણે આપણા જીવનનો નિર્માતા માન્યો છે તેનો ખ્યાલ કરીએ. તેથી એને દુઃખ થશે કે સુખ થશે તેનો વિચાર કરીએ. જે રીતે જીવીએ છીએ એના કરતાં તો સાચું જીવન ક્યાં છે કે શું છે તેને વિષે જાણવાની આપણને સમજણ નથી. તે જાણવા વિષે આપણે બધાં મનન કરીએ, વિચાર કરીએ અને જીવનનો અર્થ સમજતા થઈએ એ પણ જરૂરનું છે. કંઈ કંઈને કેટકેટલું કહેવા છતાં અને લખવા છતાં આપણે બધાં ઊંચાં જ નથી આવતાં તેના વિષે પણ આપણે કદી વિચાર કરતાં નથી. ભગવાનની કૃપા, માત્ર બોલ્યા કરવાથી, મળી શકવાની નથી. જીવનમાં તેવી રીતે ભાવનાપૂર્વક જે વર્તવાનું કરે છે તેવાને જ તેની કૃપાનો અનુભવ થયા વિના રહેવાનો નથી. હૃદયના એકતારથી બધાં જેને ગુરુ માને છે તેની સાથે સમગ્ર અને કેન્દ્રિતપણાથી જીવવાનું રાખો તો તે હાજરાહજુર છે એવો અનુભવ પણ થયા વિના રહેશે નહિ. પરંતુ માત્ર કાળક્ષય કરવાને અર્થે જ જાણે મળ્યાં હોઈએ અને તે પણ જાણે યદ્વાતદ્વાપણે–એવું આપણું જીવન છે. એને હું જીવન કહેતો જ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નથી. માટે સમજો, સમજો, સમજો અને હૃદયની ભાવનાપૂર્વક ચેતનાજાગૃતિથી સર્વ કંઈ વર્તવાનું રાખો તો હવે જરા જંપ વળે. બાકી તે રડી રગદોળાઈને સર્વ કોઈ ઢોરની પેઠે જીવે છે. તેમ જીવવું હોય તો સર્વને ભગવાને છૂટ આપેલી જ છે.

આત્મજ્ઞાનનો મહાયજ્ઞ

સ્વજન બહેન : મોટા ! મેં આપને કહેલું કે હું ત્રાટક કરું છું અને દિવસનો કેટલોક ભાગ આપની ધારણા રાખ્યા કરું છું. આટલું કરવાથી અંતઃકરણો શુદ્ધ થઈ જશે ખરાં ?

શ્રીમોટા : પ્રયત્ન કરવાથી ત્રાટક જરૂર વધારે થશે તે નક્કી માનજે. એ વખતે સ્મરણ ને બને તેટલી મારી ધારણા રાખે છે અને દિવસના વખતમાં પણ ધારણા રાખવા પ્રયત્ન કરે છે તે આનંદની વાત છે.

સંસાર વહેવારના અવનવા ઉદ્ભવતા પ્રસંગોમાં જેની હૃદયની ભાવના કોમળ, શુદ્ધ અને પ્રેમભાવે રહી શકે છે તે જ ભાવના અંતે તો સાચી કહી શકાય. તમે બન્ને જો ખરેખરાં પ્રભુભાવનામાં નિષ્ઠ બની જાઓ તો તમારા જીવન દ્વારા કેટલાય જીવાત્માના જીવનમાં પગપેસારો કરવાની શક્યતા આ જીવાત્માને સાંપડી શકે. તમે બંને મારાં પ્રાણપંખેરું છો, પરંતુ તમે બંનેયે મને તમારામાં જીવાડ્યો નથી. એટલું જ નહિ, પરંતુ ઘણીયે વાર ગળચી પકડીને મારું ખૂન કર્યું છે. જીવાત્માની સર્વ વૃત્તિને ખાઈ જવાને પચાવી શકવાને તેનો વડવાગ્નિ પ્રજવલિતપણે યજ્ઞની દેવાતી આહૂતિની પળે ભડભડ પ્રગટ્યા કરે છે. પરંતુ તે વેળા તે વૃત્તિને સમર્પણભાવે તેનું સમૂળું રૂપાંતર કરાવાને માટે તે એક માત્ર સાધના છે અને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તે ભાવ દિવ્યસાધના છે. માનવી જીવનની કક્ષાથી કોઈ મહા સર્વોત્કૃષ્ટ ભૂમિકા ઉપરની તે હકીકત છે. તે બધું અલ્પજંતુ એવા માનવીના મનમાં કદી ઊતરી શકતું નથી. તે બિચારું પામર છે. એટલે સર્વ કોઈ વૃત્તિ જાગે ત્યારે ત્યારે મારી ધારણાને જીવતી કરવી ને તેમાં તે વૃત્તિને હોમવી. આમ થશે તો તું વધારે ને વધારે શુદ્ધ અને પવિત્ર થતી જશે એવો તને અનુભવ થશે.

આ જીવાત્માનું ખોળિયું માત્ર માટીનું નથી, પરંતુ અણુએ અણુમાં કોઈ ચેતનાનો રણકાર છે. પરંતુ એ રણકારને દિલમાં જગાવવાની, એનો ભેખ લેવાની, એની પાછળ સર્વસ્વપણે ને સર્વભાવે ફના થવાની કોઈને લ્હે લાગી નથી. એટલે જ કશું થતું નથી. જીવ સ્વભાવમાં પડ્યા રહેવું છે અને તે રીતે પણ આ જીવાત્માને વળગી રહેવાનું પૂરેપૂરું કોઈથી બનતું નથી. એટલે પછી બીજું થાય પણ શું ? અને તેમ છતાં તમે બધાં મારાં છો ને તેવાં રહેવાનાં છો. હું તો ભગવાનને મારી પ્રાર્થના કર્યા જ કરવાનો. મારું ધર્મકર્તવ્ય અદા કરાવવામાં કે બજાવવામાં પાછી પાની તે નહિ કરાવે એટલે મને તેના પર શ્રદ્ધા-વિશ્વાસ છે. મારું બળ, પ્રાણજીવન ચેતન જે કહો તે એ મારો વહાલો છે ને તે સાથે સાથે એણે પ્રસાદીરૂપે આપેલાં સ્વજનો પણ છે. પણ સ્વજનોને ભૂખ ક્યાં છે ?

તિરસ્કારને સ્થાને પ્રેમ

સ્વજન : મોટા ! એની ખરાબ ટેવને કારણે એ મને બિલકુલ ગમે નહિ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્રીમોટા : કોઈ જીવાત્માની બૂરી ટેવને લીધે આપણાથી તિરસ્કાર તો થાય જ નહિ. એટલું જ નહિ પરંતુ તેની અવગણના પણ ન થઈ શકે. તે તો વધારે પ્રેમને પાત્ર છે. પરંતુ એવી પ્રેમ કરવાની પાત્રતા આપણામાં જાગી હોવી જોઈએ. એની સાથે તાટસ્થ્યભરી સહાનુભૂતિથી વર્તવાનું રાખો અને એ રીતે એને તે બૂરી આદતથી મુક્ત થવાને સૂક્ષ્મપણે આડકતરી પ્રેરણા આપ્યા કરશો એવી પણ તમને પ્રાર્થના છે.

અનુભવનું પ્રમાણ

સ્વજન : મોટા ! આપ હસતા હસતા રહો છો, પણ જ્યારે મને આપની યાદ આવે ત્યારે આપ ક્યારેય હસતા દેખાતા નથી. એવો અનુભવ કેમ થતો હશે ? વળી, કોક કોકવાર કોઈક મારી પાસે આવીને બોલ્યું હોય એવો ભાસ થાય છે - મને આવો અનુભવ પણ થાય છે. એનું શું કારણ ?

શ્રીમોટા : આવા અનુભવો સાધકને નિષ્ઠા પ્રગટાવવાને પ્રેરણા કે મદદરૂપ બની શકે છે. પરંતુ એના પર હું જરાકે મદાર કે મહત્ત્વ બાંધતો નથી. એવા જીવનના અનુભવો વડે કરીને જો આપણી પ્રકૃતિનું કે સ્વભાવનું સમૂળગું રૂપાંતર ન થયા કરતું હોય તો એવા થયેલા અનુભવનો કશો અર્થ રહેતો નથી.

એવા અનુભવો થવાનું કારણ જરૂર હોય છે. આપણાં મન, બુદ્ધિ એવા પ્રકારથી ઘડાયેલાં છે કે જે કંઈ છે અને જે નજરથી દેખાય, મનથી ધારી શકાય છે, તેનાથી કોઈ બીજી દુનિયાનો ખ્યાલ માનવીને સ્વતંત્રપણે ટકી શકતો નથી. આપણે ધારીએ છીએ તેના કરતાં ઈંદ્રિયોના અતીદ્રિયપણામાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પણ અને તેનાથી પર પણ કશાકનું અસ્તિત્વ છે. આપણી માનેલી દુનિયા એ તો કૂપમંડૂક સમાન છે અને આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અહંકારાદિને તેની સ્થિર થઈ ગયેલી ભૂમિકામાંથી ઉઠાવવા માટે; એને જગાડવા માટે, ચેતાવવા માટે આવા અનુભવોનું થવું એ એક હેતુરૂપે હોઈ શકે. એમાં સાધકની સદ્ભાવનારૂપે પણ તે હોય તથા ગુરુની ચેતનાત્મક પ્રેરાયેલી ભાવનાથી પણ તે હોય. કોનું કોના લીધે છે તેનો નિર્ણય તો સાધક જ કરે તે જ શ્રેયસ્કર છે. એટલે એવા અનુભવો ઉપરથી જો આપણાં શ્રદ્ધાવિશ્વાસ જીવતાં બનતાં જાય ને આપણી પોતાની પ્રકૃતિ ને સ્વભાવનું મૂળગતપણે સર્વ કર્મ કરતાં કરતાં ખ્યાલ રહ્યાં કરીને તે વડે તેમાં ન વર્તાયાં જવાય અને હૃદયની ભાવનાથી જ કર્મનું મંડાણ થયાં કરે અને તે અનુભવોને કારણે ગુરુની ચેતના, પ્રેમભાવશક્તિની ધારણાનો અભ્યાસ કર્મ કરતાં કરતાં રહ્યાં કરે તો જ તે અનુભવો ખપના છે. અને તો જ તે અનુભવો થયા તે સાર્થક ગણી શકાય.

કોઈ પણ ઘટના આપણામાં ઘર ન કરી બેસે એટલી સાવચેતી તો આપણે રાખવી જ. કોઈ પણ ઘટનાના સંસ્કાર આપણા ચિત્તમાં પડે છે એનું કારણ કે ચિત્ત, મન, બુદ્ધિ, અને પ્રાણ, અહંકાર એ એમની રીતે ને એમના સ્વભાવ પ્રમાણે તે તે કર્મમાં પ્રવર્ત્યાં હોય છે. બાકી જો મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહંકાર તેમના લક્ષણાત્મક સ્વભાવથી કર્મમાં ન પ્રેરાયાં કરતાં હોય અને ભગવાનના ભાવથી તેમાં તેમાં વર્તાયાં કરવાનું બને તો કોઈ પણ કર્મમાંનું સારાનરસાપણું એટલે કે દ્વંદ્વભાવના ક્યાંયે અદૃશ્ય થઈ જાય. એટલે આપણે તો સર્વ કર્મમાત્રમાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભગવાનની ભાવના કેળવાતી જાય એવો જ માનસિક અભ્યાસ ભક્તિજ્ઞાનપૂર્વક કેળવ્યા કરવો.

આપણા ઘરનું વાતાવરણ હૃદયના સુમેળવાળું રહે તેટલું તમે બંને પતિ-પત્ની સાચવજો એટલી મારી પ્રાર્થના છે.

જોવું અને જાણવું એ - કૃપાબળ

સ્વજન બહેન : આપે મને એક વખત કહેલું કે આપને મારે યાદ કરવા. હું આંખ બંધ કરીને આપને જોવાનો જ્યારે જ્યારે પ્રયત્ન કરું છું ત્યારે મને તેજ દેખાય છે. એ સારું કહેવાય ને ?

શ્રીમોટા : આવા બનાવોને આપણે જરાકે મહત્ત્વ આપવું નહિ. સામાન્ય માનવીઓ આવા બનાવથી પોતાને કંઈ મહા વસ્તુ પ્રાપ્ત થઈ છે એમ માનીને કૃતકૃત્યતા અનુભવે છે. પરંતુ જ્યારે આપણો સ્વભાવ સંપૂર્ણપણે બદલાઈ જાય અને આપણને આપણું નગ્ન સ્વરૂપ નજર સામે રહ્યા કરે, આપણી વૃત્તિઓ કેવી છે, આપણી વાસના કેવી છે, કર્મ કરતી વખતે આપણી ચિત્તવૃત્તિ કેવી રહે છે, કર્મનું સારાનરસાપણું કેવું કેવું લાગે છે, તે બધાનું અવલોકન આપણે કરતા રહેવું ને ત્યાં ત્યાં આપણી જાતને પકડીને તેને મઠારવાનું રાખવાનું. હૃદયનો પ્રયત્ન કર્યેથી જરૂર સફળ થવાશે જ. ને એવા પ્રયત્નમાં જ કૃપાબળ રહેલું જ છે તે નક્કી જાણજે. તું મારી જ છે, એનો તને અનુભવ પણ થયો છે. માટે કૃપા કરીને સર્વ કર્મ માત્ર ભગવાનની ભાવનામાં જ રહ્યા કરીને કર્યા કરવાનું રાખજે.

પતિ એ શરીરનો પતિ નથી, પરંતુ આત્માના અધિષ્ઠાનની ભૂમિકા રૂપે આત્માના ભાનને જગાડવાને માટે તે મળેલું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સાધનમાત્ર છે. એ રીતે આપણાં દૃષ્ટિ, વૃત્તિ ને વલણ તેનામાં રાખવાં.

ઘરનું વાતાવરણ હૃદયની સદ્ભાવનાથી ભરેલું સુમેળવાળું રહે તેમાં બંનેનું કલ્યાણ છે એ નક્કી જાણજે અને તમે બંને તે રીતે વર્તજો.

સાંકળ જોડવાની રીત

સ્વજન : આપનાં પુસ્તકો વાંચવાથી ઘણા બધા પ્રશ્નોના ઉકેલ મળે છે. હવે અમે આનંદમાં રહીએ છીએ. અમે 'હરિઃ ૐ' નું સ્મરણ પણ કરીએ છીએ.

શ્રીમોટા : સર્વ કર્મ કરતાં કરતાં જેને આપણે જીવનનો નિર્માતા માન્યો છે, અને જેને તેવો જાણવો છે, તેવાની જીવનચેતના શક્તિની ધારણા સતત હૃદયની ભાવનાથી હૃદયસ્થ રાખ્યા કરવી એ જ જીવન સાંકળ જોડવાની રીત છે.

'મનને' 'હૃદયપોકાર' 'જીવનપગલે' હવે વાંચવામાં તમને આનંદ આવે છે અને બધા પ્રશ્નોના ઉકેલ તેમાં જ ભરેલા પડ્યા છે એમ જે તમે કહો છો તે જો સાચું લાગ્યું હશે તો તેમ થયા જ કરશે. જેમ જેમ હૃદયની ભાવનાથી જીવનમાં પ્રેરાતાં જઈશું તેમ તેમ ચેતના પ્રેમભાવ પ્રેરકત્વ સમજાતું અને અનુભવાતું જશે તે વાત નક્કી છે. અને હૃદયમાં જેના વિષે આપણી રગ ખેંચાતી હોય છે તેના પ્રત્યે પ્રેરાવાનું સહજપણે બન્યા કરે છે. એ તો સર્વ કોઈને ખબર છે. તમે હવે પહેલાંના કરતાં વધારે ઉદ્યત રહો છો તો ભાવનાને પણ પ્રગટાવી શકાશે જ એ વિષે પણ ખાતરી રહે છે. સર્વ જે કંઈ થયા કરે એની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પાછળ વહાલાનું પ્રતિબિંબ છે એનું ચિંતન ભક્તિજ્ઞાનભાવે કર્યા કરશો તો અનુભવ પણ થશે અને તેની ખૂબી પણ સમજાયા જશે.

''આનંદથી રહીએ છીએ'' પરંતુ એ આનંદની કક્ષા અને માત્રા અને તેની મર્યાદા ઉચ્ચતર થયા કરે એ આપણે સદાય ખ્યાલમાં રાખવાનું છે.

હરિઃ ૐનું સ્મરણ થાય તો આનંદ થાય એ વાત સાચી છે. પણ સ્મરણની ભાવના સલામત સ્થિતિમાં પડી રહેવી ન જોઈએ. યજ્ઞમાં આહુતિ અપાય અને યજ્ઞમાંથી જ્વાળાઓ તેજસ્વીપણે પ્રગટે તેવું આપણા જીવનમાં થવું ઘટે. થવું ઘટે એટલું જ નહિ, પણ તે અનુભવમાં પ્રતિષ્ઠા પામવું ઘટે. એવું થાય છે ત્યારે જ સાચી નિષ્ઠા જીવનમાં ચેતના પ્રાણ પૂરે છે.

સ્ત્રીનું જીવન

સ્વજન બહેન : હવે તો મોટા, આપના કહ્યા મુજબ વર્તવા હું ખૂબ મથું છું.

શ્રીમોટા : તારા સાથ વિના તારા પતિથી ઊડી શકાવાનું નથી તે વાત સાચી છે. ઘરનું વાતાવરણ પ્રેમભાવથી ભરપૂર શાંતિવાળું તો તું જ રાખી શકે.

સ્ત્રીનું જીવન પુરુષ જીવન કરતાં અનેક શક્યતાઓથી ભરેલું છે અને ચઢિયાતું છે. જેનામાં સર્જન કરવાની શક્તિ છે તેનું સ્થાન હંમેશાં ઊંચું છે. એટલે તારા પર અમારા બધાંનો આધાર છે. તું સમજે તો સર્વ કંઈ શક્ય છે. માટે સદાકાળ હૃદયની ભાવનાનું સુમેળનું વાતાવરણ એક જીવતા યજ્ઞ રૂપે સતત પ્રગટ્યા કરે એટલું કામ કૃપા કરીને કરજે. પુરુષ કદાચ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છેતરી શકે, પરંતુ માતાઓ અને બહેનો તો અનન્ય શ્રદ્ધાથી જેને વળગે એને વળગી રહે છે.

દુર્ગમ મુક્તાત્મા

સ્વજન : મેં આ એક પ્રાર્થના ગઝલમાં લખી છે. લો. વાંચો. ચિંતાની લાગણી થઈ એટલે લખી.

શ્રીમદ્ રાજચંદ્ર વિષે પૂ. ગાંધીજીએ એવું કહ્યું છે કે ''મુક્તપુરુષને રોગ ન હોય'' એ વાત સાચી ? મુક્તાત્માઓને રોગ શાથી થતા હશે ? આ બધું આમ તો ન સમજાય એવું છે.

શ્રીમોટા : કોઈ વાતે ચિંતા કરવી નહિ. ચિંતાની લાગણી થાય ત્યારે પ્રાર્થના કરવી.

માનવી જ્યારે પોતે કશુંક થવાનો નિર્ધાર કરે છે ત્યારે તે તેવો થઈ શકે છે.

''મુક્તપુરુષને રોગાદિ હોય નહિ'' વગેરે જે એમણે લખ્યું છે; તે વિષે ચર્ચાનો કાંઈ અર્થ નથી. પૂ. ગાંધીજીએ જે કાંઈ લખ્યું હશે તેની પાછળ પણ કાંઈ કારણો હશે. બાકી તો મુક્ત પુરુષના શરીરને રોગ ન હોય તે વાત સાચી છે. તેને જે રોગ જેવું દેખાય છે તે કાંઈ સ્થૂળ રોગ નથી. એ તો એક આત્મસમર્પણનો યજ્ઞ છે.

શ્રીમદ્ વિષે પૂ. ગાંધીજીએ લખ્યું છે તે વિષે આપણે વાંચીને દોરવાઈ જવું નહિ. ''આ દેહે મુક્ત મુક્તપુરુષ તો બંધનમાં મુક્તિ માને છે. મુક્તપુરુષની વ્યાખ્યા ન કરી શકાય એ સાચું છે. પૂ. ગાંધીજીની માન્યતા શા ઉપરથી હશે તેની આપણને ખબર નથી.

મુક્તપુરુષોનો મોક્ષ નથી એ વાત પણ સાચી છે. જે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મુક્તપુરુષ થાય છે તે મોક્ષ માગતા પણ નથી. ''હરિના જન તો મુક્તિ ના માગે. માગે જન્મોજન્મ અવતાર રે'' એ અનુભવની વાણી છે. એટલે કે મુક્તપુરુષ જે જે જીવાત્માના સંપર્કમાં આવે છે ને એવા જીવાત્માઓ કાંઈ એક નથી હોતા. એની સંખ્યા તો ઘણી ઘણી હોય છે. તે જીવોની નિષ્ઠા જ્યાં સુધી તે મુક્ત હોવા છતાં મુક્ત નથી. એટલે જ ''હરિના જન તો મુક્તિ ન માગે, માગે જન્મોજન્મ અવતાર રે''.

અહીં ''માગે'' જે શબ્દ છે એમાં અમુક ભાગનું સહજ સ્ખલન થતું લાગે છે. તે તેવું કશું માગતા હોતા નથી. તેઓનું તેવું થવું એ બધું એમના સહજપણામાંથી જન્મે છે. પરંતુ તેઓ અજ્ઞાનીના જેવા રહેતા હોવાથી તેમના વિષે કોઈને કશીય ગતાગમ પડતી નથી. ભગવાનની ચેતનાશક્તિ જેમ અગમ્ય અને ગૂઢ રીતથી ખેલ્યા કરતી હોય છે તેમ તેવા પુરુષનું લક્ષણ નૈસર્ગિકપણે બની જાય છે. એટલે ગમે તેવો બનતાં એને સંકોચ નથી. તેથી જ એને ઓળખવો દુર્લભ થઈ પડે છે.

સ્વજન : આપે ક્યાંક એવું લખ્યું છે કે ''મને છેતરી શકે એમ કોઈ નથી.'' એ વાત મને સમજાઈ નહિ. ગીતામાં પણ ભગવાને પોતાને '' ભમાવનાર'' તરીકે ઓળખાવ્યા છે - એનો શો અર્થ ? મને ઘણીવાર બહારનું વાતાવરણ ડહોળી નાંખે છે. તો મારે કોઈ એવી પરિસ્થિતિ કે સંજોગ આવી મળતાં શું કરવું ?

શ્રીમોટા : મને છેતરી શકે એમ કોઈ નથી એનો અર્થ એ કે મારે કશું છેતરવાપણું નથી કે છેતરાવાપણું પણ નથી. જે કોઈ સંપૂર્ણભાવે ખુલ્લો નહિ બની શકે ને તેમ નહીં વર્તે તો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છેતરવાપણું કે છેતરાવાપણું એને જ છે. મને તો કશુંયે નથી.

શ્રી ગીતાજીમાં જેમ - શ્રીભગવાન લખે છે કે - ''હું મારી મોહમાયાથી મૂઢપણે જીવમાત્રને યંત્રની પેઠે ભમાવું છું.'' એમ જીવ પોતાની પ્રકૃતિથી - પોતાના ગમા - અણગમાથી - પ્રેરાઈને જ તેમ વર્તતો હોય છે.

મારી સલાહ કે સૂચના પ્રમાણે કોઈ જીવ ચાલી શકતો નથી. મારું તો માત્ર એક ઓઠું છે. આ જીવાત્મા એવી નિર્ભેળ સલાહ આપવા પણ તૈયાર છે એ પ્રમાણે વર્તવાનું બનતાં એની માનસિક સ્થિતિ સંપૂર્ણભાવે સતત નિઃશંક, નિશ્ચળ ને નિર્મળ ભાવની રહ્યા કરે તો તેવી સલાહ આપી શકાય. બાકી સલાહ તો અપાયેલી જ છે તે બધી ક્યાં પળાઈ છે ? ને આમાં પણ સલાહ નથી આપી એમ માનવાનું કશું કારણ નથી. સલાહ આપેલી જ છે, પણ તે સૂઝે નહીં કે મનમાં બેસે નહીં એને હું શું કરું ?

સાધકને જે કંઈ મળેલું વાતાવરણ હોય તેમાંથી એના વિકાસનો પૂરતો સંભવ છે. એનો ત્યાગ એ કરી શકતો નથી. યોગ્ય વાતાવરણ ક્યાંય બહાર નથી પડ્યું. તે તો પડ્યું છે અંતરમાં. જેનું અંતર એવું બન્યું હશે એને બહારનું કશું જ નડવાનું નથી. સાધક જાઈ જોઈને પોતાના ભાવની ભૂમિકાને raffle થવાપણું બને એવા વાતાવરણમાં જશે નહીં, પણ એવું વણમાગ્યું આવી પડ્યું તો તે તેનો ઈન્કાર પણ નહીં કરી શકે. એથી એનો અર્થ એવો નથી કે તે એનો પ્રતિકાર નહીં કરી શકે કે ન કરવો જોઈએ. એવા વાતાવરણમાં તે એવી રીતે નહીં ભળે કે જેથી એની વૃત્તિ નિમ્નગામી બને. પોતે પ્રતિકાર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અંતરમાં તો કર્યા કરશે. એવા પ્રતિકૂળ વાતાવરણમાંથી તો-ચેતનાત્મક જુસ્સો જીવંતપણે પોતાનામાં પ્રકટાવવાને એક કૃપા પ્રસંગ મળ્યો છે એમ જાણી પ્રભુનો સતત આભાર માન્યા કરશે. જેને સાચેસાચી ધગશ, તમન્ના પ્રકટી છે એને ગમે તેવું નરતું મળેલું હશે તો પણ અડચણ કરનારું નથી. પથ્થરમાંથી પણ ઝાડ ઊગતાં જોઈ શકીએ છીએ. એની ફૂટી નીકળવાની તમન્ના ને ચેતના એટલા તો જોશમાં હોય છે કે તે પથ્થરને પણ ફોડીને બહાર નીકળે છે.

"મોટા" સૂક્ષ્મ રીતે સર્વત્ર

સ્વજન : વીર્યસ્રાવ થતાં અગાઉ ખબર પડી જાય તો સાધકે શું કરવું ? મોટા, મૌનએકાન્તમાં હું ઘેનમાં તણાતો હતો ત્યાંજ મને જાગ્રત કરવા મારા પંર કોઈનો પગ પડ્યો, મેં બારણાની તડમાંથી જોયું તો કોઈ નહોતું. ઉંદર હશે કે કેમ એનીય ખાતરી કરી. પછી થયું કે આપ જ પધાર્યા હશો. હવે આમાં મારી ગેરસમજ હોય તો ભગવાન જાણે !

શ્રીમોટા : હૃદયસ્થ ચિત્ત રહે ત્યારે દરેકને પોતાની જે સ્થિતિ હોય તેની ખબર પડે જ અને તેને તે સમજણ ન પડે તો જાણવું કે તેનું ચિત્ત જ ઠેકાણા વિનાનું છે.

સ્રાવ થવા અગાઉ જો ખબર પડી જાય તો તેવે વખતે પ્રાર્થના કે નામસ્મરણનું હૃદયસ્થ ધ્યાન કરવું અથવા તો ઊઠીને ન્હાઈ લેવું. એવા સાધકે આવા અનેક પ્રયોગો કરવા જ જોઈએ.

ભગવાન તો કશું જાણવાનો નથી. જે જાણવાનું છે તે આપણે જાણવાનું છે. જે ઘટના બને તેને બુદ્ધિની રીતે, જીવનની ભક્તિજ્ઞાનનિષ્ઠા જમાવવાની રીતે. બુદ્ધિનો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રચનાત્મકપણે ઉપયોગ કરીને તે ઘટનાનું રહસ્ય ને મહત્ત્વ ને તાત્પર્ય સમજવા સાધકે પ્રેરાવાનું રાખવું. કોઈ પણ બનાવ કે ઘટના વિષે આમ કે તેમ વલણ સાધકનું ન હોવું ઘટે. જો ત્યાં તે એવું યદ્વાતદ્વાપણું રાખશે તો જીવનનું ઘડતર અને એનો યોગ્ય આકાર જે થયા કરવાનો હશે તેમાં એટલી ખામી આવવાની છે. સાધકનું સર્વ પ્રસંગમાં અને સર્વ નિમિત્તમાં તથા જીવનના સર્વ બનાવોમાં અને પ્રસંગોમાં અને પરિસ્થિતિમાં વલણ સંપૂર્ણ નિશ્ચયાત્મકરૂપે હોવું જોઈએ. કશુંક જો ત્યાં તે પોલું રાખશે તો તે દ્વારા તેનો સ્વભાવ સદાય વ્યક્ત થવાની તક લીધા જ કરશે. માટે કોઈ પણ બનાવ કે ઘટના વિષે નિશ્ચયાત્મકપણું જીવનમાં પ્રગટાવવાનું રાખવું.

તમને એવો વિચાર આવ્યો હતો કે મોટા પ્રત્યક્ષ થવા સમર્થ છે. કારણ કે બાની અંતિમ ઘડી વખતે થયા હતા. તો તમને જીવનમાં એવો અનુભવ કેમ નથી થતો અને એ અનુભવ થાય અને એવી હાજરી અનેક પ્રકારે અથવા તો બીજી કોઈ પણ રીતે તમારા ખ્યાલમાં ઊતરે તો જ તમારે માટે તે અનુભવ સાચો ગણી શકાય. આ તો માત્ર આવી શક્યતા હોવાનો પૂરેપૂરો સંભવ છે એટલું જ તે ઉપરથી ખાતરીપૂર્વક કહી શકાય. બીજાની સાથેના આ જીવના પ્રસંગો કે અનુભવો – સાધારણ કે અસાધારણ – બીજાના જીવનમાં નિષ્ઠા પ્રેરવાને કંઈક અંશે પ્રેરણાત્મક બને છે ખરા. પરંતુ તે સાધકને પોતાને જ ત્યારે એવા અનુભવ થાય છે અને ત્યારે તેનું મન, ચિત્ત અને પ્રાણની ભૂમિકા જો ઠરેલી ને શુદ્ધ ભાવનાવાળી બનેલી હોય તો તે અનુભવો જીવનમાં નિષ્ઠા પ્રેરવાને બહુ જ મદદકર્તા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

થઈ પડે છે, તે વાત નક્કી છે. આપણા જીવનનો પરસ્પર હૃદયથી એવો એકાંગી એકાગ્ર ને કેંદ્રિત તાર મળ્યા કરતો નથી તેથી જ કશું કંઈ થઈ શકતું નથી.

ગુરુ આજ્ઞા

સ્વજન : મોટા ! એવું કહેવાયું છે કે ગુરુની આજ્ઞા અંગે કશો વિચાર ન કરવો. એ બરાબર છે ને ?

શ્રીમોટા : ''આજ્ઞા ગુરુણાંહ્યવિચારણીયા'' એ બાબતમાં મારે એટલું કહેવાનું છે કે એવું જે કહેવામાં આવ્યું હોય અને તેનું તેવું જ્યારે જ્યારે વર્તન થતું હોય ત્યારે મન, ચિત્ત, બુદ્ધિ, પ્રાણ ને અહં એ બધાં કારણો ભક્તિજ્ઞાનયોગ ભાવે ગુરુની ભાવનામાં ધ્યાનસ્થ રહે એવો એનો અર્થ હું કરું છું. જે કંઈ કહેવામાં આવ્યું હોય તેનું વર્તન જો મનના સહેજ પણ અથવા બીજા કરણના કોઈ પણ આદર્શ ભાવનાથી ચલિત એવા અરચનાત્મકપણે તે તે કરણો ત્યારે ત્યારે જો વર્તતાં હોય તો તે પાલન કરવામાંથી તેના બધાં ચેતના - પ્રાણ ઊડી જાય છે અને મડદાની રીતે પેલી આજ્ઞાનું પાલન થયું હોય તો એવા આજ્ઞાપાલનમાંથી કશા પ્રાણ કે શક્તિ પ્રગટતાં નથી.

ધ્યાનમાં હોઈએ ત્યારે નિદ્રા કે તંદ્રા આવે તે ધ્યાન જ ન ગણાય. આપણી ઈચ્છાશક્તિને ત્યારે હરાવવા આપણી પ્રકૃતિ તૈયાર થતી હોય છે અને એને આપણે તાબે થઈ જઈએ છીએ. એટલે આવો હતપ્રભ જે છે તે ધ્યાન કેવી રીતે કરી શકવાનો ?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્મરણ અને આનંદનું પરિણામ

સ્વજન : મોટા ! હમણાં એકાન્તમાં બેસીને ખૂબ મજાનું સ્મરણ કરેલું ત્યારે ખૂબ જ આનંદ આવેલો.

શ્રીમોટા : એવા સ્મરણ અને એવા આનંદમાંથી સાધકની મનોદશા કેવી જાતની નિષ્પન્ન થવી ઘટે અને કર્મ કરતાં કરતાં તેનું મન કેવું રહે એનાં પણ લક્ષણો તો છે જ. મનની શાંતિ, એની નિશ્ચયતા, સરળતા અને સમતા એ બધા તથા એવા પ્રકારના ગુણો કર્મ કરતાં કરતાં જળવાયાં કરે છે. મનની શાંતિને ભંગ કરે એવા સંજોગોમાં પણ મનની શાંતિની કે વાતાવરણની મન ઉપર કશી ઝાઝી ખેંચ રહેતી નથી. મન હળવું હળવું પાણીમાં લાકડું તરે તેમ બધાં પર તરતું રહી શકે છે. આવું જો સાધક તટસ્થપણે પોતાના જીવન પરત્વે અનુભવી શકે તો જાણવું કે તેનું સ્મરણ અને તેમાંથી નીપજેલો આનંદ તે સાધનાના યોગ્ય પ્રકારનો છે.

મંથન - ત્રાટકનું પરિણામ

સ્વજન : મોટા ! મને ખૂબ મંથન અનુભવાય છે. ત્રાટકમાં સરળતા ક્યારે થશે ?

શ્રીમોટા : મંથનમાંથી જ વિચાર કરતાં કરતાં સ્થિરતા જન્મવાની છે તે વાત નક્કી છે. હવે તો 'જીવન-પગલે' ને 'મનને' જ વાંચ્યા કરવાનું ગમે છે, તે પણ મારે માટે એક આનંદની વાત છે.

ધ્યાન, ત્રાટકાદિ સાધનો યોગ્ય થવાનો આધાર હૃદયના ભાવ ઉપર રહે છે. એ ભાવ જાગે તો કલાકોના કલાક ધ્યાન કે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ત્રાટક સરળતાથી રહી શકે ને જેમ હૃદય હૃદયના સંબંધનું સાતત્ય ભાવપરિશીલનની રીતે જીવતું બન્યાં કરશે તેમ તેમ ધ્યાન કે ત્રાટકમાં જરૂર સરળતા જન્મવાનાં જ છે.

ધ્યાન કે ત્રાટકને માટે ખિસ્સા કે કાંડાઘટિયાળની જરાકે જરૂર નથી.

"જીવપગલે" નું વાચન

સ્વજન : આપે પદ્યમાં લખેલા પત્રો વાળું ''જીવનપગલે'' વાંચું છું. એમાં મારા મનનો તાર જોડું છું અને જાતને ઓળખવા મથું છું. એ વાંચતાં તાર તૂટે છે ત્યારે મારામાં કઈ ખામી છે એમ શોધું છું. પોતાની જાતને ઓળખવી-પારખવી એ કામ સહેલું તો નથી.

શ્રીમોટા : માનવી પોતાનું અંતર એમ ને એમ આપતો નથી, આપી શકતો નથી. તેનું મન અને તેનાં લક્ષણો પારખવાને માટે ભગવાન તેને તેવા તેવા પ્રસંગોમાં મૂકે છે. તેથી તેને પોતાને જાણવાનો અને પારખવાનો અને એ રીતે તેને પોતાને તેનો પોતાનો અનુભવ જે થવાનો હોય તે થાય. માનવી પોતાનું અંતર ભગવાનની જેમ ગૂઢ રાખ્યા કરે છે અને આરસીમાં મોં જણાય તેવી રીતે પોતાના અંતરને સ્પષ્ટપણે ખુલ્લું રાખી શકતો જ નથી એટલે એવા એવા પ્રસંગોમાં મુકાયા કરવાથી જ માનવીનો સ્વભાવ પરખાઈ જાય છે અને તે પ્રસંગો પણ એવી રીતે યોજાય છે કે જેમાં તે જીવાત્મા પોતે જ નિમિત્તરૂપે હોય. એટલે જ આપણા જીવનમાં મળેલા પ્રસંગ અને કર્મ અને તેના હેતુનાં ભારે રહસ્ય અને તાત્પર્ય તથા મહત્ત્વ રહેલાં છે. માનવી પોતે જો સંપૂર્ણ તટસ્થ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રહે તો મળેલ પ્રસંગ કે કર્મનો હેતુ જરૂર પારખી શકે, એટલું જ નહિ પરંતુ તેમાં તે પોતાના સ્વભાવને અને પોતાની જાતને પણ પારખી જ શકે. ''જીવનપગલે''માંથી દિવસમાં કેટલો તાર સાધી શકાયો ને કઈ ખામીથી તૂટી શક્યો તે બધું સમજવાનું કરો છો તે આનંદની વાત છે. એનું કલ્યાણકારી પરિણામ આવ્યા વિના રહે જ નહિ.

લોક અભિપ્રાય

સ્વજન : ભગવાનના માર્ગે જતાં સગાં - સંબંધી, મિત્રો ગમે તેવી વાતો કરે છે. એમ થાય છે કે આ જગા બદલીને બીજે જાઉ. વળી, કોક સાથે વાત કરતાં આપે કહેલી બે પંક્તિઓનું સ્મરણ પણ કરી લઉં છું.

શ્રીમોટા : લોકો અવારનવાર ગમે તે વાતો કરે તેથી આપણે દોરવાઈ જવું નહિ, જો કે લોકોમાં પણ ભગવાનનો વાસ છે. એટલે તેમને અવગણવાના ન હોય. પરંતુ તેથી કરીને આપણે જે માર્ગ નક્કી કર્યો હોય તે માર્ગને છોડી દેવાપણું પણ ન હોય.

સ્થળ બદલવું હોય તો બદલવાને વાંધો નથી. પરંતુ તે સ્વતઃ આપણી પોતાની અંતઃસ્ફુરણાથી થવું જોઈએ - નહિ કે કોઈના કહેવા કરવાથી કે બીજી રીતે પ્રેરાવાથી.

"તે સાથે ઉરસંબંધ ભુલાતાં કર્મબંધને
વધારે ને વધારે તું ડૂબવાનો પૂરેપૂરો"

એવી બે લીટીઓનું સ્મરણ કોકની સાથે વાત કરતાં કરતાં ને બીજે વખતે કરતાં રહેવાનો પ્રયત્ન જે કરો છો તેવા પ્રયત્નનાં લક્ષણ નીચે પ્રમાણેનાં છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેવી વાતચીત વખતે અંતરસ્થ ભાન રહેવું જોઈએ. તટસ્થતાદિ વધુ પ્રમાણમાં જળવાતાં રહે. વાતના રસમાં ડૂબી જવાય નહિ. પ્રકૃતિના સ્વભાવનો પ્રવાહ ને અંતરનો પ્રવાહ એવા બે જુદા પ્રવાહની ગતિ સ્પષ્ટપણે જોઈ શકાય. આદિ અનેક તેનાં લક્ષણો છે.

જે કંઈ સાધન લીધું છે તેને ખંતપૂર્વક અને હૃદયના ભક્તિભાવે સતત પકડી રાખવાનું કરવું.

મુક્તાત્માનું હૃદય

સ્વજન : આ જીવનમાં દિવ્યજીવનની ભાવના કેળવવામાં ભગવાનની મદદ મળે તો જ ફાવી શકાય એવું છે. બાકી આ કામ ઘણું આકરું છે - ખરું ને ?

શ્રીમોટા : જીવનમાં જીવનની ભાવના કેળવાઈ જવી એ કંઈ એમ ને એમ કદી બનવાનું નથી. હૃદયસ્થ ભાવનાથી નિરંતર એવો અભ્યાસ કેળવ્યાં કરવાની જે ખેવના રાખશે તે જ કશું પામી શકવાનો છે, બાકી તો ઉચાળા ભરવાના નક્કી જ છે. આપણે કશું કરીએ નહિ અને ભગવાન મદદ કરશે એવું ધારવું એ નરી મૂર્ખતા અને અજ્ઞાન છે. જો કંઈ પણ ભાવના જીવન પ્રત્યે જીવતી પ્રગટી હશે તો પ્રયત્ન થયા વિના રહેવાનો નથી. સહજમેળે જે પ્રયત્ન થાય તે સાચો પ્રયત્ન છે. પ્રયત્ન થાય કે થયા કરે તો જીવનની ભાવના માનવીના ખોળિયામાં પ્રકટી છે એમ ગણી શકાય. આમાં કશું આંધળે બહેરું કૂટી શકાય એમ નથી. માટે જે કંઈ કરીએ તે જાગતા રહીને કરવાનું છે. ને જો શ્રદ્ધા વિશ્વાસથી કરતાં રહીશું તો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અનુભવ તો થશે જ, એની હું ખાતરી આપું છું. માટે મંડ્યા રહ્યા કરજો.

નડતર, મુશ્કેલી, વિઘ્ન કે ઉપાધિ એ તો ખાલી જીવસ્વભાવનાં બહાનાં છે. જેને ધગશ પ્રગટી છે તેને તે આગળ પ્રેરાવનાર ને પ્રેરણા વધારે આપનાર તે નિમિત્તરૂપે બને છે એ વાત પણ નક્કી છે. એટલે સર્વ થતાં કર્મમાં ભગવાનની ભાવનાનું હૃદયમાં હૃદયથી જીવતું આરોપણ કર્યાં કરજો. તો જ જો કંઈ થઈ શકવાનું હશે તો થઈ શકશે. દિવસમાં જેટલી વાર એવું કરાય છે તેને જ ખરું જીવન જાણવું. બાકીનું જીવન જે જીવ્યા તે મૃત્યુ છે અને તેવું સમજાતાં પસ્તાવાનો અગ્નિ એટલો બધો ભભૂકવો જોઈએ કે જેથી ફરી તેવું જીવતાં હૃદયમાં આંચકો લાગી જાય તો જ – એવું થતાં જ, એવું જ્યારે આપણને લાગશે કે થશે તો જ – એવું મુડદાલ જીવન જીવતાં આપણે અટકી જવાના છીએ. એમ ને એમ અળશિયાં જેવું પડી રે'વું હોય તો આપણો થયેલો મેળાપ પણ મિથ્યા જ છે.

મને મળેલામાંથી કોઈએ પણ તેનો સાચો પ્રયોગ કરીને તેની યોગ્ય ભાવનાથી પ્રયોગ તરીકે પણ અજમાવી જોયેલું નથી. એનું દર્દ મારા જેવું બીજા કોઈનામાં નથી. આપણામાંથી કોઈને એ બાબતનું કશું દુઃખ પણ લાગતું નથી એ એક ભારે ખૂબીની વાત છે. વળી આપણે સાધનાને પંથે પળેલા છીએ એવી તદ્દનં ખોટી સમજણ મનમાં રાખ્યા કરીએ છીએ. આપણે કંઈ પણ સાધન કર્યું નથી અને ભગવાનની ભાવનાની વાતો કરવી અથવા તો જીવનમાં તેવા છીએ એમ માનવું એ તો મૂર્ખામીની હદ આવી છે. એની મને ઘણીવાર બળતરા થાય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે અને એ બળતરાથી મારે જ બળવાનું રહે છે. બાકી આપણામાંના કોઈને એવી બળતરા જાણી નથી.

આત્મનિષ્ઠાનો સ્પર્શ

સ્વજન : આપની તો અમારા પર કૃપા છે જ. અમારું જ અવળું પડ્યું છે-કે ચેતનની ધારણા રાખતા નથી. બધું જ હૃદયસ્થ પ્રભુને કેન્દ્રિત રાખીને કરવાનું આપ જણાવો છો. મોટા, હું ખરેખર એ ઘણીવાર અનુભવું છું – કે even હૃદયસ્થ ધારણા પણ આપની સ્મરણધારણાથી જ થાય છે અને ટકે છે. બાકી આમાં અમારાથી કંઈ પણ થાય છે એમ કહી શકાય એમ નથી.

શ્રીમોટા : તમે જે કંઈ કર્યા કરતા હો તેમાં ચેતનની ધારણા હૃદયસ્થ જીવતી રહ્યા કરે એટલું લક્ષ સર્વભાવે તો નહીં પણ સહજભાવે જેટલું રાખી શકાય તેટલું રાખવા જાગૃતિવાન થશો એટલી વિનંતી અને પ્રાર્થના છે. રાત થોડી ને વેષ તો ઘણા છે.

હવે ક્યાં સુધી રમ્યા કરવું છે ? તમારે પનારે પડેલો છું - જગતમાં તમારે લીધે જ ઊભવું છે-જીવવું છે. તમારે લીધે જ સર્વ પ્રવૃત્તિઓ કરવાની રહે છે-બાકી તો ક્યાંયે કશું કરવાનું જ નથી. મારે કોને માટે ? ને શા માટે ? જીવનનો હેતુ તો પ્રભુમાં જ છે ને એની ગતાગમ તો હૃદયમાં છે જ. પણ પ્રભુકૃપાપ્રસાદી રૂપે જે સ્વજનો મળ્યા છે એમની ધારણા - નિષ્ઠા એનામાં થતાં સુધી સ્વજનોની ધારણારૂપે પ્રભુસેવા કર્યા જ કરવાની રહે છે. આજ કે કાલ એવા કાળની ધારણા હવે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તો રહી નથી. પણ તમારા બધા વિષેની દિલની તમન્ના સદાય બકાવ્યા કરે છે.

સંતનું સામર્થ્ય

સ્વજન : આપ સમર્થ છો. તો એવી વેદના બળતરા અમારામાં જગાડો ને ?

શ્રીમોટા : જે આંધળો જ રહેવા માંગતો હોય-શાહમૃગ પર આફત આવી પડે છે ત્યારે તે રેતીમાં પોતાનું મોં સંતાડી રાખે છે અને માને છે કે કશી આફત નથી અને એ રીતે મરણને પણ નોંતરે છે - એવું આપણા બધાંનું છે. એવાંને ઊગારવાને કે બચાવવાને સમર્થની શક્તિ કદી પણ કામમાં ન આવી શકે તે નક્કી જાણજો. ભગવાનને જેણે મેળવવો છે તેની તાલાવેલીનાં લક્ષણો ને ચિહ્નો કોઈ ઓર પ્રકારનાં છે.

કોઈ પણ પ્રકારની તાલાવેલી જેના જીવનમાં નથી તે તો સંસારી કરતાં પણ નપાવટ છે, કારણ કે તેને તો સ્થૂળ પદાર્થો પ્રત્યે પણ તાલાવેલી કે ઝંખના હોય છે. જેનામાં કોઈ પણ પ્રકારની તાલાવેલી છે, તે તાલાવેલીનો તે પ્રકાર ફરતાં કે ફરી જતાં ભાવનાના પ્રદેશમાં પ્રવેશ કરવામાં વાર લાગતી નથી. એટલે કૃપા કરીને જે જીવનસંબંધ મળેલો છે તેને કૈંક અજવાળીએ તો સારું. આ કંઈ તમને એકલાને કહેતો નથી. પણ મારું અંતર અત્યારે તે રીતે બધાં તરફ જોયા કરે છે.

સંજોગોનો કશો વાંક નથી. વાંક માનવીનો પોતાનો છે, ને તેના સ્વભાવનો છે. જે સ્વભાવના વાંકને મઠારે છે તે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્વભાવને જીવાડવાને કરે છે. જે કંઈ નથી થઈ શકતું તેનાં અનેક નિમિત્તકારણો જે માનવીને સૂઝ્યાં કરે છે તે માનવીનામાં સાચી ધગશ હજી પ્રગટી નથી તે વાત નક્કી માનજો. જેનામાં ધગશ પ્રગટી છે તે કદી પણ ક્યાંય ઊભો રહ્યો જાણ્યો નથી. તે તો પ્રયત્ન કરી કરીને આગળ ધપવાનું જ કરશે. આગળ કેટલું જવાય છે તેની ચિંતા નથી, પરંતુ જે આગળ જવા માટે સતત યુદ્ધ આપ્યા કરે છે એવું જેને ભાન છે અને તે ભાનમાં એક માત્ર ભગવત્ચેતનાશક્તિનું સ્મરણ છે તે માનવી આગળ ધપ્યા વિના રહી શકવાનો પણ નથી. પરંતુ જે પરિસ્થિતિ મળી તેમાં સ્વભાવથી પડ્યાં રહ્યા કરવું, બિલકુલ યુદ્ધ ન કરવું, ભગવદ્ભાવનાનું ચેતનાપૂર્વકનું સ્મરણ, મનન, ચિંત્વન ના થવા કરવું અને તેનું જેને ભાન પણ ન થવું અને કદીક ધન્ય પળે તેવું ભાન થતાં તેને જે લગારે ખૂંચતું પણ નથી, તેવું મરવા જેવું લાગતું માનવી સાધક નથી જ. અને જીવનમાં તે કદી પણ પ્રેરણા પામી શકવાનું નથી.

તમારે હજી જુવાની વીતી ગઈ નથી. ૩૨-૩૩ એ તો ભરજુવાની કહેવાય. તમારો ઉત્સાહ આ બાબતમાં બીજા બધાં કરતાં અદમ્ય હોવો ઘટે. પરંતુ શરીરની ઉમર એ આ બાબતમાં યોગ્ય પ્રમાણપત્રકવાળી નથી. જે કોઈ માનવીને જ્યારે જે બાબતમાં યોગ્ય તમન્ના પ્રગટે છે ત્યારે તેનું શરીર ગમે તેવું ઉમરમાં મોટું હોય તો પણ તેને પ્રયત્નમાં તે પ્રેરાવ્યાં કરે જ છે. તમન્ના નો એવો સહજ સ્વભાવ છે. તેથી આપણાથી જો પ્રયત્ન ન થતો હોય તો જાણવું કે તમન્ના નથી. અને જો તમન્ના નથી તો પછી જીવનનું ધ્યેય આદર્શ બુદ્ધિથી નિશ્ચિંતપણે થયું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હોય તો સમજી સમજીને ફરી ફરીને સતત તેવો અભ્યાસ ભાવના ને કલ્પનાથી ઉત્તેજિત કરી કરીને તેવા પ્રયત્નમાં ભગવાનને સજીવન કર્યા કરવાનું જો રાખીશું તો તમન્ના પણ જરૂર પ્રગટશે. પરંતુ જીવનમાં જો ચારે બાજુથી સાતડે સાત વાળીને બેસી રહ્યા કરીશું તો કોઈ દિવસ જીવનનો સૂરજ ઊગી શકવાનો નથી તે વાત નક્કી છે.

હરિઃ ૐ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હરિઃ ૐ

વિભાગ ૨

'આવી મળે એ અવસર'

સંતાનની કેળવણી

સ્વજન : મારા પુત્રને હવે નિશાળે મોકલવાનો છે. મારા મનમાં શિક્ષણના માધ્યમ અંગે ગડભાંજ છે. અંગ્રજી માધ્યમમાં ભણાવવાનો અત્યારે પ્રવાંહ વહે છે. મારે શું કરવું એ સૂઝતું નથી.

શ્રીમોટા : બાળકને પોતાની માતૃભાષા દ્વારા જ શિક્ષણ અપાય તે ઉત્તમ. નાનપણમાં પણ તેને અંગ્રેજી ન શીખવાય તેવું કશું નથી. ચારથી સાત વર્ષ સુધીમાં બાળકને ઘણી ભાષાનું જ્ઞાન આપી શકાય. પણ શિક્ષણ માત્ર માતૃભાષા દ્વારા જ અપાય તે જ વધુ યોગ્ય.

સ્વજન : આ છોકરાને અમુક વસ્તુઓ જ ખાવાની ટેવ પડી છે. એ સિવાય બીજું ખાતો નથી. એને આવી ટેવમાંથી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉગારવા ખૂબ પ્રયત્ન કરીએ છીએ છતાં પરિણામ આવતું નથી ?

શ્રીમોટા : બાળકને બેળેબેળે એટલે પરાણે ખાવાની કોઈ ટેવમાંથી ઉગારવું તે પણ ઉચિત નથી. તે બાળક ભલે હોય તોપણ તેને સમજાવવું. તેનામાં યોગ્ય પ્રકારની સમજણ પ્રગટાવીને તેમ કરી શકાય. બાળકની સમજણ ઉપર બળાત્કાર ના થાય. આપણા ઉત્તમ પ્રકારના સંસ્કાર તેનામાં આપમેળે પડે કે ઊગે તો ઉત્તમ. પરંતુ બાળકે અમુક જ ખાવું જોઈએ, અમુક જ પહેરવું જોઈએ તે બાબતમાં આપણે તેના ઉપર પરાણે કશુંયે લાદીએ નહિ. આપણે જેને યોગ્ય માનતા હોઈએ તે બધું બાળકને વારંવાર સમજાવીએ.

સ્વજન : મારા મિત્રનો મોટો પુત્ર માંસાહાર કરે છે. મને આની ખૂબ ચીઢ છે.

શ્રીમોટા : માંસાહાર કરનાર ઘાતકી હોય તેવું કશું નથી. તે કરુણા અને દયાવાળો પણ હોઈ શકે, તે સારી ભાવનાવાળો પણ હોઈ શકે. આપણે પોતે તે ના ખાઈએ તે આપણા માટે ઉત્તમ. પણ માંસાહારને કનિષ્ઠ-ઊતરતો ગણીને આપણે તેમ ગણીએ તે બરોબર નહિ ગણાય.

તા. ૧૫-૧૨-'૬૨

માબાપ વઢે ત્યારે ?

સ્વજન : મોટા ! હવે હું મોટો થયો છું. એમ છતાંય મારાં મા-બાપ મને વઢે છે. એથી મારું મન ખાટું થઈ જાય છે.

શ્રીમોટા : આપણું જીવન માતાપિતાને કારણે જ છે. તેથી માતાપિતા કદીક પોતાની પ્રકૃતિને-સ્વભાવને વશ થઈને વર્તી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જાય એમાં દોષ ના જોવાય. કોઈનાયે દોષ જોવાથી મન કદી ઊંચું ચઢી શકતું નથી. દોષ જોવા હોય, સમજવા હોય તો તે પોતાના જ જોવા. જગતમાં, સંસારમાં, વ્યવહારમાં પોતાને ગમતું કદી બનતું હોતું જ નથી. એને માટેની તાલીમ-કેળવણી પામવાનું સ્થાન સંસાર-વ્યવહારમાં હોય છે. કોઈક આપણને વઢે-કરે ને તેમાંય માબાપ વઢે-કરે ત્યારે તેમના તેવા વઢવામાં આપણે આપણા પરત્વેનો એમનો પ્રેમ સમજવાને મથવું. એ આપણા માટે હિતકારી છે.

માબાપ વઢે તેથી આપણે નારાજ થઈએ એમાં આપણું ગૌરવ પણ નથી ને શોભા પણ નથી. આપણે પણ શું ગુસ્સે થઈ જતા નથી ? આપણાથી, આપણી વાણીથી, વર્તનથી, રહેણીકરણીથી આપણને જે જે બધાં મળેલાં છે તેમને પૂરેપૂરો સંતોષ આપી શકીએ છીએ ખરા ? આ જગતમાં કોઈ સંપૂર્ણ નથી. જે તે બધાંનામાં અવગુણ-દોષ પડેલા જ છે. આપણને પણ આપણો સ્વભાવ છે. આપણને પણ આપણી પોતાની રીતે વર્તવાનું ગમે છે, પરંતુ તે રીત-જીવવાની રીત સાચી નથી. સાચી રીતે જીવવાનું તો તે જ કહેવાય કે જે રીતે જીવવાથી સંસારવ્યવહારમાં જે બધાં મળેલાં છે તેમને બધાંને આપણાથી કરી પ્રેમ ઊપજે, ઉલ્લાસ, ઉત્સાહ પ્રગટે, ને આપણાથી કરી તેમના જીવનમાં કંઈક હળવાશ, શાંતિ, પ્રસન્નતા, આનંદ પ્રગટે, ને તેમના જીવનમાં આપણાથી કંઈક ઉપયોગી થઈ પડવાનું જો પ્રભુકૃપાથી બનાતું હોય તો તેમ વર્તાય. એવા પ્રકારનું જીવન તે જીવન છે.

સ્વજન : આપ કહો છો એ ખરું છે. તો પછી એ લોકો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મારા પર ગુસ્સો કરે એ વખતે મારે શું કરવું ? એ વખતે હું તો લેવાઈ જઉં છું.

શ્રીમોટા : તું તો ડાહ્યો છે ને સમજુ છે. તારા પર મારો આધાર છે, તું લેવાઈ જાય તે કેમ ચાલે ? એ તો માબાપ છે. તો કોઈવાર વઢે, તેથી શું તે આપણાં માબાપ ઓછાં જ મટી જાય છે ? આ જન્મમાં જો માબાપનું દેવું મટાડવું હોય તો તો આપણે જીવનનો નવો પલટો જન્માવવો પડશે. જીવનને એવા પ્રકારમાં, એવા પટમાં, એવા પ્રવાહમાં પ્રગટાવવું પડશે કે જેથી આપણે તો ધન્ય થઈએ જ ને આપણા એવા જીવનથી આપણને મળેલાંને પણ ધન્ય કરી શકવાની વાસ્તવિકતાની મર્યાદામાં પ્રગટી શકીએ.

માબાપ એ માત્ર સ્થૂળ શરીર નથી. આપણા નવા જીવનને જીવવા માટેનું સાધન આપનાર શક્તિ છે. પછી ભલેને માબાપને આવું બધું ભાન ન હોય. માબાપ પરત્વેનો હૃદયનો ભાવ જો આપણે યોગ્ય ભક્તિથી પિછાની નહીં શક્યા તો જગતમાં લાગણી, ભાવના, કોમળતા, આનંદ એ બધા દિલના ભાવોનો, તેના યથાર્થપણામાં આપણા જીવનમાં એકાગ્ર ને કેન્દ્રિત થવાપણામાં ખચકો પડવાનો છે.

કોઈનાય પરત્વે પ્રગટેલો ઉત્તમમાં ઉત્તમ દૈવીભાવ જીવનને ખરાબે ચઢી જતાં બચાવી શકે છે. આ હકીકતનો તને સાચો ખ્યાલ જાગે તો તો મને કેટલો બધો આનંદ થાય ? આ બધું કહું છું તે આપણાં માબાપના વર્તનને યોગ્ય ઠેરવવાને માટે કહેતો નથી. તારાં માબાપ આમ તો મારાં મિત્ર છે. તેમના ગુણદોષની મને પૂરેપૂરી માહિતી છે. એમને પ્રભુકૃપાથી એમનું

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભાન જાગે એવી મારી દિલની કેટકેટલી પ્રાર્થના છે. એવું ભાન તને તો નહિ આવી શકે. એટલું જ નહિ, પરંતુ તારાં માબાપને પણ એનું ભાન તો નથી જ. વળી તું અત્યારથી જ મોટા દિલવાળો, સાચી હકીકત એના યોગ્યપણામાં સમજવાવાળો ન બની શકે તો તો પછી તું પણ આ સંસારના એકમાત્ર ગાડરિયા પ્રવાહમાં જ તણાયે જવાનો છે.

સ્વજન : મોટા ! આપ મારી સાથે એટલો બધો પ્રેમભાવભર્યો સંબંધ રાખો છો માટે દિલની વાતો કરું છું. કકળાટ થાય ત્યારે એમ થાય છે કે માબાપ, સગાં એ બધા સંબંધો આવા જ હોય ?

શ્રીમોટા : તારી સાથેનો મારો સંબંધ તો તું જીવનમાં દિલથી સાચી ભાવનામાં પ્રગટે ને દિલમાં દિલથી જીવનને સમજવાને મથે એ છે. જીવનનું રહસ્ય સમજવાને કાજે તારામાં સાચું મંથન જાગે એવું અનુભવવાને તો મારું દિલ કેટલો તલસાટ રાખી રહેલું હોય છે એની તને ક્યાંથી ખબર હોય ?

સમજે તો સમજાય તેવું છે. આ જગતમાં કશું જ ગૂઢ કે રહસ્ય જેવું નથી. બધું જ ખુલ્લે ખુલ્લું છે, પરંતુ આપણાં આંખ, દિલ ખૂલ્યાં નથી હોતાં તેથી જે જેવું તેના મૂળમાં છે તેનું આપણને કદી ભાન જાગી શકતું નથી ને જે છે તેનાથી ઊલટી જ રીતનું જેનું તેનું આપણને દર્શન થાય છે ને એને જ આપણે સાચું માની બેસીએ છીએ. પરંતુ આવું બધું તું ક્યારે સમજશે ? તારો જીવનપ્રદેશ આવો બધો હોવો ઘટે.

માબાપ કદીક વઢે કરે ને ધારો કે અન્યાયથી વઢે તો તેથી શું ? આપણો ધર્મ તો એકલાં માબાપને જ નહિ, પરંતુ જે તે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બધાં મળેલાં છે તે સર્વેને જ ચાહવાનો છે. આપણા દિલના પ્રેમમાં કોઈના કંઈ કશા આમતેમ કે આડાતેડાપણાથી કશો ક્ષોભ, ઊણપ, ઓછપ પ્રગટવાં જ ન ઘટે. પ્રેમ એ તો આપણા જીવનનું નવનીત છે. પ્રેમ એ જ જીવનનું સર્વસ્વ છે. પ્રેમ એ જ શક્તિ છે. પ્રેમ એ તો પ્રભુને પામવાનું એકમાત્ર સાધન છે. ને આ સંસાર સાગર-દરિયો તો લગભગ બધા જીવોને ખારો લાગે છે. પરંતુ પ્રેમ વડે કરીને જ એવા સંસારસાગરનું અમૃતઆનંદ અનુભવાય છે. પ્રેમ વડે કરીને જ જીવનમાં દૃષ્ટિ, વૃત્તિ ને વલણ બદલાતાં હોય છે. પ્રેમમાં કોઈનાયે દોષ જોવાપણું હોઈ શકતું નથી. પ્રેમ દોષ, અવગુણ જોઈ શકે છે, પણ એને મઠારવા કાજે. પ્રેમ તો પ્રેમના સ્વરૂપમાં એકરૂપ જન્માવવાને કાજે જ હેતુરૂપ છે. પ્રેમ છે એટલે તો આ બધું જગત છે. એવા પ્રેમને લાયક તું થાય તો જ મને તો સંતોષ છે.

સ્વજન : મોટા ! આપની વાતથી મને ઘણું સમાધાન મળે છે. મને એમ લાગી આવે છે કે આ કીચડમાં હું ક્યાં આવી પડ્યો ?

શ્રીમોટા : તું નાની નાની ક્ષુલ્લક બાબતોમાં પડી જાય ને જીવનની મહત્તા સમજતો ન થાય, તો પછી શું આપણે કાદવમાં જ ખરડાયા કરવું છે ? જીવનમાં જોઈશું તો કાદવમાંથી કમળ કેવું ખીલેલું શોભે છે ! જો જીવનમાં પ્રેમ ખીલી ઊઠે તો, આપણું આ જીવન-સાચા ભવ્ય, રમ્ય ને દિવ્ય જીવનની અપેક્ષાએ કાદવ જેવું જ છે, તેમાંથી આપણે કમળની જેમ ખીલી ઊઠીશું. જીવનમાં જો પ્રેમ પુષ્પની જેમ ખીલી ઊઠે છે, ત્યારે આપણને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આ સંસારમાં જે અનુભવવાનું મળે છે તે કંઈ ઓર જ હોય છે. એવા પ્રેમભાવને તું કેળવી શકે, તો તને જીવવામાં કેટલી બધી મસ્તી પ્રગટવાની છે ! જીવન જીવવામાં કેટલી બધી મસ્તી ને ખુમારી પ્રગટવાનાં છે ! એવા પ્રેમ વિના આ સંસારવ્યવહારમાં મેળવવા જેવું બીજું કશું જ નથી. પ્રેમ એ જ સર્વોત્તમ તત્ત્વ છે. ધન, દોલત, વૈભવ, વિલાસ, માલ-મિલકત એ બધું જ પ્રેમ આગળ કશા જ વિસાતમાં નથી. પ્રેમ આગળ તેવું બધું તદ્દન ફિક્કું લાગે છે, સંસારમાં જો કંઈ જ કશું જ મેળવવા જેવું હોય તો તે પ્રેમને કાજે છે. એવા પ્રેમને તું ઓળખતો થાય એ જ મને તો તારા માટે યોગ્ય લાગે છે. અને જીવનનો હેતુ પણ એના માટે છે.

આ બધું કોઈ સમજે કે ના સમજે, કદાચ તું પણ હાલમાં ન સમજી શકે, તેની સાથે મને કશી નિસ્બત નથી. પરંતુ પ્રભુકૃપાથી કોઈક કાળે તું આવું બધું સમજશે જ એવી શ્રદ્ધા તારા પરત્વે દિલમાં દિલથી રાખ્યા કરી જીવું છું. માટે આનંદમાં પ્રગટી જજે. ઉદાસ થવું એટલે તો મૃત્યુ. આપણે પંખીની પેઠે સદાય ગગનવિહારી થવાનું છે.

તા. ૩-૯-'૬૭

માતા-પિતાનું ઋણ

(યૌવનમાં પ્રવેશેલા એક બાળમિત્રને પૂજ્ય શ્રીમોટાએ લખેલો એક પત્ર.)

તા. ૨૬-૬-'૬૮

મારાથી તને શિખામણ તો ન દેવાય. હવે તારી ઉમર મોટી થઈ એટલે આપણે મિત્ર છીએ. આમેય પ્રભુકૃપાથી મેં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તો તારું કહ્યું જ કર્યું છે. તારી કોઈ પણ ઈચ્છા પૂરી કર્યા વિના રહ્યો નથી. તેં ઊંધું કહ્યું હશે, તો તે પ્રમાણે કરતાં મને સંકોચ થયો નથી; પરંતુ આજે તું એટલો બધો યાદ આવ્યો કે ન પૂછો વાત. તારી મા તો એમ જ કહે કે મોટાને તો જેમાંને તેમાં તું જ મહત્ત્વનો. પરંતુ મારે તને આજે એક ઉપનિષદની વાત કહેવી છે.

''એક ઋષિ હતા. તેમને એક પુત્ર. ઋષિ દાન કરવા બેઠા. ઋષિ તો જે જે ગાયો દૂધ દેતી ન હતી, ને વૃદ્ધ થઈ ગયેલી હતી, તેવી તેવી બધી જ ગાયો દાનમાં દેવા લાગ્યા. ઋષિના પુત્રથી આવું જોયું ન ગયું, ને અલબત્ત, નમ્રતાથી પોતાના બાપને કહે, 'પિતાજી, આપ નબળી ને દૂધ ન દેતી હોય તેવી ગાયોને દાનમાં આપો છો, તેના કરતાં સારામાં સારી, જે ઉત્તમ હોય તેવી ગાયોનું દાન કરો ને સાથે સાથે તેને નિભાવવી પડે તે માટે ઘાસચારો પણ આપો તો તે ઉત્તમ. દાન તો ઉત્તમમાં ઉત્તમ જે હોય તેનું જ કરો ને, તે રીતે હું તમારો પુત્ર ઉત્તમ, તો તેનું દાન કોને કરો છો ?' ઋષિ તો ક્રોધે ભરાઈ ગયા ને ગુસ્સાથી બોલ્યા કે 'જા તારું દાન યમને કરું છું.' આ જાણી પુત્ર (નચિકેતા) તો યમને ત્યાં ગયો. યમ બહાર ગયા હતા તેથી તે ત્રણ દિવસ બારણે પગથિયાં આગળ ખાધાપીધા વિના જ ત્યાંનો ત્યાં - બેસી રહ્યો. પછી યમ આવ્યા. તેમણે નચિકેતાને પૂછ્યું તો નચિકેતાએ માંડીને બધી વાત કરી. યમ તેના પર ઘણા પ્રસન્ન થયા, ને કહ્યું કે, 'તું ત્રણ દિવસ મારે ત્યાં એમનેં એમ મારી રાહ જોતો બેસી રહ્યો એટલે તું મારી પાસેથી ત્રણ વરદાન માગ.' એટલે નચિકેતાએ સૌ પ્રથમ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તો વરદાન એ માગ્યું કે, 'મારા પિતા મારા પર પ્રસન્ન થાય તેમ કરો.'

આનાથી આગળની વાત તને લખતો નથી. આપણું શરીર માતાપિતાથી બંધાયેલું છે, શરીર વડે કરીને જ આપણે તે કરી શકીએ. દુનિયામાં બીજા બધાના કરેલા ઉપકારનો બદલો કદાચ વાળી શકાય, પરંતુ માતાપિતાના ઋણનો બદલો તો વાળી જ ન શકાય. હવે તું મોટો થયો છે ને સમજુ થયો છે. એટલે આટલું તને લખ્યું છે. તું નાનો હતો ત્યારે તને કદીક કદીક વાર્તા કહેતો. પરંતુ તે બધું તને યાદ ન પણ હોય. પરંતુ હવે તો તું મોટો થયો છે, એટલે આ વાર્તા તો તને યાદ રહેશે જ. મને પણ જ્યારથી ભગવાનને અનુભવવાથી સાધનામાં પડેલો તે પછીથી જ માતપિતાના ઋણનો સાચો ખ્યાલ આવ્યો હતો, જે તને આજે જણાવ્યો છે. મારી સાથે સાધનામાં જે પડેલા છે તેમને પણ માતાપિતાના ઋણની હકીકત કહું છું ને તેઓ તેમ સમજતા થયા છે.

પત્ની સાથેનો વ્યવહાર

સ્વજન : મારી પત્ની અતડા સ્વભાવવાળી છે. એકલા એકલા રહેવું ગમે છે. ઘરમાં મોં ચઢાવી ફરે છે, અને કંકાસ પણ કર્યા કરે છે. એથી મને હવે એની સાથે રહેવું ગમતું નથી. હું એને શું કહું તો એ શાંત થાય અને મને પણ શાંતિ મળે.

શ્રીમોટા : તારી પત્નીની બધી હકીકત જાણી. આપણા દિલમાં એના પ્રત્યેનો જે અણગમો હોય અને જે મડાગાંઠો પડી હોય તે જ્યાં સુધી કાયમ રહે ત્યાં સુધી આપણને કદી શાંતિ થવાની નથી. તેના પ્રત્યે પણ સદ્‌ભાવ કેળવીને તેને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આપણા તરફથી કોઈ જાતનો અન્યાય ના થાય તે જોવાનો આપણો ધર્મ અને આપણું કર્મ બંને છે. પરણ્યા પછીથી તેનો નિભાવ કરવો તે આપણા પોતાની અંગત જવાબદારી પણ ગણાય. આપણાથી તેના સાથે કદી રહી જ નહિ શકાય, તેમાં આપણે પણ કારણભૂત હોઈ શકીએ ખરા. આપણે તેની સાથે સાનુકૂળતાથી રહી શકીએ તેવા હેતુવાળો સદ્‌ભાવપ્રેરિત ખરેખરો હૃદયનો પ્રયત્ન તો હજુ આપણે કરી તો શક્યા જ નથી. એટલે આ બાબતમાં હું તને કેવી રીતે મદદ કરી શકું? એનું એકલાપણું એને મૂંઝવણ કરતું નહિ જ હોય તે કેવી રીતે માની શકાય?

આ બધી બાબત કંઈ એને જણાવવાથી તેને એકદમ શાંતિ મળી જાય કે તેમાંથી મુક્તિ મળી જાય તેવું તો હાલમાં તને કશું સૂચવી શકાય તેવું લાગતું નથી. જીવનમાં જે જે કોયડાઓ ઊપજે છે તેનો નિકાલ કરવાનું કોઈ માનવી કદી યોગ્ય રીતે કરવાનું કરતા નથી.

સ્વજન : ખૂબ અકળાઈ જાઉં છું ત્યારે મોટે મોટેથી પ્રાર્થના કરું છું તોય ઉકેલ આવતો નથી.

શ્રીમોટા : માત્ર મોટા બરાડા પાડીને પ્રાર્થના કરવી કે બોલવું તે કંઈ પ્રાર્થના ન ગણાય. પ્રાર્થના એ તો દિલમાં થતા રહેતા એકધાર્યા પ્રવાહમાંથી પ્રગટતી જતી ગતિ છે. પ્રાર્થના એ જીવનના અનેક પ્રકારોના કોયડાનો ઉકેલ કરવામાં મદદકર્તા અને પ્રેરણારૂપ પણ બની શકે છે. શાંતિ અને પ્રસન્નતા પણ તેમાંથી કેળવાય છે. પ્રાર્થનાનો ભાવ ઉન્નતગામી છે. જ્યારે પ્રાર્થના કરવાથી આપણા દિલના

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભાવો ઉચ્ચ પ્રકારના થતા લાગે કે અનુભવાય ત્યારે તે પ્રાર્થના સાચી.

તા. ૨૬-૭-'૬૩

ત્યાગની સાચી ભાવના

સ્વજન-બહેન : મોટા ! સગાં-સંબંધીઓ માટે આપણે ગમે તેટલું ઘસાઈએ કે ગમે તેટલું ભોગવીએ અને જતું પણ કરીએ, તોય કોઈને કશી કદર થતી જ નથી. એટલે એમ થાય છે કે શું આપણે ત્યાગની ભાવના રાખીએ-એ રીતે વર્તીએ-એ બધું નકામું જ ?

શ્રીમોટા : આપણા ઉપનિષદનું એક વાક્ય છે કે બધું ત્યાગી ત્યાગીને ભોગવો અને એવો ત્યાગ કરવાની શક્તિ આપોઆપ માનવદિલમાં તો છે જ. પરંતુ ત્યાગનું મહત્ત્વ માનવીનું દિલ ઝંખે અને ત્યાગમાંથી સાચું સુખ ફળી શકે એવી જાગૃત સમજણ માનવીના દિલમાં જ્યાં સુધી પ્રગટી શકી નથી, ત્યાં સુધી તે હૈયાના આનંદથી અને ઉમળકાથી ત્યાગ કરી શકતો નથી. જાણ્યે-અજાણ્યે અનિચ્છાએ માનવી એકબીજા માટે ત્યાગ કર્યા વિના રહી શકતો નથી. પરંતુ એવો ત્યાગ તો નાછૂટકાનો ત્યાગ છે. માનવીને પરસ્પરને માટે કેટલીયે વાર અને ઘણીવાર બેળે-બેળે ત્યાગ કરવો પડે છે ને એવા ત્યાગમાંથી મનમાં વિકૃતિ જન્મે છે; અને મનને બળાપો, ક્લેશ, સંતાપ, કોઈવાર ઉશ્કેરાટ અને અશાંતિ પણ જન્મે છે, ''त्यागात् शांतिः अनंतरम्'' - ત્યાગથી અનંત શાંતિ જન્મે છે. ઉત્સાહભર્યા ઉમળકાથી અને ઉમંગથી જે ત્યાગ થાય તેમાંથી અનંત સુખ પ્રાપ્ત થઈ શકે છે-તેવો જ્ઞાનભક્તિયુક્ત હેતુ અને તેનું જ્ઞાન

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તે ત્યાગ કરતી વેળા પળેપળ માનવીના દિલમાં ઝબકતું ને ઉપર તરતું રહ્યાં કરે તો તેવા જ્ઞાનભક્તિપ્રેરક હેતુથી પ્રેરાઈને જે ત્યાગ બન્યા કરે તેવા ત્યાગનું મૂલ્યાંકન બહુ ઊંચું છે. એવો ત્યાગ જ્યારે પ્રગટે છે ત્યારે મન, બુદ્ધિ અને આપણાં હૃદય વિશાળ, ઉદાર, સહનશીલ અને મળેલા દરેક જીવ પરત્વે સદ્‌ભાવથી ભરપૂર રહ્યા કરે છે.

આ સંસાર-વ્યવહારમાં મળેલાં સંબંધીઓ અનેક પ્રકારની પ્રકૃતિ અને સ્વભાવવાળાં હોવાનાં. પરસ્પરનાં પ્રકૃતિ અને સ્વભાવ જુદા જુદા પ્રકારનાં હોવાથી તેમાંથી આપમેળે સંઘર્ષણ, અથડામણ, અકળામણ પેદા થાય છે. અને તેને લીધે માનવીનું મન વધારે ને વધારે દોદળું બને છે. પરંતુ જો પ્રકૃતિ અને સ્વભાવનો તેના વિજ્ઞાન પ્રમાણે અભ્યાસ કરીએ ને સમજીએ કે પ્રકૃતિ અને સ્વભાવને લીધે આ બધું સંઘર્ષણ થાય છે, તો તેવું થવાનું કારણ સામસામી વ્યક્તિઓના પ્રકૃતિ અને સ્વભાવ છે એ આપણને સહેજે સમજાઈ જાય.

સંસાર-વહેવારનો ગુણધર્મ જ એવો છે કે તેમાંથી આ પ્રકારની અથડામણ થવાની જ. એટલે એમાંથી જે ઉગરવા ઈચ્છે ને તેમાંથી જેને તરતાં રહેવાનું દિલ થાય ને સફાળા જાગી ઊઠવાની ઈચ્છા થાય તેવા જીવને જ ત્યાગ કરવાનું ખરેખરું દિલ પ્રગટે છે. એવા અથડામણના પ્રસંગમાંથી પોતાને એક માત્ર શાંતિ જ જોઈએ છે ને તે શાંતિ ટકાવવી છે એવું ખરેખરું જેને દિલમાં પ્રગટેલું છે તેવો જ માનવી સરળતાથી અને ઉમળકાથી ત્યાગ કરી શકશે. એમાંય સંસાર-વ્યવહારમાં માનવીને વશેકવશે કે બળેબળે પણ ત્યાગ તો કરવો જ પડે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે. તો પછી માનવી સમજીને, પોતાનાં સુખશાંતિને માટે સમજી સમજીને ત્યાગ કરે તો એવા ત્યાગમાંથી માનવીના જીવનમાં આનંદ અને શક્તિ બંને પ્રગટી શકે. ભાવનાભર્યા દિલના એવા ઉમળકાથી જેનાથી ત્યાગ થાય છે તેમને નવું જીવન પાંગરે છે, ને એવા જીવનનો લ્હાવો કોઈ અનેરો છે. એ તો તે પ્રમાણે જે સમજી સમજીને પોતાના હિત ખાતર તેમ વર્તી શકે છે તેવો જીવ એકલો જ તેને માણી શકે છે.

સમજણપૂર્વકના ત્યાગ વિના સાચું સુખ મળી શકે નહિ. જો આપણે દિલથી સાચા ભાવથી ત્યાગ કરીએ તો સુમેળ, સંપ, સહાનુભૂતિ, ધીરજ, સહનશક્તિ, એકબીજાનાં મન અને વિચારો પ્રતિ ઉદારતા, સહિષ્ણુતા અને આનંદ-પ્રસન્નતા એવા એવા ગુણો જરૂર વિકસી શકે ને ત્યાગમાંથી જીવનનાં નવાં પગરણ એક પછી એક પાંગરતાં જાય. જીવનના સાચા સુખની પ્રાપ્તિ એવા ત્યાગથી છે. એવો ત્યાગ માનવીના મનને હળવુંફૂલ બનાવે છે.

તા. ૨૧-૯-'૬૨

માલિકીભાવ

સ્વજન : મારું પ્રિય પાત્ર મને અણગમતું વર્તે તો મને બિલકુલ ન ગમે, એટલું જ નહિ પણ મને ગમે એમ જ વર્તે એવો માલિકીભાવ મને રહ્યા કરે છે. આ સ્થિતિ સારી ન ગણાય. તો આમાંથી કેવી રીતે ઉગરાય?

શ્રીમોટા : આપણા સ્વજન સાથેનો પ્રેમનો ભાવ શરૂ શરૂમાં ભલે માલિકીનો હોય, પરંતુ ઉચ્ચ પ્રકારનો પ્રેમ કેવા ભાવવાળો હોવો ઘટે તેની જો પૂરેપૂરી સમજણ પ્રગટી હોય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અને તે પ્રકારની સમજણથી વર્તવાની દિલમાં દિલથી ચોટ લાગી હોય, તો તેવી ચોટને કારણે આપણાથી પ્રેમની યોગ્ય ભાવના પ્રમાણે વર્તવાનું બની શકે ખરું. જેમ સંસાર-વ્યવહારમાં કોઈની ખરેખરી કોઈ કામ માટેની ગરજ પ્રગટી હોય છે તો તેવી ગરજને કારણે સામો માનવી અન્યાય કરે, ચીઢ બતાવે કે ગુસ્સો કરે કે અણગમો દર્શાવે તોપણ આપણને ગરજનું ભાન રહેવાથી તે બધું આપણે ગળી જઈએ છીએ. આપણને પ્રેમના ઉચ્ચ આદર્શ પ્રમાણે વર્તવાની હજુ ચોટ લાગી નથી, એટલું આમાંથી મને સ્પષ્ટ સમજાય છે. ચોટ લાગે છે ત્યારે દિલ તેમાં તે રીતે વળગેલું રહી શકે છે.

સ્વજન : પણ માલિકીભાવ સંપૂર્ણપણે એકદમ લય પામી જાય નહિ. છતાં આપ કહો છો એવી ચોટ લાગવી જોઈએ. ઉચ્ચતમ પ્રેમનો અનુભવ કેવી રીતે થાય ?

શ્રીમોટા : ''માલિકીભાવનો સંપૂર્ણપણે એકદમ કંઈ લય થઈ જાય નહિ'' એમ તું કહે છે. આપણને પોતાને જ પ્રેમભાવથી વર્તવાની દિલને ચોટ પ્રગટે તે આપણા માટે જરૂરી છે. આપણે પોતે સમજી લેવું ઘટે કે આપણને તેવી ચોટ લાગી છે કે નહિ. ને જ્યારે ખરેખરી દિલમાં દિલથી ચોટ પ્રગટે છે ત્યારે અસલની આપણી મૂળની વૃત્તિમાં કંઈ ધીરે ધીરે સુધારો થતો હોતો નથી. એ તો દિલની ચોટ પ્રમાણેના ભાવ પ્રમાણે ઘણુંખરું તો વર્તવાનું બને. થોડીક ઊણપ રહે ખરી, પણ તેથી કંઈ ઝાઝો એવો ભારે ફરક પડી જતો નથી. આપણે કેવો અને કેટલો પ્રેમ કરવો છે તેવી મર્યાદા ન બાંધી શકાય. અને અમુક

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રીતે જ પ્રેમની ભાવનાથી વર્તવું છે તેવી પણ કશી સમજણ ના બાંધી શકાય.

આપણે ઉચ્ચતમ કોટિના પ્રેમની ભાવનાને અનુભવવી હોય તો આપણે આપણા પ્રિયજનના પ્રેમના પાશમાં પૂર્ણપણે ઉમળકાથી બંધાઈ જવું. પ્રેમ પોતે જ સામાનામાં અનુરાગ પ્રગટાવ્યા વિના રહી શકતો નથી. પ્રેમ પક્ષપાતી હોવા છતાં મુદ્દલે પક્ષપાતી નથી. ને પ્રેમ દિલની એકતા પ્રગટાવ્યા વિના રહી શકતો નથી. પ્રેમ પોતે એકને ચાહતો હોવા છતાં અનેકને એકીસાથે તેવા જ દિલથી ચાહી શકે છે, એ કેટલાંયના દિલના અનુભવની હકીકત છે. હજી આપણે તો બહુ અધૂરાં છીએ. અને એનું ખરેખરું ઉત્કટ ધગધગતું ભાન આપણને પ્રગટ્યું નથી. આપણને હજુ એનો અસંતોષ પણ પ્રગટ્યો નથી ને તેનો ડંખ પણ સાલ્યો નથી કે સાલતો પણ નથી. આ બધું ખરેખરું પ્રગટ્યા ને સાલ્યા વિના તેમાંથી ઊઠવાનું જરૂર મુશ્કેલ બની જાય ખરું. અને જેના દિલની અભિમુખતા ખરેખરા પ્રેમની ધારણા પરત્વેની પ્રગટેલી છે અથવા તેના પ્રતિ જેની ગતિ કેળવાતી જતી હોય છે અથવા તો જેના પરત્વે એના દિલનું પ્રયાણ શરૂ થઈ ચૂક્યું છે તેવાને સામાન્ય માણસને લાગી .આવે એવી નિરાશાના પ્રસંગો તો સાંપડે, પણ તેવી સ્થિતિમાં તે નિરાશાને તાબે થતો નથી. તે તેમાંથી તારતમ્ય પોતા પૂરતું અને સામાના પરત્વે પણ સમાધાનપૂર્વકનું મેળવી શકે છે.

બુદ્ધિથી ભલે એમ સમજીએ કે પ્રેમને ઊંચે પ્રગટવાની લગની લાગી નથી, અને ભલે આપણે એમ ઉપરછલ્લી રીતે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કબૂલતા પણ હોઈએ પણ એટલાથી આપણું દળદર ફીટવાનું નથી તે નક્કી જાણજે. આપણે તો ચઢવું છે. જો ચઢવાની ચોટ લાગી હોય તો તેનાં પગરણ કંઈક વળી જુદાં હોય.

તા. ૨૦-૧૧-'૬૨

અભિમુખતાનું લક્ષણ

સ્વજન : હવે કોઈ વ્યક્તિ મારા પ્રિય સ્વજનને કોઈ વસ્તુની ભેટ આપે તો દ્વેષ થતો નથી, પણ હર્ષ થાય છે. આ ઉપરથી મારી જીવનની ગતિ ઉન્નત બની ગણાય ને ? હું ઊર્ધ્વજીવન પ્રત્યે અભિમુખ બન્યો ગણાઉં ને ?

શ્રીમોટા : આપણા પ્રિય સ્વજનને કોઈ ભેટ આપે તેથી કરીને આપણને આનંદ પ્રગટે તે સારું છે. પણ એનાથીયે વિશેષ તો એ છે કે આપણા દિલના સ્વજનને આપણા કરતાંય વિશેષ ચાહે ત્યારે આપણા દિલને આનંદનો પોરો ચઢે છે. અને તેના પ્રભાવથી કે અસરથી કરીને આપણા દિલને તેની ચાહવાની શક્તિને વિશેષ ઓપ ચઢે છે. જો દિલની ચાહવાની શક્તિ બઢતી રહે છે એવું થાય ત્યારે જ આપણું દિલ ચાહવાની પરિસ્થિતિમાં પ્રગટ્યું છે એમ સમજાય.

જેને વિકાસ કરવો છે ને ચઢવું છે તેને નાસીપાસની કે હતાશની પરિસ્થિતિ પ્રગટે ત્યારે પણ તે કદી નિરાશા અનુભવતો નથી, કારણ કે ત્યારે તેનું મુખ હંમેશ ઊર્ધ્વારોહણની દિશામાં જ પ્રગટેલું રહ્યા કરે છે. તે પડે ખરો પણ તેવા પડવાથી કરીને તેને ઉદ્યમની ગતિની પરાકાષ્ઠામાં મંદતા પ્રગટતી નથી.

એવી પરિસ્થિતિમાંથી જીવનનો સાધક વિશેષ પ્રેરણા અને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બળવાળો અને વિશેષ જુસ્સાથી કૂદકો મારનારો પ્રગટે છે એવી છે અભિમુખતાની સાચી ખૂબી.

તા. ૧૪-૧૧-'૬૨

અવગુણ - ઊણપને ન વાગોળાય

સ્વજન : અમે તો પામર જીવો છીએ. અમારામાં અનેક દોષો છે: પણ એ દોષોમાંથી હઠાતું નથી. એ દોષોનું નિવેદન કરીએ તોય ઠેકાણું પડતું નથી. હવે શું કરવું ?

શ્રીમોટા : આપણી પામરતા તો ભગવાનની આગળ છે અને ભગવાન વિષેની હૃદયમાં હૃદયથી સાચેસાચી હેતુપૂર્વકની સભાનતાયુક્ત ભાવના પ્રગટ્યા વિના જીવને પોતાની પામરતાનું કદી ભાન પ્રગટી શકતું જ નથી, તે અનુભવની હકીકત છે. બાકી આપણે શબ્દોમાં બોલીએ તેનો કશો અર્થ નહિ.

પોતાના સ્વભાવની, દોષની, અવગુણની પામરતા ગાયા કરવી અથવા તો એવું વાગોળવું તે માનવીને ગૌરવ નથી અર્પતું. તેનાથી તેનું હિત પણ સધાતું નથી, બલ્કે અહિત થાય છે. પોતાનું તેવું કંઈક સમજવાથી કરીને તેના દિલમાં તેની સભાનતા જાગીને પોતાનામાં જો તે વળી શકે એવી પ્રભુકૃપાથી દશા પ્રગટે તો તો ઉત્તમ. માટે પોતાનું આત્મનિવેદન કે પૃથક્કરણ જે કરવાનું છે તે તો તેમાંથી ઊઠવા માટે. બાકી તો દોષને, અવગુણને, ઊણપને, એવા કશાક નિમ્નગામી સ્વભાવની ટેવને, કદી કોઈ કાળે વાગોળવાનું કરવું જ નહિ. એથી તો આપણે પોતે જ વરવાં લાગીએ છીએ અને કેટલીક વાર તો બીજાનાં દિલમાં આપણા વિષે સંદેહ પણ જાગે. આ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તો એક માનસશાસ્ત્રીય હકીકત લખી છે. આમ હોય તો આમ બની શકે-એવાં કેટલાંક નિદાન માનસશાસ્ત્રની રીતે આપણા માટે જો કોઈ તારવે તો તે દોષપાત્ર ના ગણાય. ભગવાનની કૃપાએ એક કાળે તો ઊઠવાનું જ છે એવી શ્રદ્ધા મારા દિલમાં પાકી છે.

તા. ૨૯-૭-'૬૭

દ્વંદ્વનો હેતુ

સ્વજન : હું મારા સ્વભાવદોષને જાણું છું છતાં એનાથી ઉપરવટ થવાતું નથી. પ્રભુ પ્રત્યે અભિમુખ થવાનું મન થાય છે. પણ પાછું વિસારે પડાય છે. આવું બનવાનું કારણ શું ? આમાં મારી ખામી ક્યાં છે ?

શ્રીમોટા : આપણને આપણી પ્રકૃતિના દોષોનું જે ભાન થાય તે તેના સ્વીકારનો હેતુ તેની ઉપરવટ જવાનો હોવો ઘટે એવું ભાન પ્રગટ્યા વિના અને તે પરત્વેની એવી ઉત્કટ વેદના પ્રગટ્યા વિના કે ડંખ્યા વિના કે તેનો ખરેખરો હૈયાનો પસ્તાવો પ્રગટ્યા વિના તેનાથી ઉપસ્વટ થવાનું શક્ય બનતું નથી. જે તે બધું આપણે સમજી સમજીને હેતુપૂર્વક કરવું.

જગતમાં આપણે દ્વંદ્વની રચનામાં છીએ અને દ્વંદ્વની સ્થિતિમાં છીએ. માટે જ ચેતના પરત્વેની આકાંક્ષા અથવા તો અભિરુચિ કે જિજ્ઞાસા આપણામાં જન્મે છે. એ જ એનો માનવીને મોટામાં મોટો કૃપાપ્રસાદ છે. જે કોઈ જીવી જાણે છે તે જ એવા કૃપાપ્રસાદની ખરી મહત્તા અનુભવી શકે છે. જેને કંઈક મેળવવાનો ખરેખરો હૃદયનો થનગનાટ પ્રગટેલો છે એવો જ એક માત્ર જીવ તે પ્રકારના જીવંત પ્રયત્નમાંથી આનંદનો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રસ પામી શકે છે. જે જીવને રસનું ભાન પ્રગટે છે તે જ તેમાં ને તેમાં પ્રેમથી વળગેલો રહી શકે છે. એટલે આપણાંથી જે કંઈ પ્રયત્ન બને તેમાંથી આપણને ઉમળકો પ્રગટ્યા કરે તો તે પ્રયત્ન સાચી દિશાનો છે, તેમ સમજવું.

તા. ૧-૧-'૬૭

ધાર્યું ન બને ત્યારે

સ્વજન : મારું ધાર્યું ન થાય ત્યારે હું નિરાશ બનું છું. ક્યારેક સાંસારિક અડચણો ઊભી થાય છે ત્યારે ભાઈબહેન વચ્ચે પણ મનદુઃખ થઈ જતું હોય છે. આવી પળે કેવી ભાવના દ્રઢાવવી જોઈએ ?

શ્રીમોટા : જગતમાં આપણે ધારીએ તેટલું અને તેવું કદી બનતું હોતું નથી, જેની આપણને બહુ ગરજ ને બીજાને તેટલી ગરજ હોઈ શકે નહિ. તેથી આપણે કોઈ પણ બાબતમાં નિરાશ ના થવું ઘટે. આપણે આપણાથી બને તેટલા પ્રયત્ન કરવા. પ્રયત્નમાં નાસીપાસ ના થવાય તેની તો ઘણી ઘણી કાળજી રાખવી. કોઈને કોઈ રીતે આપણે ઉત્સાહ ટકાવી રાખવો. આપણું ધાર્યું ના થતાં આપણે એકદમ નિરાશ થઈ જઈએ, તો તેથી આપણને જ ગેરલાભ છે. વસ્તુ, પ્રસંગ કે ધાર્યું મળવાની સ્થિતિ એ બધાંનો આધાર એકલા આપણા પુરુષાર્થ ઉપર હોતો જ નથી.

તમારાં ભાઈબહેનોને જે ભાવ છે તે ખરેખર આ સંસાર-વહેવારના માનવીઓનું જીવન જોતાં કોઈ અનોખા પ્રકારનો છે, અને તેનું મૂલ્યાંકન મારા મનથી તો ઘણું મોટું છે. પરંતુ કેટલીયે વાર મેં જોયું છે કે સાંસારિક નાનીમોટી અડચણો અને

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિટંબણાઓથી પરસ્પરનાં મનદુઃખ અનુભવાતાં હોય છે, આ છે માનવજીવનની નબળાઈ. જીવનમાં મળેલાં સારાં તત્ત્વોને અનંતકાળ સુધી તેની સારપને સંગ્રહી રાખીને તેની સુગંધમાં સતત સર્યા કરવાનું બહુ જ થોડા જીવોમાં બની શકે છે. જીવન આનંદને માટે છે, આનંદ વિના જીવનનો કશો જ અર્થ નથી. જે તે બધાં આનંદને માટે મળેલાં છીએ. આ જો સમજીએ તો જીવનમાં બીજી આડીતેડી કેટલીક હકીકતો છે, અથવા તો નીપજે છે તેને આપણે કશું મહત્ત્વ ના આપીએ. જ્યાં ત્યાંથી જીવનના આનંદને જ મહત્ત્વ આપીએ ને એની જ પ્રેરણાથી આનંદને જ મેળવ્યા કરીએ ત્યારે જ સાચું જીવ્યું યથાર્થ.

તા. ૫-૭-'૬૩

સંઘર્ષનાં મૂળ

સ્વજન : મોટા ! આપ જાણો છો કે અમે ઘરમાં ત્રણ વ્યકિત છીએ. એમ છતાં અમારાં પરસ્પર વચ્ચે ઘણીવાર ઝઘડો થાય છે. વળી જો બીજાં બે-ચાર સગાં આવી પહોંચે તો મારા મનમાં ઘણો જ સંઘર્ષ થાય છે. આમ ન થાય એ માટે મારે કેવી રીતે રહેવું - વર્તવું ?

શ્રીમોટા : આપણા પોતાના મનને જે ઘર્ષણ કેટલીકવાર જન્મે છે તેનાં ઘણાં કારણો હોય છે.

ઘરમાં બે-ચાર વ્યક્તિઓ ભેગી થાય ને તદ્દન સાથે રહેવાનું બને ત્યારે આપણા મનમાં અનેક રીતે ઘર્ષણ થતાં હોય છે. તદ્દન સાચી રીતે ઘર્ષણ કયા કારણથી થાય છે તે ખોળી કાઢવું. જો આપણે ખોળવા મથીએ તો કારણ આપણને જડે ખરું. કાર્ય પરત્વેની કાળજી, સંભાળ તેને યોગ્ય વ્યવસ્થિતપણે કરવું.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કર્મ પરત્વેની હૈયાસૂઝ તથા સંસાર-વહેવારમાં જે તે બધાં મળેલાં છે તેમના પરત્વે વર્તવાની કળા-આ બધું આપણે તપાસવું જોઈએ.

મારી પાસે મારા જીવનના ઘણા દાખલા છે. પેટલાદમાં સાત-આઠ નોકરોની વચ્ચે રહેવાનું અને ઘરના મૂળ માલિક અને તેમનાં સગાંસંબંધીઓ ઉપર તો કર્મ પરત્વેના મારા ગુણના કારણે હું વહાલો થઈ પડેલો. એના કારણે મારા તરફ બધાંને અદેખાઈ જાગેલી ને મારે ઘણું સહન કરવું પડ્યું હતું. ઘરના મૂળ માલિક અને તેમના સંબંધીઓનો ભાવ મેળવવો મારે માટે જરૂરનો હતો. જો તેમ ના કર્યું હોત તો તે ઘરના નીચલા દરજ્જાના માણસોને મારા પ્રતિ અદેખાઈ અને ઇતરાજી ના પ્રગટી શકી હોત. એટલે બધાંએ ભેગાં મળીને ઘરના માલિક અને સગાંસંબંધી આગળ કેમ કરીને હું ભોંઠો પડું ને મારી નાલેશી થાય તેવું કરવાને પણ ઘણા પેંતરા કરેલા. પરંતુ એક માત્ર પ્રભુકૃપાથી બચી શકાયેલું. તેનું કારણ કે મારા હૃદયનો ખરેખરો ભાવ ઘરના મૂળ માલિકનો ભાવ મારા પર વિશેષ જાગૃત રહે તે હતો. મને આગળ વધવા માટે મદદ મળ્યા કરે તે પણ મારા માટે જરૂરી હતું. એટલે ઘર્ષણ થાય તો તેનાં મૂળ કારણો આપણા પોતામાં હોય છે. બીજાને લીધે તેવું થાય છે તે અજ્ઞાન છે.

ઘણીયે વાર માનવીનામાં જે જે બધાં સાથે મળેલાં છે તેના કરતાં પોતાની કોઈ રીતની ઊણપ, ઓછપ અથવા તો વ્યવહાર, વર્તન, કળા કે એકબીજાનાં કારણે કરીને જે લાઘવગ્રંથિ જાગતી હોય છે તેના કારણે તેમ બની શકે ખરું.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri
આ તો ઘર્ષણનો ઈતિહાસ મેં કહ્યો.

અમારે માટે તો તમે ત્રણ જણ એક ત્રિપુટી છો. ઘરની માલિકી પણ આપણે ત્રણે જણાંની ગણવી, અને સમજવી. આપણી પોતાની એકલાની કે બે જણની માલિકી કદી ના ગણવી. અને આપણે તો ઊલટું, માલિકીપણાનું ભાન છોડતા જવાનું છે. ઘરમાં જે તે બધું આપણું ધાર્યું થાય તેવી મડાગાંઠ પણ કદી મનમાં રાખવી જ નહિં; કેમકે આપણે અહમ્‌ને તો છોડવું જ છે. આપણા બધામાં અહમ્ તો ભર્યું પડ્યું છે. માનવી માત્ર જો પોતાના જ દોષો જોવાનું અને પોતાના જ સ્વભાવનું પૃથક્કરણ કરવાનું કર્યા કરે તો તેનું મૂળ કારણ તેના પોતાનામાં તેને જોવાનું મળશે. કેટલીક વાર કેટલાક માણસોને આવું પોતાના સ્વભાવની ઊણપો-ઓછપો તેવા પ્રકારની વહેવાર-વર્તનની ઊણપ લાગવાથી પણ તેમનામાં લાઘવગ્રંથિ જાગે છે તેવો મારો અનુભવ છે ને તેથી પણ તેમનામાં ઈર્ષ્યા, અદેખાઈ વગેરે જાગી શકવાનો સંભવ હોય છે. મને તેવા અનુભવમાં આવેલા દાખલા તને ટાંકી શકું એમ છું, પરંતુ તેનાં મારે નામ દેવાં પડે અને તે હું ટાળવા માગું છું.

ઝીણી ઝીણી બાબતોનું ટૂંપણું કહેવાનું અને સાંભળવાનું કોઈને દિલ ના હોય તો તેથી આપણે બીડાઈ જવાનું ના હોય. ધારો કે આપણને કોઈ ઊંધું સમજે. પરંતુ આપણો તેમના પરત્વેનો ખરેખરો દિલનો ઊંડો ભાવ ખૂબ ખૂબ નિર્મળ નીતરતો વહ્યે જાય તો અંતે તો વિજય આપણો જ છે તે નક્કી સમજજે. આ બધું તું યોગ્યપણે સમજી શકે માટે કહું છું. પણ આથી કરીને તું ઊંધું સમજીશ નહિ. કેટલીક વાર મારે તો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેમને બરાબર સ્પષ્ટ કહેવાનું બની શકતું હોતું નથી, કારણ તેમ કહેવા જતાં કોઈ વ્યક્તિ તેને બરાબર યોગ્ય અર્થમાં ઘટાવી શકતી નથી તેવો પણ મારો અનુભવ છે. મેં તો તને પ્રભુકૃપાથી ખુલ્લા દિલે કહ્યું છે જેથી તું બરાબર સમજી શકે.

તા. ૧૨-૯-'૬૭

ચાહવાની કળા

સ્વજન : મળેલાં સગાં-સંબંધીઓ પ્રત્યે સદ્‌ભાવ ટકી રહે અને વૃદ્ધિ પામે-આપ સૌને ચાહવાનું કહો છો, એ વાત બરાબર સમજાવો ને !

શ્રીમોટા : આપણે હ્રદયથી હ્રદયમાં ચાહવું છે. આપણે દિલથી જેને ચાહવું છે તે ચાહવાની ભાવનામાં શરત હોઈ શકે પણ નહિ. ચાહવાની ભાવનામાં કોઈ માંગ-demand-પ્રગટે તો ચાહવાની ભાવનામાં ઊણપ જન્મે. ખરેખરું ચાહવાનું તો મુક્ત દિલ જ કરી શકે. આપણે જે ભાવથી આપણા સ્વજનને ચાહવું છે તેવા ચાહવાપણામાં આપણી ને તેમની બંનેની મુક્તિ છે.

ચાહવું એટલે પરસ્પરના દિલને પરસ્પરના દિલથી એકમેક થઈ ઓતપ્રોત થઈ એકબીજાના દિલમાં હળવું, મળવું, ભળવું અને ગળવું. પરસ્પરના જીવનનું વ્યક્તવ્ય નોખું નોખું અને જુદી જુદી દિશાના પ્રવાહનું હોવા છતાં બંનેનું દિલ એકબીજા પરત્વે સદ્‌ભાવે સમભાવથી પ્રવર્ત્યા કરે તેવું તો સદ્‌ભાવભર્યા સમભાવમાંથી જ પ્રગટી શકે. દિલને દિલથી ચાહવાની ઉત્કટ ભાવનામાંથી જ હ્રદયમાંથી આવો નીતરતો સદ્‌ભાવ પ્રગટી શકે છે. સદ્‌ભાવની પ્રથમ ભૂમિકા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ચાહવાપણાની સ્થિતિમાંથી પ્રગટે છે. કોઈને દિલથી ચાહ્યા વિના તેના પરત્વે સદ્ભાવ આપમેળે પ્રગટી જવો તે કદી શક્ય હોતું નથી. એટલે જ હૃદય હૃદયથી ચાહવાનું જો બની શકે તો રાગદ્વેષ પણ મોળા પડે. ખરેખરા ચાહવાપણામાં આશા-અપેક્ષાને પણ સ્થાન હોતું નથી. આપણે આપણું ચાહવાપણું આપણા લક્ષમાં જીવતુંજાગતું, તરવરતું અને તરતું રાખ્યા કરીએ એ જ દિલની અભિલાષા ને પ્રાર્થના.

તા. ૪-૧-'૬૭

વિરોધ વેળાએ

સ્વજન : પણ મોટા ! આપણે ગમે તે રીતે પ્રેમભાવથી વર્તીએ છતાં પણ એવા સ્નેહભાવભર્યા વર્તન સામે પણ વિરોધ કરવામાં આવે તો શું કરવું ? હું તો ખુલ્લા દિલથી જે કોઈને કહેવાનું કહું છું. મેં તો કહ્યું છે કે મારો જીવનમાર્ગ મેં બદલ્યો છે, તોય કોઈને અસર થતી નથી.

શ્રીમોટા : આપણી સામે આપણા વર્તનનું ચિત્ર સ્પષ્ટ, સુરેખ અને નિશ્ચિત આલેખાયેલું હોય અને તે પ્રમાણે વર્તાવાની આપણા દિલમાં નિશ્ચયપૂર્વકની અભિલાષા હોય અને તેવા વર્તાવ પરત્વે જો ખરેખરો દિલનો ઉમળકો પ્રગટેલો હોય, ભાવ જાગેલો હોય તો ભલેને તેવા વર્તાવના વર્તન પ્રતિ ગમે તેટલો વિરોધ પ્રગટે તોપણ વિરોધ પ્રગટાવનાર પરત્વે સદ્ભાવની ભાવના જીવંત રાખીને જે વર્તન આપણે કરવું યોગ્ય અને ઉચિત છે તે જ વર્તન આપણે પ્રભુકૃપાથી કર્યા જઈશું.

પ્રભુકૃપાથી આપણા સ્વજને ખુલ્લા દિલથી વાત કરી તે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગમ્યું. તેઓ પ્રેમથી અને દિલથી ખુલ્લા થતા જાય એવું આપણું સુહૃદભર્યું તથા તેમના પરત્વે આપણા દિલનું વારી વારી જઈને ન્યોચ્છાવર થવાની આપણા દિલની ભાવનાથી પાકતુ જશે તેમ તેમ તેઓ જરૂર વધુ ખુલ્લા થતા જશે. અને તો તારે પણ તારા દિલના ખુલ્લાપણાથી આ વિષય પરત્વે વાતો કરવી. હવે કશો અંતરાય હોવો ન ઘટે.

સમાજમાં બંને કુટુંબની વ્યક્તિઓમાં જે બધી સમજ અને વાતાવરણ છે તેમ છતાં આપણા દિલની તેમના પરત્વેની આપણા હૈયાના વર્તનથી ભાવનાનું ખરેખરું સ્વરૂપ કેવું છે તે પણ તેમને જણાવી દઈએ. દિલનો ભાવ જેમ જે પ્રગટેલો હોય છે તે આજ નહિ તો કાલ છતો થયા વિના રહેવાનો નથી. તે આપમેળે બોલી દે છે. એટલે આપણા દિલના ભાવમાં જેટલી સચ્ચાઈ, પ્રામાણિકતા, વફાદારી, પ્રેમની ભાવનાવાળી આર્તતા ને આર્દ્રતા-આ બધા ગુણો જેટલા પ્રમાણમાં કેળવાશે તેમ તેમ તેમના પરત્વેના વર્તનભાવમાં આમૂલાગ્ર ફેરફાર થયેલો આપણે પોતે અનુભવતા રહીશું. કોઈની પર અસર પાડવા માટે આપણે તેમ કરવાનું નથી. તેની અસર નહિ જ પડે તેમ પણ કહેવાનું તાત્પર્ય નથી. પણ આપણે એવું ઝંખવાનું ન હોય. આપણે તો આપણા ધર્મના પાલન માટે તેમ કરવાનું હોય.

તા. ૮-૧-'૬૩

કર્મ પાછળની ભાવના

સ્વજન : જીવનમાં ઊંચી ભાવના કેળવવા માટે કર્મ કેવી રીતે કરવાં ? કેવી ધારણા રાખીને કર્મ આચરવાં ? આપણા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એવા ભાવનાભર્યા કર્મથી બીજાંને અસર થાય ખરી ?

શ્રીમોટા : આપણે જે વર્તન કરવાનું રાખીએ એ વર્તનની શ્રેષ્ઠતા-યોગ્યતા ઉચ્ચ ભાવનાને સાનુકૂળ હોય અને ગતિ કરાવનાર હોય એની જ્યારે આપણને પ્રતીતિ થઈ જાય અને તેમાં વળી જ્યારે દિલ પ્રગટેલું હોય અને દિલનો સહજ ઉમળકાભર્યો સાથ અને સહકાર હોય ત્યારે તેવું વર્તવું સામાન્ય જીવને માટે ઘણું કપરું હોય. તેવા કપરા સંજોગોમાં પણ ઉપલા પ્રકારના જીવને તો તેવું વર્તવામાં ઉમળકો પ્રગટે છે.

જે વર્તવામાં આપણને આનંદની લહરી છૂટે અને જે વર્તન આપણને જીવનની અભિલાષાઓમાં ઉન્નતિકારક પગલાં પડાવી શકે, જેમાંથી ભાવનાની ફોરમ પાંગરે તેવું વર્તન એ જ ખરું કર્મ છે. તે કર્મ પણ પ્રભુપ્રીત્યર્થની ભાવનાથી જ કરાયે જાય અને તેવાં કર્મ વડે જીવનપુષ્પ ખીલે અને તેનો ભગવાનના ચરણકમળે અર્ઘ્ય અપાય તો તેવા પ્રકારની સમર્પણ-પુષ્પાંજલિ એટલી બધી તો ભગવાનને વહાલી છે કે એવા પ્રકારના ભક્ત ઉપર તે વારી જાય છે. જે કર્મ દિલના એવા ભાવ-વારિથી સીંચાયેલું હોય છે ને જે કર્મથી હૃદયમાં જીવનની ઉન્નતગામી શ્રેણીઓ ઉપર ડગ માંડવાનું થયા કરતું હોય છે અને જે કર્મમાં નિશ્ચયનો રણકાર અને ટ્હુકાર પ્રગટેલો હોય છે અને જે કર્મની ભાવનામાં એકલી માત્ર પોતાના જ જીવનના વિકાસની જીવંત ધારણા પ્રગટેલી રહ્યા કરતી હોય છે તેવું કર્મ જીવનને તારનારું નીવડે છે. તેવા કર્મમાં જે જે જીવ સંકળાયેલ હોય તે જીવ પણ જો તે કર્મના હાર્દમાં ઉચ્ચ ભાવનાના ક્ષેત્રની ભાવનાની અસરથી પ્રેરાઈને જો તેવું કર્મ ધારો કે ના બનતું હોય તોપણ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આપણા હૃદયની તેમના પરત્વેની તેવા કર્મની ભાવનાની ઉત્કટતા પ્રગટતાં પ્રગટતાં તેના દિલ ઉપર આપણાં તેવાં કર્મથી આપણા પરત્વે તેને તેવા હૃદયની એક એવા પ્રકારની મુક્તતાની ફોરમ પ્રગટાવેલી તે અનુભવે છે અને આપણને પણ એની અસર પ્રગટે છે. આવાં કર્મમાં જે જીવ સાથે સંકળાયેલા હોઈએ તે બંને જ્યારે પરસ્પર દિલની મુક્તતા અનુભવે ત્યારે જ આપણે સાચી રીતે એકબીજાની નજીક પ્રગટતાં હોઈએ છીએ.

કર્મ તો જડ છે, એને જીવંત કરવાનું છે. હૃદયની ભાવના વડે કર્મમાં આદિ, મધ્ય અને અંતમાં જીવનધ્યેય પરત્વેની ભાવના અને તે કર્મનો હેતુ આપણા દિલમાં એકધારો જીવતો રહ્યા કરે તો જ કર્મમાંથી ઊઠતાં બીજાં અનેક વલણોના પાસાંઓમાં તે કર્મની ગતિ પ્રભુકૃપાથી એકલક્ષી જ રહ્યા કરે છે. કર્મ એ જીવનઘડતર માટે છે એવું જેને ભાન પ્રગટે છે તે કર્મથી તરી શકે છે. જેને જીવંત અને એકધારું ચેતનાત્મક જાગૃતિવાળું ભાન પ્રગટે છે તેવો જીવ કર્મને ભાવનાના સપ્રમાણમાં તથા ભાવનાના હૃદયના આધારે રાખીને આચરવાની કળામાં કુશળ બનતો જાય છે. એવી પ્રેમભક્તિ-જ્ઞાનપૂર્વકની ચેતનાત્મક સભાનતા જ્યારે પ્રગટે છે ત્યારે જ કર્મમાં કુશળતા જાગવા માંડે છે અને એવી કુશળતા જન્મવા માંડે તો જ સમજવું કે કર્મ ભાવનાથી પ્રગટ્યા કરે છે ખરું.

તા. ૧૨-૧-’૬૭

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વૃદ્ધાવસ્થાની વ્યથા અને એના ઉકેલની દિશા

એક વૃદ્ધ સ્વજને પૂજ્ય શ્રીમોટાને પોતાના દિલની વ્યથા વ્યક્ત કરતો પત્ર લખીને આપેલો. એ પત્ર નીચે પ્રમાણે છે :

હવે શરીર પણ નબળું થતું જાય છે એ અનુભવ્યું. ઘરનાં સ્ત્રી, પુત્ર વગેરે સૌને મારા ઉપરથી પ્રેમ ઊઠી ગયો છે એવું હું અનુભવું છું. વૃદ્ધાવસ્થામાં આવું બને એમ સૌ મહાન પુરુષો કહે છે. તમે પણ કહો છો. અને મારે કોઈના ઉપર નારાજ ન થવું અને સૌના ઉપર પ્રેમ રાખવો એમ આપ કહો છો. ગમે તેવું અયોગ્ય વર્તન કરે તોપણ આપણે નારાજ ન થવું, પણ સામાને રાજી રાખવા પ્રયત્ન કરવો તે યાદ આવે છે. છતાં તેનો અમલ કરી શકતો નથી. કેટલીક વાર સહન કરી લઉં છું પણ મન રાજી થતું નથી. દુ:ખી થાય છે કારણ કે ટેવ પડી છે. છતાં આપનાં વચનો પ્રમાણે કરવા પ્રયત્ન કરું છું. પણ તે બધી મારી ભૂલ જ ગણાય. હું હજી લાયક થયો નથી. નાનપણથી પડેલી ટેવો હજી જતી નથી.

મારા કોઈ પૂર્વના યોગે આપના જેવા સાચા જીવનમુક્ત સંત મળ્યા છતાં આ જીવ તો નઠોર જ રહ્યો. આપે મને પાંખમાં લેવા ઘણા પ્રેમથી, હૃદયના ઉમળકાથી પ્રયત્ન કર્યા છે તે હવે યાદ આવે છે. પણ આ જડ જીવ તે વખતે આપને સમજી શક્યો નહિ. પૂર્વના યોગ હશે તે આપના ઉપર મને નિરંતર પ્રેમ રહ્યા કરે છે. કંઈ પૂર્વથી પાષાણવૃત્તિવાળું હૃદય ઘડાયેલું. આપે ઘણા જ પ્રેમ ને ઉમળકાથી મારો ઉદ્ધાર કરવા પ્રયત્ન કર્યો છે અને આપ તો હજી એવા જ છો.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મારા દુર્ભાગ્યે મને નબળા હૃદયનો સંગી મળ્યો. હું કંઈ વિચાર દર્શાવું તે ભાંગી નાંખે. મેં હૃદયથી વિશ્વાસ મૂક્યો એમાં મેં ભૂલ કરી, પણ હવે શું થાય ? છોકરાંઓને એને સોંપી દીધાં. એમ મેં ભૂલો ઘણી કરી. હવે સુધારી શકવાની મારામાં શક્તિ નથી. હવે મારો સાચો આશરો જો કોઈ હોય તો તમે છો. મેં તમારા કહેવા પ્રમાણે કંઈ કર્યું નથી, તેની હું હૃદયથી માફી માગું છું. હું પ્રાર્થના કરું છું, સ્મરણભાવ કરું છું. પણ મારામાં પ્રેમ નથી, તેથી ભાવ જાગતો નથી. મારામાં ભાવ જાગે, પ્રેમ જાગે, સહનશીલતા જાગે, એટલી કૃપા માંગું છું.

તા. ૧૩-૫-'૬૩

શ્રીમોટા : તમારા કાગળમાં તમે ખુલ્લા દિલે લખ્યું છે તે જાણીને રાજી થયો.

બાળપણ-ઘડપણ

જિંદગીમાં બાળપણ અને ઘડપણ તે બંને દશામાં આપણી કોઈ બરાબર યોગ્ય સંભાળ રાખનાર હોય, પ્રેમ કરનાર હોય, ચાહનાર હોય તો ગમે. આપણા તરફ બધા મમતા રાખે તેવું બધાં બાળકને ગમે અને ઘડપણવાળાને પણ ગમે. બાળકને તો સૌ કોઈ ઉપર પ્રમાણે કરતું હોય છે. બાળકને તેમ કરે છે, કારણ બાળક તે લોકોની સાથે મૂકપણે વર્તે છે. તેમની સામેના કોઈ આઘાત-પ્રત્યાઘાતને સંવેદનશીલપણે વ્યક્ત કરતું નથી. અમુક ઉંમરના બાળકને કોઈનાય પરત્વે કોઈ પણ પ્રકારની નકારાત્મક કે રચનાત્મક લાગણી જન્મેલી હોતી નથી. જ્યારે ઘડપણવાળાને તો ગમા-અણગમા પણ વધે છે. તેની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માન્યતાની ગ્રંથિ વિશેષ મજબૂત થઈ હોય છે કે થતી હોય છે. પોતાની આવડત, ડહાપણ, વ્યવહારકુશળતા અને હોશિંયારીનો ખ્યાલ તેને વધારે પડતો આગળ આવે છે. એ જ માપથી બીજાંઓને માપે છે.

નવો વળાંક

જગતમાં પોતાની રીતે બધું ચાલવું જોઈએ તેવું કદી બની શકતું નથી. વિવિધતા તો રહેવાની જ. ઘડપણ થયું એટલે આપણે બધાંની નજરમાંથી ઊતરી જઈએ છીએ તેનું કારણ આપણે પોતે જ છીએ. આપણે જો બાળકની રીતે તેમની સાથે વર્ત્યા કરીએ તો બાળક પ્રત્યેનું જેવું વર્તન હોય છે તેવું જ વર્તન આપણી પરત્વેનું બને તેવું જરૂર રહે. ઘડપણમાં આપણા પોતાના ખ્યાલો તથા આગળ-પાછળના બનાવો-પ્રસંગો, વ્યક્તિઓ વગેરે પરત્વેનું, આપણા પરત્વેના તેમના વર્તન વિષેનું આપણું સભાનપણું વૃદ્ધાવસ્થાના ગાળામાં આપણને સવિશેષ સંવેદન પ્રગટાવે છે. ઘડપણમાં નબળાઈ પણ વધે છે તેથી અગાઉનો શાંત સ્વભાવ એ બધામાં પણ થોડોઘણો ફેર પડે તથા આઘાત અને પ્રત્યાઘાત થાય છે. તેથી કરીને જે લાગણી પ્રગટે છે તે બીજા પ્રકારની કે જ્ઞાનતંતુઓની કે એવા પ્રકારની નબળાઈને કારણે તેનું આપણને વધારે લાગી આવે છે. તેવા જ પ્રસંગો યુવાનીના ગાળામાં બન્યા હોત તો ત્યારે આપણે તે પરત્વે ઝાઝું લક્ષ આપ્યું ન હોત. તમે તો સમજી શકો છો એટલે આ બધું મારું સમજી શકશો.

સમતાધારક મૌન

આપણે તો ઘડપણ-બાકીનું આયુષ્ય મૂંગા મૂંગા સમતા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ધારણ કરીને, ભગવાનના સ્મરણમાં ગાળ્યા કરીએ તે જ આપણે માટે ઉત્તમ છે. કોઈ આપણી દરકાર રાખે કે ન રાખે તેનો લેશ માત્ર વિચાર પણ પ્રગટવા ન દેવો. જ્યારે પ્રગટે ત્યારે મનને સાંત્વન આપી તેનું સમાધાન કરવું. ત્યાં સુધી ઘરમાં ઘરનાંની સાથે ઝાઝી માથાકૂટમાં ન ઊતરવું. પોતાના આગ્રહોને અને મંતવ્યોને અને અક્કલ-હોંશિયારી-જ્ઞાનને તથા આવડતને કદી આગળ પડવા દેવાં નહિ. કારણ કે તેમ કરીશું તોપણ તે પ્રમાણે કોઈ વર્તવાનું નથી. આપણે મૂક રહીશું અને બધાંની સાથે સદ્ભાવ તથા પ્રેમ રાખીશું અને તેમની સાથે વિનોદભાવે તેમને આનંદ પ્રવર્તી શકે તેવું વર્તન રાખીશું તો આપણે તેમના આનંદનું કારણ થઈ પડીશું. ઘરમાં બાળકોને આનંદ થાય તેવી વાર્તાઓ કહીએ અને એ રીતે ઘરના વાતાવરણને આનંદમાં રાખવાનો આપણો સજાગ પ્રયત્ન હોય તથા ઘડપણમાં આપણને હવે કશું મહત્ત્વ ન મળે તેનો વાંધો નહિ પણ આપણે તેને સમજણ વડે કરીને ઘરમાં બીજાને વધુ ને વધુ મહત્ત્વ અપાવ્યા કરવાનું ચાહીએ.

નવો ચીલો

આપણે હવે ઘડપણનો ગાળો જીવવાનો નવો ચીલો પાડીને જીવવાનું છે. આપણે સાચે જ એકલરામ છીએ તે હકીકત આપણે ભૂલ્યા અને મમતા, કામ, ક્રોધ, મોહ આદિમાં ફસાયા. તે એકના અનેક થયા. હવે તે અનેકપણામાં આપણે રાગાદિકપણાથી વિકસેલા તે જ આપણે પોતે પોતાના જ સર્જનથી કરીને – આપણા પોતાના જ રાગેથી કરીને આપણે પોતે દુઃખી થઈએ છીએ. ઘડપણનો ઉપયોગ જીવનવિકાસના

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉપયોગમાં કરવાની ખરેખરી સભાનતા જે જીવને જો દિલથી લાગી જાય તો તેવા જીવને ઘડપણમાં પણ આનંદ મળી શકે છે. જ્યારે આપણે પોતે વૃદ્ધો-આપણા પોતાનામાં રમતા થઈ જઈએ ત્યારે કુટુંબની વ્યક્તિઓ ઘરડાંને ચાહવાનું કરી શકશે. ભગવાનનું સ્મરણ કરવાનો આ શાંતિનો ગાળો મળ્યો છે તે આપણે હવે સાંસારિક સગપણોનો ખ્યાલ છોડીને તે બધાં પરત્વેનું પ્રભુકૃપાથી ટળે એવા આપણા ઘડપણના પ્રસંગોનો આપણે તે રીતે અને તેવા હેતુથી ઉપયોગ કરતા રહીએ તો જ ઘડપણ એ જીવનવિકાસની કમાણીના દિનો છે તેનો આપણને અનુભવ થાય. હું તો તમને અવારનવાર યાદ કરું જ છું. કૃપા કરીને કોઈ રીતે ઓછું ન આણવા મારી તમને પ્રાર્થના છે. હરિસ્મરણમાં સમય ગળાય તો ઘણું જ ઉત્તમ.

તા. ૧૬-૫-'૬૩

ચાહવું એ જ ધર્મ

સ્વજન : મોટા ! ઘરમાં બધાંને હું સારી રીતે બોલાવું છું. તોય મને કોઈ ઉમળકાથી બોલાવે નહિ. મારા તરફ બધા અણગમો દેખાડે છે એથી હું ખૂબ કંટાળું છું. અને મનમાં મને ખૂબ દુઃખ થાય છે. કંટાળો આવે ત્યારે શું કરવું એ સૂઝતું નથી. આપણે સીધા રહીએ તોય લોકો આમ કેમ વર્તતા હશે?

શ્રીમોટા : જીવનથી કંટાળીને માત્ર કંટાળાની લાગણી રાખ્યા કરવાથી આપણને જ ઊલટું વિશેષ દુઃખ થવાનું છે. એવા કંટાળાના કારણે પણ આપણા જીવનનો રસ તેમાં ને તેમાંથી સુકાઈ જતો હોય છે. માટે કંટાળો આવે ત્યારે તે કંટાળાને વધારવો તો નહિ જ. કંટાળો પ્રગટે ત્યારે સ્મરણ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરવું, પ્રાર્થના કરવી, ભજન ગાવું, ભાવનાને પ્રગટાવે તેવું વાંચન કરવું, તો તે કંટાળો જરૂર ઓછો થશે.

આપણને કોઈ ઉમળકાથી ના બોલાવે તોપણ આપણે પોતે આપણા હૃદયથી ખરેખરી રીતે તે તે બધાંને ચાહવાને મથીશું તો આપણા ખરેખરા સાચા દિલના ચાહવાપણામાંથી જ મળેલાં સ્વજનોને ચાહવાનો આનંદ આપણા પોતામાંથી પ્રગટતો આપણે પોતે અનુભવીશું. તે પછી આપણને બીજા કોઈ ચાહે છે કે નહિ તેની ઝાઝી પરવા નહિ રહે. એવું ચાહતાં ચાહતાં આપણે પોતે જ ચાહવામાં જ ગુલતાન થઈ જઈએ છીએ.

ચાહવાનો આનંદ પણ કોઈ અનેરો છે. માટે જે સંસાર આપણને મળેલો છે ત્યાં આપણે ખરા દિલથી ચાહવાનો પ્રયત્ન કર્યા કરવાનો છે. એવું, હૃદયથી હૃદયમાં ખરેખરું ચાહવાનું જ્યારે પ્રગટે છે ત્યારે તેવા ચાહવાની સાથે તેમાં તેવા ગુણો પણ પ્રગટે છે. કોઈ પરત્વે આપણને તેવો ચાહવાનો ઉમળકો ના પ્રગટે તોપણ તેને ચાહ્યા કરવાનું રાખીશું, તો જતે દિવસે તેમાં પણ ઉમળકો પ્રગટવાનો. આપણે તો આનંદથી જીવવું છે, રહેવું છે અને વર્તવું છે. એવો આનંદ ચાહવામાંથી જ મળી શકે છે.

જીવન ભલેને ગમે તેટલું જડ ને શુષ્ક બની ગયું હોય-જો કે કોઈ માનવી તેવું ભલે માને તોપણ જીવન એવું શુષ્ક કે જડ થઈ શકતું નથી; કારણકે જીવન પોતે જ તેની સર્વ કોઈ ભૂમિકાના સ્તરમાં તે તે પ્રકારના રસવાળું હોય છે. અનેક પ્રકારની અત્યંત ભીંસવાળી ગરીબાઈમાં યા તો દુઃખોથી લદાયેલા માનવજીવનમાં પણ કોઈ ને કોઈ પ્રકારનો રસ હોય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જ છે ને તેથી તે જીવી રહેલો હોય છે. એટલે સંસારમાં જે એક અમૂલ્ય ભગવાનનો કૃપાપ્રસાદ-ચાહવાનો-મળ્યો છે તેનો સહારો જો માનવી હેતુના જ્ઞાનભાન સાથે લઈ શકે તો તેને તેમાંથી અમૃત આનંદ થાય. તા. ૩૧-૧૨-'૬૩

પરિસ્થિતિનો સ્વીકાર

સ્વજન : હમણાં તો બધા જ પ્રકારના સંજોગો વિપરીત છે. જેમ તેમ કરીને સમાધાન કરતો કરતો આવેલી પરિસ્થિતિને સ્વીકારું છું-બીજું શું કરું ત્યારે ?

શ્રીમોટા : જીવનમાં અનેક પ્રકારના સંજોગો, પરિસ્થિતિ અને શરીરની દશા જુદાં જુદાં પ્રગટ્યાં જ કરે છે તેને સાનુકૂળ થઈને વર્તવાનું દિલ પ્રભુકૃપાથી પ્રવર્તેલું ઊગી શકે તો માનવીને તેમાં પણ સમાધાન પ્રગટી શકે. ગમે તેવી આકરામાં આકરી કસોટીમાંથી પસાર થતાં થતાં માનવીને અનેક પ્રકારની અકળામણ ચિંતા-સંઘર્ષ-ફિકર-મુશ્કેલી-વિઘ્ન વગેરે વગેરે બધાં આવ્યા વિના નથી રહેતાં ને તેમાં પણ તેને આખરે તો હારીને પણ સમાધાન કરવાની જ સ્થિતિ બળેબળે પણ પ્રગટે છે. માનવી પોતે જાતે સમજીને તેવી પરિસ્થિતિમાં પોતાની મેળે અંતરમાં અંતરથી સમાધાન મેળવી લે તો તે દુઃખમાં પણ કંઈક સુખદ લહરી મેળવી શકવાને ભાગ્યશાળી થઈ શકે. તમે આવેલી પરિસ્થિતિને સ્વીકારી છે તે જાણીને રાજી થયો છું.

સ્વજન : આવી પરિસ્થિતિમાં મારા મુરબ્બી ખૂબ ધીરજ રાખે છે. પણ ઘરમાં એમને કોઈ સમજી શકતું નથી. મારી સમાધાનવૃત્તિની પણ ટીકા કરે છે. મારા મુરબ્બી આવી ઉદારતા અને ત્યાગવૃત્તિવાળા હોવા છતાં લેવાઈ કેમ જતા હશે ?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

શ્રીમોટા : તમે કહો છો તે સાચું છે કે મુરબ્બીના દિલને બીજા લોકો બહુ નહિ સમજી શકે. દરેક માનવી કોઈ પણ બીજા માનવીને તેની સમગ્રતાથી ઓળખી શકતું નથી. કારણકે માનવીના દિલને અનેક પાસાં હોય છે. એ બધાંય પાસાંઓને સમજવાં અને જાણવાં તે બહુ અઘરું છે. અને તેમાંયે મુરબ્બીએ તો જેની તેની સાથે બહુ જ ધીરજ અને સહનશક્તિ કેળવી કેળવીને કામ લીધેલું છે. પરંતુ મને પોતાને એમ સમજાયું છે કે આટલો બધો ત્યાગ તેમનો હોવા છતાં જીવનમાં ઉમળકો પ્રગટેલો નથી. એટલે માનવી ત્યાગ તો કરે પણ તે નાછૂટકે. બાકી હૃદયથી કરાયેલા સાચા ત્યાગમાંથી તો ગુણ અને શક્તિ પ્રગટે એવું ગણિતશાસ્ત્ર છે. આ તો આપણે સમજવાની દૃષ્ટિથી કહું છું. આપણને દરેક જણને મળેલાંઓની સાથે છૂટકે-નાછૂટકે ત્યાગ તો કરવો જ પડે છે અને ત્યાગ કરતાં પણ હોઈએ છીએ. પણ આપણને કોઈને તેવા ત્યાગમાંથી આનંદ પ્રગટતો હોતો નથી. ખરેખરા હૃદયના સાચા ત્યાગમાંથી આપણને આનંદ પ્રગટે છે અને ત્યાગથી શાંતિ જન્મે છે. આ બધું આપણે સમજવા જેવું છે, માટે કહું છું.

તા. ૩૧-૧૨-'૬૨

નિંદાનું સૂક્ષ્મ રૂપ

સ્વજન : અમારા નવા ઘર માટે અમારા પૂજ્ય વડીલે યાદ કરી કરીને બધું આપ્યું. હવે એમનો ભાવ ફર્યો છે.

શ્રીમોટા : એમણે બધું નવા ઘરને માટે યાદ કરી કરીને તૈયાર કરીને આપ્યું તેથી આપણને સારું લાગે, પરંતુ ધારો કે કંઈ જ કશું ના આપે ને ઉપરથી અણગમો બતાવે અને ધારો કે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ગમે તેમ યદ્વાતદ્વા બોલે તોપણ આપણો તેમના પરત્વેનો સદ્ભાવ જીવતો-જાગતો ટકી રહે ત્યારે આપણા દિલના સદ્ભાવની વાત સાચી. આ રીતે જ આપણે તો જીવનમાં મળેલાં સઘળાંની સાથે વર્તવાનું હોય.

આપણું જેમનાથી સારું થયું હોય તેમના પરત્વે સદ્ભાવ હોય તેમાં કશી મોટી વાત નથી. પરંતુ જેમણે અન્યાય કર્યા હોય, આપણું અહિત કર્યું હોય, આપણું બગાડ્યું હોય, આપણી અયોગ્ય રીતે નિંદા કરી હોય અને જે કોઈ જ્યાં ને ત્યાં આપણું ઘસાતું જ બોલાતું હોય તેવાં પરત્વે પણ દિલમાં સદ્ભાવ જાગેલો ટકી રહે ત્યારે જ સાચું. બાકી આપણા મને તો કેટલુંયે ઊંધું તેમના વિષે વિચારેલું છે તે પણ હકીકત છે.

નિંદા વાણીથી થઈ શકે અને આંખથી પણ થઈ શકે અને મનમાં મનથી પણ થઈ શકે. નિંદા તો મોટામાં મોટો દુર્ગણ છે. જે જીવ કોકની નિંદા કરે છે તે કોઈ પરત્વે દિલની દિલથી દિલમાં વફાદારી તો ના જ રાખી શકે. કોઈક એક પરત્વે રાખે તો તેવી વફાદારીની પ્રામાણિકતા અને દાનતમાં પણ કશું ઝાઝું વજૂદ ના હોય. અને એવી વફાદારીથી જીવન ઘડાય પણ નહિ.

તા. ૨૪-૪-'૬૩

બૌદ્ધિક સમજણ

સ્વજન : મોટા ! આપની સાથે મારો સંબંધ થયો છે એથી ઊંચી ભાવનાઓ જાગે છે. કેટલીક ઊર્ધ્વજીવનની વાતો પણ સમજાય છે. આમ સમજણ ઊગે એ સારું ગણાય ને ?

શ્રીમોટા : આપણો કોઈ પણ રીતનો સંબંધ દિલની ભાવના

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રગટાવવાને કેળવવા માટેનો છે. પ્રત્યેક રીત-ટેક્નિક સાધન-ઉપાય વગેરેમાં દિલની મૌલિકતા પ્રગટેલી રહ્યા કરે તો જ તેનો લાભ લઈ શકાય. મૌલિકતા ભાવને કે રસને કારણે પ્રગટે. એટલે જ તે ગ્રહણ અને સ્વીકાર કરવાનો આધાર અને તેને સાનુકૂળ પ્રત્યુત્તર આપવાનો આધાર આપણા પોતાના દિલ પર છે. અને તે જ ખરો આધાર છે ને તે કેળવવા જેવો છે. બુદ્ધિની ખાલી ખાલી કોરી સમજણ ઉપર મને ઝાઝો કશો વિશ્વાસ નથી. તપ-મથામણ અને સાધનોનો જે પુરુષાર્થ થયા કરે છે એમાંથી આપમેળે જે સમજણ પ્રગટે છે તે જ ખરી સમજણ છે.

શરૂ શરૂમાં આવી વાતને હું જરૂર પ્રોત્સાહન આપું છું ખરો, ને તે પણ પરસ્પરનો ભાવસંબંધ કેળવવા માટે. પરંતુ આપણે જાતે મથ્યા વિના આવી બધી વાતોથી કે વાંચનથી મળેલી બધી સમજણો કશા ઉપયોગમાં આવતી નથી. જો વાંચવાની સમજણથી કે વાતોની સમજણથી ખરેખરી સમજણ ઊગી શકતી હોત તો સાધનાની કશી આવશ્યકતા ન રહી હોત. માટે હવે તારે માટે તો સાધના ભાવે મથવાનું બાકી રહે છે. બાકી તું પૂછીશ તો તેનો જવાબ તને આપીશું પણ હવે હું એને મહત્ત્વ આપતો નથી.

જમીન પણ તપ્યા વિના તેમાંથી અન્ન પાકતું નથી. ખરેખરી સાધનાથી જે સૂઝ પ્રગટે તે સૂઝ ખપમાં લાગે.

તા. ૧૭-૪-'૬૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઊર્ધ્વજીવન ઝંખનારનાં લક્ષણ

સ્વજન : મોટા ! ઊર્ધ્વજીવનની ઝંખના પ્રગટી હોય એનાં લક્ષણો કેવી રીતે પરખવાં ?

શ્રીમોટા : ધ્યેયને સાકાર કરવાને માટે જીવનમાં ધૂન કે તેવા પ્રકારની ઘેલછા પ્રગટેલી હોવી જોઈએ. અને એવા પ્રકારનું ઝનૂન પણ પ્રગટેલું અને જાગી ગયેલું હોવું જોઈએ. અને તે બધું કંઈ જણાયા વિના રહી શકતું નથી. એના પ્રત્યેક કર્મમાં ક્રાંતિ પ્રગટેલી હોય છે. સામાન્ય રીતે તો ભક્ત એટલે એક ચાલતા ચીલા પ્રમાણે ચાલ્યા કરે તેવો ભક્ત. પરંતુ જેને જીવનમાં અને જીવનનાં અનેક ક્ષેત્રોમાં જીવનવિકાસના હેતુની ભાવનાથી પ્રગટવું છે અને વિકાસ સાધવો છે તેવા જીવનું પ્રત્યેક કર્મ, સંબંધ, વ્યવહાર વગેરેમાં કોઈને કોઈ પ્રકારનું અનોખાપણું હોય છે. અને તે પોતે ન્યારો ન્યારો વર્તેલો રહ્યા કરતો હોય છે. અને તેવાં ક્રાંતિનાં દર્શન સામા જીવમાં જો જરા પણ ભાવના પ્રગટેલી હોય તો થયા વિના રહેતાં નથી. પ્રભુકૃપાથી તેથી આપણે આપણા કર્મમાં, સંબંધમાં, વ્યવહારમાં ગતાનુગતિકપણે ન ચાલતાં કે ન વર્તતાં ક્રાંતિ પ્રગટાવી શકીએ તેવી રીતે આપણે ચાલવાનું – વર્તવાનું હોય.

સ્વજન : આપે ચાહવાની વાત કરી છે પણ એમાં આપણે તટસ્થ અને નિર્મોહી કેવી રીતે રહી શકીએ ?

શ્રીમોટા : ચાહ્યા કરવામાં જ દિલનો સાચો ધર્મ છે. કોઈનાં રીતરસમ જોઈને ચાલવાનું રાખવું એટલા પ્રમાણમાં ચાહવાની ભાવનામાં ઊણપ પ્રગટવાની જ. ચાહવામાં કોઈ શરત ના હોઈ શકે, તેથી કરીને જેને આપણે ચાહતા હોઈએ તેને આપણે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જે કહેવું હોય તે સ્પષ્ટતાથી અને નિર્ભયતાથી તો જરૂર કહી શકીએ. જ્યારે ખરેખરું દિલમાં દિલથી દિલનું ચાહવાનું પ્રગટે છે ત્યારે તેમાં શરમ, સંકોચ કે ભય જેવું કશું હોતું નથી. અને એવું ખરેખરું ચાહવાનું સંપૂર્ણપણે તેની ઉત્તમ કક્ષામાં પહોંચે છે ત્યારે તેવા ચાહવાપણામાં ચાહવાપણું હોવા છતાં નિર્મમત્વ, નિષ્કામ, નિર્મોહ, નિરાગ્રહ વગેરે બધા ભાવો પણ પ્રગટી શકે છે. એવું ચાહવું એટલે જ જીવનનો વિકાસ કર્યા કરવો ને આપણે જે ચાહવાનું છે તે ચાહવાની ખાતર આપણા પોતાના માટે જ. બીજો કોઈ તેમ કરે કે ના કરે તેવી બીજી કોઈ અપેક્ષા ચાહવાની ભાવનામાં હોતી નથી.

સમાજમાં જેને અધમમાં અધમ ગણતા હોય તો તેવાને જો મળવાનો પ્રસંગ ઊભો થાય તો આપણે તેને પ્રેમથી નવાજીએ પણ ખરા. અનેક પ્રકારના પૂર્વગ્રહોની સમજણથી માનવમન મર્યાદિત થઈ ગયેલું હોય છે. એટલે તેવી સમજણોથી મોકળા થવાય તો ઉત્તમ.

તા. ૧૦-૪-'૬૭

☆ ☆ ☆

પ્રેમની ભાવનામાં અનેક પાસાં છે. પ્રેમમાં કરુણા પણ છે, કઠિનાઈ પણ છે, કોમળતા પણ છે, સહાનુભૂતિ ને હમદર્દી પણ હોય અને સંપૂર્ણ નિઃસ્પૃહી પણ હોય. અને સામસામા પરસ્પર વિરોધના એવા ભાવોમાં તેનું વહન થવાપણું હોય. તે સાથે સાથે તેવા પરસ્પર વિરોધી ભાવોની મધ્યમાં પણ વહેતો અનુભવી શકાય. પ્રેમના ભાવને એની સમગ્રતાથી સમજી શકવો મુશ્કેલ છે અને એ આપણું ગજું પણ નહિ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આપણા જેવાએ તો એને જ્ઞાનભક્તિપૂર્વક સમજી સમજીને જીવનમાં ઉતારીને તે પ્રમાણે વર્તતાં શીખીએ ત્યારે પત્તો ખાય.

તા. ૧૬-૧-'૬૩

ક્રાન્તિ પ્રેરનારું જીવન

સ્વજન : આપ ઘણી વાર કહો છો કે ક્રાન્તિને પ્રેરનારું જીવન એ જ ખરું 'જીવન' કહેવાય. પણ ફેરફાર તો કુદરતી રીતે થયા જ કરે છે, એમાં આપણે શું કરવાનું ?

શ્રીમોટા : દરેક જીવના સંજોગો કંઈ એકસરખા હોતા નથી. એ તો જુદા જુદા હોય. પરંતુ બીજાઓના જીવનમાંથી આપણે શીખવું હોય તો ઘણું શીખી શકીએ.

એક સાક્ષરે લખ્યું છે કે,

"ક્રાંતિને પ્રેરનારું જે જીવવું 'જીવવું' હજો."

આપણા વર્તનમાં કોઈ ને કોઈ પ્રકારની ક્રાન્તિનો હેતુ જીવંત હોય તો જ જીવનમાં સાચો ફેરફાર થવાની શક્યતા ઊગી શકે. નહિતર જીવનમાં ફેરફાર તો થયા જ કરવાનો. કારણકે ફેરફાર પણ એ કુદરતી ક્રમ જ લાગે છે. જે ફેરફારમાં કોઈ હેતુની ચેતનાત્મક જાગૃતિપૂર્વકની સમજણ પ્રગટેલી હોતી નથી તેવા મૂઢ થતા રહેતા ફેરફારથી ક્રાંતિ પ્રગટી શકતી નથી. ક્રાંતિની મૂળ ભૂમિકામાં તો ભૂતળમાં ભારે દાવાનળ પ્રગટેલો હોય છે. ધરતીકંપમાં ભૂતળમાં જેમ ભયંકર ઉલ્કાપાત થતા હોય છે અને પછી તે તેમાંથી બહાર ધસી પડે છે તેવું જ ક્રાંતિનું સમજવું. ક્રાંતિ પ્રત્યક્ષ પ્રવર્તતી હોય છે. તે પહેલાં ઘણાય કાળથી તેની અંતરતમ ભૂતળમાં અનેકગણા વેગથી તેની પ્રક્રિયામાં ગતિમાન થઈ ચૂકેલી જ હોય છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આ રીતે વિચારી જોતાં આપણા જીવનમાં જો ક્રાંતિ પ્રગટવાની હોય તો આપણા હાલના વર્તનમાં-વ્યવહારમાં, સંબંધમાં અને મનનચિંત્વનમાં તેવી ક્રાંતિના ધબકારા ગતિમાન થયેલા આપણે અનુભવી શકીએ છીએ ખરા ? ક્રાંતિનો વેશ બધાંથીએ અનોખો હોય છે. એની ચાલ પણ સીધી નથી હોતી. ક્રાંતિ કેવું સ્વરૂપ પ્રગટાવશે કે પ્રગટ કરશે તે વિષે કશું નિશ્ચિત કહી શકાતું નથી. આધ્યાત્મિક જીવનમાં સ્વરૂપના પરિણામની નિશ્ચિતતા હોઈ શકે તેમ છતાં ક્રાંતિ જ્યારે પ્રગટે છે ત્યારે તેના આકરામાં આકરા પ્રવાહોમાંથી આપણે પસાર થવું પડે છે, તેવા આકરા પ્રવાહોમાંથી પસાર થવા માટે આજની આપણી તૈયારી કેટલી છે ? તેનો માનવીએ વિચાર કરવો ઘટે. શેના શેનાથી મોકળા થવા માટે હાલમાં આપણે ઉદ્યત થઈ રહ્યા છીએ તેની સભાનતા છે ખરી ? અનેક પ્રકારની સાચી અને યોગ્ય પ્રકારની સમજણ એ તો ઊલટી આપણને વધુ જકડી રાખે છે. તેનાથી મુક્ત થવાને આપણને તાલાવેલી લાગેલી છે ખરી ? એવી સમજણો આપણને પકડી રાખે છે ખરી ? આ બધું આ પંથના પથિકે બરાબર ઊંડામાં ઊંડું વિચારવું ઘટે. ઘણા લોકો ગાય છે કે ''પંથ આ ન્યારો'' પણ એ તો માત્ર બુદ્ધિની કોરી સમજણો હોય છે. માટે ઘણું વિચારવું અને સાહસ-હિંમત પ્રગટાવવાં. તો જીવન ક્રાન્તિ પ્રેરનારું બની શકે.

જીવનના હેતુની સભાનતાવાળું જીવન જ ક્રાન્તિ પ્રેરાવી શકે.

તા. ૬-૪-'૬૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જીવનની સમગ્રતા અને સળંગતા

સ્વજન : જીવનની સળંગતા અને સમગ્રતાની દૃષ્ટિએ આ જીવન એક તબક્કા જેવું છે. અમને આ જીવનની સમગ્રતાનો અનુભવ ક્યારે થાય ?

શ્રીમોટા : જીવન એ એક વહેતો પ્રવાહ હોવા છતાં તે સાથે સાથે તેમાં એક સળંગ સમગ્રતા અને એક પ્રકારની અખંડતા અને સળંગતા તેમાં પ્રગટેલાં ચાલું રહ્યાં જ કરેલાં છે. આપણું હાલનું જીવન તેવા જીવનની સમગ્રતાની અને સળંગતાની માળાનો માત્ર એક છૂટો મણકો છે. એવા એક છૂટા મણકાને લઈને માળા વિષે વિચારવાનું કરીએ તો તેવું વિચારવું યથાર્થ ના ગણાય. તેવી રીતે હાલનું જીવન તે તો એક સમગ્રતા ને સળંગતાથી વિખૂટું પડેલું એક તબક્કારૂપે છે. ખરી રીતે તો તેવી સમગ્રતાથી અને સળંગતાથી વિખૂટું પડેલું નથી. દરેક જે કંઈક છે તેની તેની સમગ્રતા અને સળંગતા પણ છે. પરંતુ જ્યારે આપણે હાલના જીવન વિષે વિચારીએ છીએ ત્યારે ત્યારે જીવનની સમગ્રતા અને સળંગતાનો આપણને ખ્યાલ કદી પણ જાગી શકતો નથી. જીવનની સમગ્રતા અને સળગંતાનાં દર્શન થવાં તે મારા તારા માટે શક્ય પણ નથી. સમગ્રતા ને સળંગતાને અનુભવવા કાજે કોઈ જુદા જ પ્રકારનું દિલ જોઈએ, દ્વંદ્વાતીત અને ગુણાતીત સ્થિતિમાં જ તેવું નિમિત્ત સાંપડી શકે તો તેવું જાગી શકે.

આ જીવનનાં અનેક પૂર્વજીવનો છે એનું સૌથી પ્રથમ ભાન મને ગીતા માતાએ જેલમાં કરાવ્યું. ગીતાનો ગુજરાતીમાં સારરૂપે અનુવાદ કરતાં કરતાં અને તેનું હાર્દ સમજતાં સમજતાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હાલનું આપણું જીવન તે એકલું નોંધારું ને છૂટું પડી ગયેલું જીવન નથી. પરંતુ હાલનું જીવન તો અનેક પૂર્વે થઈ ગયેલા જીવનના અનુસંધાનના અંકોડારૂપે મળેલું છે. તેવા અભ્યાસ વેળા મને સમજાયું કે હાલના જીવનની કોઈ હકીકત કે પ્રસંગો ઉપરથી તેનું તેટલું જ મૂલ્યાંકન કરવું તે બરાબર નથી. કેટલીયે પરાપૂર્વની અનુભૂતિના સંસ્કાર ઉપરથી હાલનું જીવન આપણને મળેલું છે. કેટલીયે બધી અનુભૂતિઓના સંસ્કાર કે જેની આપણને ખબર પડી શકી નથી, તેવા સંસ્કાર પણ આપણા સુષુપ્ત મનમાં પડી રહેલા હશે જ. એટલે હાલના આપણા જીવનમાંથી કેટલી કેટલી નવી નવી શક્યતાઓ પાંગરી શકે ને એવી શક્યતાઓ વિષેનો વિશ્વાસ અને નવી શ્રદ્ધા ત્યારે મને દિલમાં સાંપડી. આપણે જેવાં ને જેટલાં છીએ તેટલાં જ માત્ર નથી. તેમાં ખરેખરો પ્રેમભક્તિ-જ્ઞાનપૂર્વકનો વિશ્વાસ આપણને પ્રગટી જવો જોઈએ. તેવો હૃદયમાંથી પ્રગટેલો વિશ્વાસ તે માત્ર બુદ્ધિગમ્ય કે કલ્પનાગમ્ય નથી હોતો. જીવનને જો આપણે તેની સમગ્રતામાં ને સળંગતામાં વિશ્વાસ-શ્રદ્ધા રાખીએ તો હાલ આપણે જેટલાં ને જેવાં છીએ તેનાથી પણ વિશેષ પ્રકારનાં હોવાની શક્યતા છે જ. તેવો વિચાર એ સદ્ધર વાસ્તવિકતાની ભૂમિકા ઉપર રચાયેલો છે. આ શ્રદ્ધા જો આપણા દિલમાં શ્રદ્ધાપૂર્વક ઊતરી જાય તો આપણે ઘણું કરવાને શક્તિમાન થઈ શકીએ.

તા. ૧૩-૧-'૬૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દિલ લગાડો

સ્વજન : જીવનને પ્રભુમય બનાવવાનું મન તો છે, પણ મને એમ થાય છે કે જીવનનો તો અંત આવવાનો છે. હવે કશું થઈ શકે એમ નથી. – તેથી હવે થાય પણ શું ?

શ્રીમોટા : જેને જીવનમાં કંઈ કશું પણ નક્કરપણે વાસ્તવિકતાથી કરી જવાનું દિલ પ્રગટ્યું છે તેવા માનવીને કદી જીવનના અંતનો વિચાર આવી શકતો નથી. કંઈક કશું કરી જવાનું દિલ જેને પ્રગટ્યું છે એના મનની મનન-ચિંતવનની ધારા કોઈ ઓર પ્રકારની હોય છે. આપણે જેવા થવું છે તેનું જો મનન-ચિંતવન એકધારું આપણા દિલમાં જ પ્રગટતું હોય તો આપણે સમજી લેવું કે કંઈ જ કશું કરવા પરત્વેનું આપણું દિલ પ્રગટ્યું નથી. જેણે કંઈક પણ કશું કરવું જ છે તેનું મન, નજર, દિલ બહારના પ્રસંગો ઉપરથી હઠી જતું હોય છે, તે વિશેષ ને વિશેષ પોતાનામાં ઊંડો ઊતરતો જાય છે. આ હકીકત આપણા દિલમાં બનતી જતી ઉદ્ભવતી-આપણને પોતાને જો સાચી રીતે લાગે ત્યારે જ મને તો ખાતરી થાય કે આપણું દિલ કંઈક કરવાપણા વિષે ઉદ્યત થયેલું છે ખરું.

તા. ૩૦-૧-'૬૩

મુક્ત સાથેનો સ્નેહભાવ

સ્વજન : મોટા ! આપ જણાવો છો કે આપણા આ જીવનમાં જે કાંઈ બને છે, જે કોઈ મળે છે એ આપણા પૂર્વકર્મનું પરિણામ છે, તો સર્વ કોઈ સાથે કેવા ભાવથી વર્તવાથી જીવન પ્રભુમય બની રહે ?

શ્રીમોટા : હા, પ્રભુકૃપાથી જે કંઈ મળ્યા કરે છે તે આપણા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પોતાના જ કર્મનું પરિણામ છે. અનેક જીવોની સાથે આ સંસારવ્યવહારમાં પ્રેમથી, સદ્‌ભાવથી અને હૃદયના ભાવસંબંધથી પ્રગટેલાં અનેક પ્રકારનાં સગપણ એ પણ જીવનમાં આપણને ઉપયોગી થઈ પડે છે. આ સંસારવહેવારમાં કોઈનીયે સાથે હળવા-ભળવા-મળવાનું થાય ત્યારે તેની સાથે દિલની ગોઠડીથી અને હૈયાના ઉમળકાથી તે વેળા તેમને તેમને ચાહી ચાહીને એક માત્ર હૃદયના ભાવનું મહત્ત્વ પ્રગટાવીને મળવાનું થાય તો તે જીવનમાં ફલિત થઈ શકવાનું છે તે નક્કી જાણવું. જો આ હકીકત આપણી બુદ્ધિ સ્વીકારતી હોય અને આપણને ગળે ઊતરતી હોય તો ભગવાનને પંથે પડેલા અને વળેલા અને એ પંથે આગળ ને આગળ ડગ ભરતા જનારા અને વિકાસપંથમાં પ્રકાશમાં પ્રગટેલા એવા આત્માની સાથે તે દિલનો ભક્તિભર્યો સંબંધ આપણા જીવનમાં કેટકેટલે ઠેકાણે અને પ્રસંગે ગૂઢ અને સૂક્ષ્મપણે અનેક રીતે આપણને મદદકર્તા નીવડે છે એવો મારો પોતાનો જાત-અનુભવ છે.

તેથી જ છેક નાનપણથી માંડીને અત્યાર સુધી બધાંને દિલથી ચાહ્યા કરવાનું ભગવાને સુઝાડ્યું અને એવી ચાહ્યા કરવાની જે મૂળમાંથી એક પ્રકારની ભાવના પ્રગટેલી તેને લીધે જ આ પ્રભુપંથે એની કૃપાથી વળી શકાયું. નહિતર તો સમાજનો હું એક ભયંકર શત્રુ બની ચૂક્યો હોત. ગરીબો પરત્વેની સમાજની અવહેલના-અન્યાય, તેમના પરત્વેનો અયોગ્ય વર્તાવ અને તેમના પરત્વેની હીણપત ભરેલી તેમની દૃષ્ટિ-આ બધાંનો મને ઠીક ઠીક અનુભવ છે. એ બધાંને ચાહ્યા કરવાનું ભગવાને મને ના સૂઝાડ્યું હોત તો ભયંકરમાં ભયંકર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કોમ્યુનિસ્ટ બની ગયો હોત. પરંતુ હવે તો ચાહ્યા કરવાની ભાવનાથી સમાજમાં પ્રેમ, સદ્‌ભાવ, સુમેળ, વગેરે ભગવાન કૃપાથી પ્રગટે અને એ જ ભાવથી અને હેતુથી ભગવાનની કૃપાથી જે જે બધાં મળ્યાં કરે છે તેમને તેમને મારે ફરી ફરીને ઉપરની મતલબનું જ કહેવાનું બન્યા કરે છે. સુમેળ, સદ્‌ભાવ- આ બધું ધરાવતાં અને દ્રઢાવતાં દ્રઢાવતાં, જે કંઈ સહેવાનું આવે તે પ્રેમથી કરવું. અન્યાયની સામે ન્યાય કરવો, વેરની સામે મૈત્રી કેળવવી ને અપકારીની સામે પરોપકાર કરવો. પણ આ બધું કરતાં કરતાં આપણે પોતે તેવી ભાવના કેળવતાં જતાં શ્રી પ્રભુપ્રીત્યર્થે એવી જ ભાવના કેળવવી ને આપણે જે કંઈ કરીએ છીએ તે પોતાના હિતની ખાતર ને સ્વવિકાસાર્થે જ કરીએ છીએ તેવા હેતુનું સભાનપણું પણ કેળવતા રહેવું. તેવા ભાવથી બીજા સાથે વર્તવાનું આપણા પોતાના હિત ખાતર છે તે ભાવને એકાગ્ર ને કેન્દ્રિત કરવો.

તા. ૩-૪-'૮૪

ભાવ

સ્વજન : મોટા ! આપના પ્રત્યે અમારા દિલમાં ભાવ જાગે ત્યારે અમે વિચાર-વૃત્તિઓથી મુક્તિ અનુભવીએ ખરા ?

શ્રીમોટા : જ્યારે જિજ્ઞાસા પરત્વેનો અને જિજ્ઞાસાથી પ્રેરાઈને હૃદયમાં જીવન પરત્વેનો ખરેખરો ભાવ પ્રગટે છે ત્યારે મનાદિકરણની જીવદશાની વૃત્તિઓ (જે ભાવ પ્રગટેલો હોય તેની પહેલાંની સ્થિતિ કરતાં-તે બધું જેવું હોય તેના કરતાં- દિલમાં ભાવ પ્રગટેલો હોય ત્યારે તે તે વૃત્તિ), વિચાર, લાગણી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વગેરેનો પ્રકાર પણ જુદો હોય. ભાવ પ્રગટે એટલે આપણે જીવદશાથી મુક્ત થઈ જઈએ છીએ તેવું કશું નથી હોતું, પરંતુ વૃત્તિ, પવન આવે ત્યારે પતંગને દોરથી કરીને ઊંચી ઉડાડી શકાય તેવી રીતે, હૃદયમાં જ્યારે ભાવના પ્રગટે ત્યારે જીવદશાની વિચારવૃત્તિ વગેરે અંગેની તે પ્રમાણે ઊર્ધ્વગતિ સાધારણ રીતે થયા કરતી હોય છે. આ માત્ર અનુમાનનો વિષય નથી. પણ અનુભવની સ્થિતિ પણ તેમ હોય.

ભાવ પ્રગટે તે કાળમાં જીવદશાની વૃત્તિ, વિચાર વગેરેમાં સુમેળ પ્રગટે અને જો તેમ ના થાય તો તે ભાવ નહિ. જેમ માનવીને ક્રોધ પ્રગટે ત્યાંરે આગળ - પાછળનાનું તેને ભાન રહેતું નથી અને એકલા ક્રોધમાં તે આવરાઈ જાય છે તે સર્વના અનુભવની હકીકત છે, તેવી રીતે દિલનો ખરેખરો ભાવ પ્રગટે તો તે પ્રમાણે થવું ઘટે. બાકી તો આપણે બધાં જે બધું ભાવ અંગે બોલીએ તે બધું મનાય તેવું હોતું નથી. માટે હવે આપણે બધાં સાબદાં બનીએ ને જાગીએ તો ઘણું સારું. જો તારો મારા પરત્વેનો દિલનો ખરેખરો ભાવ જાગેલો હોય તો કોઈને કોઈ રીતે મને મદદ થઈ શકે ને તે મદદ માત્ર વિચારમાં ના રહે. તેમાં ક્રિયાત્મક ગતિશીલતા પ્રગટે તો જ હું તો તેને ભાવ સમજું છું.

સ્વજન : આ તો 'ભાવ' વિષે હું જે કાંઈ સમજું છું એના કરતાં તદ્દન વિશિષ્ટ જ બાબત છે.

શ્રીમોટા : હા, ભાવ તો ડાયનેમિક છે. ડાયનેમિક એટલે સતત એકેક પગલામાંથી પછી ઊર્ધ્વગમનની પરિસ્થિતિ પરત્વે દોરી જનારી કોઈ ભાવાત્મક સંચાલન કરતી અને ક્રિયામાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રવેશનારી સ્થિતિ. એવો ભાવ પ્રગટ્યા વિના આપણાથી કંઈ કશું બની શકવાનું નથી. ભાવ પ્રગટે ત્યારે જો તે મનાદિકરણને સ્પર્શી શકતો ના હોય તો તે ભાવ જ નહિ. થીંગડાથી મને કદી સંતોષ વળતો હોતો નથી. અત્યાર સુધી તેમ થવા દીધું પણ છે, તે એમ સમજીને કે મારાં સ્વજનને મારા પરત્વે ખરેખરો પ્રેમ પ્રગટ્યો હશે તો તે જાગ્યા વિના તો નહિ રહે, કારણકે પ્રેમભાવનું સ્વરૂપ ને લક્ષણ તો તે જ છે. કોઈ કહેશે કે ''સો એ સો ટકા જાગે ત્યારે તેમ બને'' તો તે વિધાન ખોટું છે. દિલના સાચા ભાવની કે પ્રેમની ગતિશીલતા પ્રગટે તો તેવા પ્રકારના કર્મમાં તે પ્રવેશ પણ કરાવે. આ તો આપણા ભાવમાં ગતિશીલતા હજુ વરતાતી નથી. માત્ર થોડીઘણી બૌદ્ધિક સમજણ જેવું હોય. પણ દિલના ભાવ વિનાની સમજણ સાવ બુઠ્ઠી છે. પ્રભુકૃપાથી મારા જીવનમાં કોરી સમજણ ઉપર વધુ મદાર રાખ્યો નથી. અને મને ખરેખરા અનુભવથી ખાતરી છે કે ભાવ પ્રગટતાં બુદ્ધિની સમજણ પ્રગટી શકે છે. એટલે જ મારી તો વિનંતી છે કે તેવો ભાવ પ્રગટાવવાને મથ્યા જ કરવું અને તેને જ મહત્ત્વ આપ્યાં કરવું જરૂરી છે. બાકી તો બીજું બધું આળપંપાળ છે. એટલે જેમ જિજ્ઞાસાના સાતત્ય વિના સાધનનું સાતત્ય પ્રગટવું મુશ્કેલ છે, તેવું જ આમાં પણ સમજવું. એક તો આત્મનિવેદન થતી વેળા તેના હેતુની સભાનતા પણ આપણા દિલમાં પ્રગટેલી હોવી ઘટે અને બીજું તેવી પળે જેને નિવેદન કરતાં હોઈએ તેના ચેતનાભાવની જાગૃતિ આપણા દિલમાં હોવી જોઈએ. નિવેદન કરાતી પળે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આવી જાગૃતિ હોય જ તો તે નિવેદન-આત્મનિવદેન-એક સાધન છે તેમ લેખાય.

સ્વજન : આવું તો અમારાથી ના બને !

શ્રીમોટા : જો આપણને એક વખતે એ સાધનની સાચી સમજણ ઊગી હોય અને જો તે પરત્વેની જિજ્ઞાસા જાગેલી હોય તો તો તેવો પ્રયત્ન થઈ શકે ખરો. ખાલી બૌદ્ધિક સમજણ હોય અને જિજ્ઞાસા જાગી ના હોય તો તેવા પ્રયત્નમાં કશી બરકત પ્રગટવાની નહિ, તે વાત પણ સાચી. તેવા પ્રયત્નના મૂળમાં દિલની ખરેખરી જિજ્ઞાસા પ્રગટેલી હોતી નથી.

તા. ૭-૧૨-'૬૨

હરિઃ ૐ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્મરણભાવના

-શ્રીમોટા

(હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ પ્રેમથી;
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ રીતથી;
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી....૧

જીવનતણા અતિશય કઠણ દારૂણ ઝંઝાવાતમાં,
ને સહુ દિશે સૂઝે નહિ એવાં જીવન અંધારમાં;
જીવનતણી ચડતી અને પડતી મહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં....૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં;
જે જે કંઈ કરતાં,બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં....૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝગડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં;
દિલની અમુંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં....૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મનવાસનામાં, પાપમાં, ચિત્તના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન હૃદયમાં....૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઈન્દ્રિયોના વિષયમાં,
અમ શરીરકેરા રોમરામે, હૃદય કેરા લોહીમાં;
રગ રગ મહીં, નખશિખ મહીં ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન હૃદયમાં....૬

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ખટ રસતણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત્ત પ્રેરણા મહીં, પ્રાણમાં;
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં....૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું;
વિખૂટું પડેલું માડીથી હર પળ કરે શું આરડ્યાં,
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં....૮

જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સૌ રંગમાં,
જીવનતણા એ અટપટા આડા-ઊભા સૌ તારમાં;
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવન-ભાતમાં,
રસીલું વણાયાં ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં....૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારમાં વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં;
પત્ની અને પરિવારમાં છો ને પરોવાયેલ હો,
તે તે દશામાં હે પ્રભો ! તુજ નામ પ્રિય હૈયે વસો...૧૦

પ્રિય નામ - સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવનઅંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફુલવજો, ફળવજો;
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયારૂપે તુજ પ્રેમની...૧૧

સારાય જીવન-પટ તણા તાણા અને વાણા વિષે,
ભીંજાયલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયલા;
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયલા,
એવું પ્રભુપદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા...૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું નથી કથીને કથે;
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું.
હીરા કને જયમ કાચ એવો સાવ હું નાદાન છું...૧૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સાધના-મર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ; સાથેસાથે હૃદયપ્રદેશે ધ્યાન. તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ : સારું તેમજ નરસું – બન્નેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ; વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો, અને ખૂબખૂબ શરંણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો; નમ્રતા કેળવો; શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર ને આર્તભાવથી પ્રાર્થના કરો; ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો; તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો; મનમાં કશુંયે ઘોળાવા ન દો.ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો; જરાયે કચવાટ વિના તે ખૂબ પ્રેમપૂર્વક કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી- અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાની) સેવા પ્રભુની સેવા સમજો; સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે ને રામને દઈએ છીએ. ત્યાં ''મારું મારું'' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું જીવંત લક્ષ રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે ને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ-ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક ને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ, લાગણીને એમ ને એમ વહી જવા ન દો; તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો; તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે, પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી; શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઈત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મ તત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषु ની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ; કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો; વાદવિવાદ ના કરો; પોતાનો આગ્રહ ન રાખો; બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો; માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રકટાવો; ખૂબ પ્રેમભાવ કેળવો; પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો; ફળની આસક્તિ છોડો; પોતાને થતા અન્યાયો - આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દ્રઢાવો; ગુરુમાં પ્રેમભક્તિભાવ દ્રઢતર કર્યા કરો; અભીપ્સા, ઈન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્ભવાવો; સદાય પ્રસન્નતા પ્રવર્તાવો; કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઊતારો; પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો; મન નિઃસ્પંદ કરો; ક્યાંયે કશામાંથી ભાવવાનું ના હોય; યદચ્છ્યા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો; અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારું સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે; પ્રભુમય - તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો.

- શ્રીમોટા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હરિઃ ૐ

આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ....ૐ શરણ.

મન વાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ....ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ....ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ....ૐ શરણ.

મનના સકળ વિકારો, પ્રાણ તણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિ તણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ....ૐ શરણ.

જેવા હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી કરજો (૨) સ્પષ્ટ જ પરખાવા. ....ૐ શરણ.

દિલમાં કૈંક ભર્યું હો, એ થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ....ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ....ૐ શરણ.

મન, મતિ, પ્રાણ પ્રભુ! તુજ ભાવ મહી ગળજો, પ્રભુ, (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ....ૐ શરણ.

- શ્રીમોટા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હરિઃ ૐ

પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

તા. ૪-૯-૧૮૯૮ : જન્મ : સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ, માતા : સૂરજબા : પિતા : આશારામ

૧૯૧૬ : પિતાનું અવસાન

૧૯૦૫ થી ૧૯૧૮ : તૂટક અભ્યાસ - સાથે આકરી મજૂરી.

૧૯૧૯ : મેટ્રિક પાસ

૧૯૧૯-૨૦ : વડોદરા કોલેજમાં.

તા. ૬-૪-૧૯૨૧ : કોલેજ ત્યાગ.

૧૯૨૧ : ગૂજરાત વિદ્યાપીઠ.

૧૯૨૧ : વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

૧૯૨૨ : ફેફરુના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ પરથી આત્મહત્યાનો પ્રયાસ; દૈવી બચાવ; 'હરિઃ ૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

૧૯૨૩ : 'તુજચરણે' તથા 'મનને'ની રચના.

૧૯૨૩ : ની વસંતપંચમીએ પૂ. બાલયોગીજી દ્વારા દીક્ષા. શ્રી કેશવાનંદ ધૂણીવાળા દાદાના દર્શને-સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

૧૯૨૬ : લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

૧૯૨૭ : હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃ ૐ' જપ અખંડ થયો.

૧૯૨૮ : પહેલી હિમાલય યાત્રા.

૧૯૨૮ : સાકોરીના પૂ. ઉપાસનીબાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું - ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

૧૯૩૦ : મનની નીરવતાનો સાક્ષાત્કાર.

૧૯૩૦ થી '૩૨ દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ - મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું - 'જીવનગીતા'

૧૯૩૪ : સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૧૯૩૪ થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરીબાવા પાસે જવાનું બન્યું; ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદા કિનારે ખુલ્લામાં શિલા પર નગ્ન બેસીને સાધના; શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

૧૯૩૯ : ૨૯-૩-૩૯ : રામનવમી સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવકસંઘમાંથી રાજીનામું.

૧૯૪૦ : વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

૧૯૪૨ : હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યા છાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

૧૯૪૩ : ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

૧૯૪૫ : હિમાલયની યાત્રા – અદ્ભુત અનુભવો.

૧૯૪૬ : હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌન-એકાંતનો આરંભ.

૧૯૫૦ : દક્ષિણ ભારતના કુંભકોણમમાં કાવેરી નદીને કિનારે હરિઃ ૐ આશ્રમની સ્થાપના (૧૯૭૬માં દેહ-ત્યાગ પછી આ આશ્રમ બંધ કરાયો.)

૧૯૫૪ થી સૂરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌન એકાન્તનો આરંભ.

૧૯૫૫ : નડિયાદ શેઢી નદીને કિનારે હરિઃ ૐ આશ્રમની સ્થાપના.

૧૯૫૬ : સૂરત-કુરુક્ષેત્રમાં હરિઃ ૐ આશ્રમની સ્થાપના.

૧૯૬૨ થી હરિઃ ૐ આશ્રમ દ્વારા લોકકલ્યાણનાં કાર્યોનો આરંભ.

૧૯૬૮ થી ૧૯૭૫ : શરીરના અનેક રોગો – સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન – પ્રકાશન.

૧૯૭૬ : ફાજલપુર – મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૭૬ના રોજ માત્ર છ જણાંની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' – અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતના પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં આપવાની સૂચના.

હરિઃ ૐ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પૂજ્ય શ્રીમોટનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. ગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET ('તુજચરણે'નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND ('મનને'નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle ('જીવનસંગ્રામ'નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. જીવનઆહ્લાદ (પદ્ય)
૪૨. જીવનતપ (પદ્ય)
૪૩. જીવનસૌરભ (પદ્ય)
૪૪. જીવનસ્મરણ સાધના(પદ્ય)
૪૫. જીવનરંગત (પદ્ય)
૪૬. જીવન મથામણ (પદ્ય)
૪૭. કૃપા (પદ્ય)
૪૮. સ્વાર્થ (પદ્ય)
૪૯. શ્રીસદ્‌ગુરુ (પદ્ય)
૫૦. જીવનકથની (પદ્ય)
૫૧. પ્રેમ (પદ્ય)
૫૨. જીવનસ્પંદન (પદ્ય)
૫૩. મોહ (પદ્ય)
૫૪. ગુણવિમર્શ (પદ્ય)
૫૫. જીવનપગદંડી (પદ્ય)
૫૬. જીવનકેડી (પદ્ય)
૫૭. જીવનચણતર (પદ્ય)
૫૮. જીવનઘડતર (પદ્ય)
૫૯. ભાવકણિકા (પદ્ય)
૬૦. ભાવરેણુ (પદ્ય)
૬૧. ભાવજ્યોતિ (પદ્ય)
૬૨. ભાવપુષ્પ (પદ્ય)
૬૩. ભાવહર્ષ (પદ્ય)
૬૪. જીવનપ્રવાહ (પદ્ય)
૬૫. જીવનપ્રભાત (પદ્ય)
૬૬. કર્મ-ઉપાસના (પદ્ય)
૬૭. મૌનએકાન્તની કેડી (પ્રવચન)
૬૮. મૌનમંદિરનું [illegible] (પ્ર[illegible])
૬૯. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૦. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા (પ્રવચન)
૭૨. શેષ-વિશેષ (સત્સંગ)
૭૩. જન્મ-પુનર્જન્મ(સત્સંગ)
૭૪. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૫. અગ્રતા-એકાગ્રતા(સત્સંગ)
૭૬. જોડાજોડ (સત્સંગ)
૭૭. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૮. ગ્રહ-ગ્રહણ (સત્સંગ)
૭૯. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૦. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૧. કેન્સરની સામે(પત્રો)
૮૨. ધનનો યોગ
૮૩. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૪. સંતહૃદય (પત્રો)
૮૫. સમય સાથે સમાધાન (પત્રો)

આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દિલનું દાન

હૈયાથી કરેલ ને ખચકાયા વિના કરેલ સાફ, પૂરું ઠલવાયેલ આત્મનિવેદન અમને ઘણું ઘણું વહાલું લાગે છે. એવો જીવ અમારું સ્વજન થઈ ચૂકેલ છે. એવાને પછી ભલે મળવાનું બને કે ન બને; ભલેને તેવો જીવ પોતાની ઘટમાળમાં અમને ભૂલી ગયો હોય, પરંતુ તે અમારાથી ભુલાઈ શકાતો નથી.

ભાવે અપાયેલાં કે અપાતાં હૈયાં, તે તો જીવવા કાજેનો ખોરાક છે. તેથી આપવું હોય તો હૈયાના પૂરા ઉમળકાથી, પોતાના જીવનવિકાસના હેતુ કાજે, કોઈ પણ જાતની અંદરની કે બહારની (સ્થૂળ, સૂક્ષ્મ કે કારણ) શરત વિના આપજો. જેમાં પારદર્શક ભાવથી છલકાતું હૈયું નથી, તે અમને ખપતું નથી.

જો હૃદયના સાચા ભાવથી 'મોટા' ને યાદ કરશો તો 'મોટા' એ કંઈ માટીનું ખાલી પૂતળું નથી. જેમ સહુ કોઈનામાં ચેતન છે, એમ એમનામાં જાગતું ચેતન છે તેનો તમને અનુભવ થશે. 'મોટા'નો તમને હૃદયથી એકવાર અનુભવ થયો તો તમને ઘણી જ હિંમત આવી જવાની છે, પછી તમે 'મોટા'ને કદી જ છોડી શકવાના નથી.

પ્રભુકૃપાથી, તમને મળેલા સ્થૂલ ઐશ્વર્યનો મારે ખપ નથી. જીવનના આધ્યાત્મિક ઐશ્વર્ય આગળ બીજાં ઐશ્વર્યો ઝાંખા પડી જાય એવાં હોય છે. બધાં સ્વજનોનાં એવાં ઐશ્વર્યવંત જીવન બને એ જ મારે તો જોવું છે. ત્યાં સુધી ભલેને લાખો જન્મ લેવાના આવે, તોય પ્રભુપ્રસાદી જ હશે.

'જીવનપોકાર' અને 'જીવનપ્રેરણા'માંથી.

ટાઈટલ : સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદ–૩૮૦૦૨૨.

Dr. Urmila Sharma Collection, Varanasi